

# જૈન સાધુની હિમાલય યાત્રા

ભાગ-૧

લેખક : આ. હાર્દિકરત્નસૂરિ



प्रारम्भ
रेंज



# હિમાલય યાત્રા

## (જૈન સાધુની હિમાલય પદયાત્રા)

ભાગ-૧

:: લેખક ::
પ.પૂ. આચાર્ય વિજય હાર્દિકરત્નસૂરીશ્વરજી મ.સા.

:: પ્રકાશક ::
શ્રી અરિહંતસિદ્ધસૂરિ જૈન ગ્રંથમાલા પ્રકાશન, પાલીતાણા (ગુજ.)

પુસ્તક નામ : હિમાલય યાત્રા
(જૈન સાધુની હિમાલય પદયાત્રા)

લેખક : આ. હાર્દિકરત્નસૂરીશ્વરજી મ.સા.

ભાષા : હિન્દી - ગુજરાતી

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૦

વીર સંવત્ : ૨૫૪૭

વિક્રમ સંવત્ : ૨૦૭૭

ઇસવી સન્ : ૨૦૨૧

તીથી : વૈશાખ સુદી ૩, અક્ષય તૃતિયા
શ્રી ઋષભદેવ પારણા દિન

કિંમત : રૂ. ૧૦૦૦/-

**ફોટોગ્રાફી :** રાજેન્દ્ર પીતળિયા (પાલીતાણા), સંજય વડોદરા, ડાભી લાભુભાઈ (પાલીતાણા),
ગણપતભાઈ કુમાવત (કિશનગઢ), વસંતભાઈ (ઉડીસા), હર્ષિત ભંડારી

**પ્રકાશક :** **આ.વિ. અરિહંતસિદ્ધસૂરિ જૈન ગ્રંથમાલા પ્રકાશન**
લુણાવા મંગલ ભવન
તળેટી રોડ, પાલીતાણા (ગુજ.) ૩૬૪૨૭૦
© 02848 252316

**મુદ્રક :** કિરીટ બી. વડેચા પ્રિન્ટર્સ
૩૦૫, એનેક્સ બિલ્ડીંગ, ઠક્કર ઇંડસ્ટ્રિયલ એસ્ટેટ,
જુની અંજીરવાડી, મઝગામ, મુંબઈ-૧૦.
© 022 23737600 / 7977406533



યુગાદિનાથ શ્રી ઋષભદેવ ભગવાનનું નિર્વાણ તીર્થ

# શ્રી અષ્ટાપદ મહાતીર્થ

*હે દેવી ! સામે દેખાય છે તે અષ્ટાપદ પર્વત છે,*
*તેની યાત્રા જે મનુષ્ય કરે છે તે અતિશીઘ્ર*
*પરમધામ ને પામે છે, તેને પાપ સ્પર્શતા નથી.*

– શિવપુરાણ

## : પ્રાપ્તિ સ્થાન :

**લુણાવા મંગલ ભવન**

તળેટી રોડ, પાલીતાણા ✆ 02848 - 252316

**શ્રી અઢીદ્વીપ સહ ૧૭૦ જૈન મંદિર**

પાલીતાણા ✆ 7211112727, 7211112626, પ્રકાશભાઈ, મો. 9898326866

**મુંબઈ**

મોહનલાલજી (ડોંગરી) : 9869007921
પુખરાજજી : 9820737949
બાબુલાલજી : 6355527899
હસમુખભાઈ છેડા, ઘાટકોપર : 022 278996100, 9820335933
અનિલ જૈન, ભાયખલા : 9892527675

**નવી મુંબઈ**

મુલચંદ ગાલા : 9820041870

**જાલૌર (રાજ.)**

પુષ્કરભાઈ સોલંકી : 9310938123

**વડોદરા**

માંગીલાલ જૈન (કારેલી બાગ) : 0267 6220339, 9426175090

**બેંગલોર**

પંડિતવર્ય વિક્રમગુરૂજી : 9986985995
રાજુભાઈ પરમાર : 9590000246

**અમદાવાદ**

ચંદ્રેશ શાહ (પ્રેરણા તીર્થ) : 9227622451

**ભાવનગર**

મનીષભાઈ મેહતા (વિજયરાજનગર) : 9375208444

**સુરત** પંડિતવર્ય ચિરાગભાઈ : 9825854589

**કર્નાટક : હોસપેટ**

દિપકભાઈ જૈન : 9448350227

**તમિલનાડુ**

શાંતિલાલજી જૈન (સેલમ) : 9443362815

**ચેન્નઈ**

રમેશભાઈ (P.F.P.) : 9444110033
વિક્રમ જૈન (સાહુકાર પેઠ) : 9840252612

**દિલ્લી**

દિનેશભાઈ દોશી (મંડાર સંઘ) : 9811061233
રોહિત જૈન (માનસરોવર ગાર્ડન) : 9871718822
શ્રી નરેન્દ્ર જૈન (પપ્પૂજી) : 9868101001
શ્રી રવિંદ્રપ્રકાશ જૈન (મોતીલાલ બનારસીદાસ) : 8800666090

અખિલ બ્રહ્માંડાધિપતિ
વિશ્વસ્થિતિ વ્યવસ્થાપક
ચતુર્નીતિ આર્વિભાવક
સમસ્ત કલા-વાસ્તુ-શિલ્પ પ્રરૂપક
ત્રિલોકનાથ
જેમની ચરણરજ થી
સમસ્ત હિમાલય
પરમ પવિત્રતાની
પતિતપાવની
ગંગા વહાવી રહ્યો છે,
એવા
સિદ્ધ
બુદ્ધ
મુક્ત
શંકર
ધાતા
વિધાતા
પુરૂષોત્તમ સ્વરૂપ
દેવાધિદેવ
**પ્રથમ તીર્થંકર**
**શ્રી ઋષભદેવ પ્રભુનાં**
ચરણોમાં
હાર્દિક વંદના



बुद्धस्त्वमेव विबुधार्चित-बुद्धि-बोधात्,
त्वं शंकरोऽसि भुवनत्रय-शंकरत्वात् ।
धाताऽसि धीर ! शिवमार्गविधेर्विधानात्
व्यक्तं त्वमेव भगवन् पुरुषोत्तमोऽसि ॥

॥ તીર્થોદ્ધારક શ્રી નીતિ-હર્ષ-મંગલપ્રભ-અરિહંતસિદ્ધસૂરિ સદ્ગુરૂભ્યો નમઃ ॥

ગિરનાર તીર્થોદ્ધારક



**પ.પૂ.આ. શ્રી નીતિસૂરીશ્વરજી મ.સા.**

સકલાગમરહસ્યવેદી



**પ.પૂ.આ.**
**શ્રી હર્ષસૂરીશ્વરજી મ.સા.**

સંયમસમ્રાટ પરમતપોમૂર્તિ



**પ.પૂ.આ.**
**શ્રી મંગલપ્રભસૂરીશ્વરજી મ.સા.**



પરમગુરૂદેવ પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય

**શ્રીમદ્ વિજય અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

# "વંદના"

ગિરનાર ચિતોડગઢ આદિ પ્રાચીન તીર્થોદ્ધારક,
છેલ્લા ૨૦૦૦ વર્ષમાં એક કરોડવાર સૂરિમંત્રની સાધના કરનાર
એકમાત્ર સિદ્ધ મહાપુરૂષ, અજાતશત્રુ,
પરમ પ્રભાવક, શાસનશિરતાજ, તપાગચ્છીય પરમ પૂજ્ય આચાર્ય
**શ્રીમદ્ વિજય નીતિસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

*************

સકલાગમરહસ્યવેદી ગિરનાર મહાતીર્થના પ્રતિષ્ઠાકારક
પરમ પૂજ્ય આચાર્ય
**શ્રીમદ્ વિજય હર્ષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

*************

પરમતપોમૂર્તિ
પ્રાયઃ ચોથા આરા સમાન ચારિત્રધારક ચારિત્રચુડામણી
પરમ પૂજ્ય આચાર્ય
**શ્રીમદ્ વિજય મંગલપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

*************

પરમગુરૂદેવ
ચૌવિહાર છઠ્ઠકરી શ્રી સિધ્ધાચલગિરિરાજની ૭-૭ યાત્રા ૪૬૦ વાર કરનાર
ભીષ્મતપસ્વી, નિકટભવમોક્ષગામી, અપ્રતિહત પુણ્યપ્રાગ્ભારધારી,
૧૦ કરોડ નમસ્કાર મહામંત્ર સાધક,
શ્રી ઋષભદેવ કૃપાપાત્ર પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય
**શ્રીમદ્ વિજય અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મહારાજ સાહેબ** ના
શ્રી ચરણોમાં
ભાવભરી હાર્દિક વંદના

## :: આજ્ઞા અને આશીર્વાદ ::

જ્યોતિષ-શિલ્પ-પ્રતિષ્ઠાચાર્ય, પ્રકાન્ડવિદ્વાન,
શાસનસંરક્ષણદત્તચિત્ત, દિવ્યસામર્થ્યસંયુક્ત
પરમ પૂજ્ય આચાર્ય
**શ્રીમદ્ વિજય**
**રૈવતસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

## :: શુભાભિલાષક ::

ગુરૂચરણોપાસક વયોવૃદ્ધ મુનિરાજ
**શ્રી કલ્પસિદ્ધવિજયજી મ.સા.**

વૈયાવચ્ચપ્રેમી મુનિરાજ
**શ્રી ધ્યાનરત્નવિજયજી મ.સા.**

## :: શુભકામના ::

યુવામનિષી પ.પૂ. મુનિરાજ
**શ્રી જ્ઞાનરત્નવિજયજી મ.સા.**

સંયમસાધનાકુશલ પ.પૂ. મુનિરાજ
**શ્રી શુભમંગલવિજયજી મ.સા.**

સ્વાધ્યાયવ્યાસંગી પ.પૂ. મુનિરાજ
**શ્રી જ્ઞાનકલશવિજયજી મ.સા.**

# "સમર્પણ"

જેણે હિમાલય યાત્રા નો

**વિચાર** રોપ્યો

તેણે જ હિમાલય ની યાત્રા કરાવી

**'એ'** ને જ...

## :: હિમાલય યાત્રા નાં યાત્રિકો ::

આચાર્ય વિજય **શ્રી હાર્દિકરત્નસૂરિજી મ.સા.**
મુનિરાજ **શ્રી રત્નયશવિજયજી મ.સા.**
મુનિરાજ **શ્રી આનંદમંગલવિજયજી મ.સા.**
મુનિરાજ **શ્રી સ્વર્ણકલશવિજયજી મ.સા.**

**રાજેન્દ્ર પીતળીયા** (પાલીતાણા)
**લાભુભાઈ ડાભી** (પાલીતાણા)
**સંજય** (વડોદરા)

*બદ્રીનાથ થી દિલ્હી સુધી બાલયાત્રી...*
**હર્ષિત ભંડારી** (વિજયવાળા)

*બદ્રીક્ષેત્રમાં ૧૦ દિવસ સહયાત્રી*
**ગણપતજી કુમાવત** (કિશનગઢ)
**વસંતભાઈ** (ઉડીસા)

# હિમાલયના યાત્રિઓ તરફથી...



વિહારયાત્રા ની સંસ્મરણ યાત્રા લખવી એ ખરેખર આનંદદાયી કાર્ય છે. તે હોય જ ને... વિહારયાત્રા નું વાંચન પણ મનને આનંદ થી ભરી મુકે. ઘર બેઠા દેશદેશમાં વિહરવાનું કોને ન ગમે ? વાત આવી હિમાલય તરફ વિહાર ની, તો મનમયુર નાચી ઉઠયો. જો કે વરસો થી મન માં હતું એકવાર તો 'એ' અલૌકિક ધરતીની સ્પર્શના કરવી. પણ આ તો સાધુજીવન છે. એમા હિમાલયયાત્રા ની વાત વરસોવરસ આગળ ઠેલાતી જાય તે સહજ છે. એમાંય એકવાર તો એક જ્યોતિષિએ ભવિષ્ય ભાખ્યું 'તમે ક્યારેય ઉત્તરભારત માં જઈ નહિં શકો' આ તો માનવમન છે. જે ન થઈ શકે તે તરફ વધારે આકર્ષાય. જોશી ના લેખમાં મેખ મારવાનો સંકલ્પ વધુ મજબુત થયો. કયા નક્ષત્રો જોઈને પેલા જોષીએ ભવિષ્યવાણી કરી કે તે સફળ ન થઈ, અમારા સંકલ્પનો વિજય થયો. જો કે આ સંસારમાં એવી ઘણી ઘટનાઓ ઘટતી જ હોય છે જે આપણે જાણતા નથી અને વિચારી પણ શકતા નથી. પણ આ હિમાલય યાત્રા તો અમારા માટે સ્વપ્ન બની ગઈ. રોમહર્ષક આ વિહારવર્ણનો વાચકવર્ગને હિમાલય તરફ નું આકર્ષણ ખૂબ વધારશે. એ જ તો કરવું છે. આપણા સાધુ-સાધ્વીજી ભગવંતો હિમાલય તરફ આકર્ષાય, એમનું વિચરણ ઉત્તરભારત માં થાય અને વિચરણ ક્ષેત્ર વિસ્તરે, એવો શુભ હેતુ રાખીને આ લખાણ લખાયું છે, તો બીજી તરફ કોઈક અજૈન વ્યક્તિ આ વિહારયાત્રા વાચશે તો તેને જૈન સાધુ ના આચાર ની જાણકારી સહજ મળતી જશે.

પ્રબુદ્ધ સાધુજન હંમેશા વિચારતા હોય છે સમસ્ત ભારતવર્ષ ની યાત્રા એકવાર તો કરવી. કલ્યાણક ભૂમિની સ્પર્શના કરવી. નવા અપરિચિત ક્ષેત્ર માં વિચરણ કરી સંયમ જીવનને વધુ તેજસ્વી બનાવવું. પણ વર્ષો સુધી વિચાર-વિચાર જ રહે છે. ગુજરાત-રાજસ્થાન-મહારાષ્ટ્ર નાં શુભ પ્રસંગોની અધિકતા સાધુનો માર્ગ રોકી રાખે છે તો બીજી તરફ અજાણ્યા ક્ષેત્રો ના માર્ગદર્શન નો અભાવ સાધુપુરૂષોના પગ થંભાવી દે છે.

વળી જૈન શ્રાવકો પણ ફરવા માટે હિમાલય તરફ જાય છે પણ તીર્થયાત્રા માટે ઓછા જાય છે તો બદ્રીનાથ માં તો દેરાસર-ઉપાશ્રય ધર્મશાળા છે. હરિદ્વાર ની આસ-પાસ હસ્તિનાપુર-કંપિલપુર-અહિચ્છત્રા-આગ્રા-મથુરા-સૌરીપુરી જેવા ઐતિહાસિક અતિપ્રાચીન પવિત્રતમ તીર્થ સ્થળો છે એ તરફ ની યાત્રા કરતા હોય તો પણ તે ક્ષેત્રના સમાચાર મુનિઓ ને મળતા રહે. પણ એવું પણ નથી બનતું.

બીજા કોઈ ક્ષેત્ર માં વિચરણ કરવું હોય તો એટલું બધુ વિચારવાનું ન હોય પણ હિમાલય યાત્રા કરવા માટે તો ઘણું વિચારવું પડ્યું. ઘણી વ્યવસ્થાઓ ગોઠવી તો માનસીક કલ્પનાઓ પણ ઘણી કરી પણ છેલ્લે એકવાત સિદ્ધ થઈ, કોઈપણ કલ્પના કરવા જેવી નથી. હિમાલયની જે ઈચ્છા હોય તે જ થાય છે. આંપણી કોઈ કારી ફાવે નહિં. આગળ શું થશે એવો વિચાર કરીને જે જાય એવા માણસો માટે હિમાલય માં પ્રવેશ વર્જિત છે. પણ 'જે થવું હોય તે થાય' બસ હિમાલય ને માણવો છે. ઋષભદેવ જે ક્ષેત્ર માં ખુબ વિચર્યા છે એવા અષ્ટાપદ ના ગિરિશૃંગો પર વિહરવાનો દેવતાઈ આનંદ જેને લેવો છે તેવા માણસો માટે હિમાલય દશે દિશાથી ખુલ્લો છે. બીજે ક્યાંય પણ જઈએ તો ત્યાં જવા માટે વિચારવાનું હોય છે. જ્યારે હિમાલય માં થી પાછા આવવા માટે ઘણી હિમ્મત કરવી પડે. જો કે હિમાલય અંગે જેટલી ઉડતી વાતો સંભળાતી હોય તે બધી એટલી સાચી નથી હોતી કે જે રીતે કહેવાઈ હોય. કેટલીક પ્રાથમિક તૈયારી કરીને આગળ વધી શકાય. જેમ-જેમ આગળ વધતા રહીએ તેમ-તેમ આનંદ ના લોઢ ઉછળે. તકલીફો પણ આનંદ આપે. વસ્તુઓની ઓછાસ વધુ શાતાકારી થાય. જો કે કોઈ પણ કાર્ય શરૂઆત માં તો ભારે લાગે પણ તેમા પ્રવેશો તો સાવ સરળ થઈ પડે. આ તો હિમાલય છે. તેમાંય બદ્રીનાથ-કેદારનાથ-યમનોત્રી-ગંગોત્રી-તુંગનાથ-ચોપતા જેવા પ્રસિદ્ધ અજૈન તીર્થો ની મુલાકાત જીવન માં યાદગાર થઈ જાય. એ અજૈન તીર્થો થી પણ વધુ હિમાલય ની ધરતી ની સ્પર્શના આ પણ હૃદયને વધુ ખેંચે. જ્યાં કરોડો સાધુ મહાત્માઓ એ સાધના કરી પંચમ પદની પ્રાપ્તિ કરી હશે. એ દિવ્યતાનો સાક્ષાત્કાર આજે પણ આપણને થાય છે. આ દેવભૂમિ ઉપર હૈયામાં હામ હોય અને ઉપરવાળા ના આશીર્વાદ હોય તો જીવનમાં એકવાર તો આ યાત્રા સાધુજીવન માં થવી જોઈએ. એવું મારૂ માનવું છે. હિમાલય અંગે તો કેટલું લખવું ? જેટલું લખાય એટલું ઓછું છે. હિમાલયમાં શું નથી? બધુ જ છે !

અહિં દરેક વનસ્પતિ સંજીવની છે, પાણીનું એક-એક ટીપું અમૃત છે. ઉંચા આકાશે અડતા શિખરો મેરૂપર્વતની આભા ઉભી કરે છે. શિખરો પર દેખાતા કુમળા સુરજ કિરણો હિમખંડથી મુલાકાત લઈ રંગબેરંગી રંગોળી રચે છે. લીલાછમ કાચ જેવા આકાશની અગાધતાને આપણી આંખો માપી શકતી નથી.

હિમાલયના ઢોળાવો પર ઉગેલી લીલાછમ હરિયાળી અને વન-ઉપવનોની આભા સ્વર્ગના ક્રીડા પર્વતો ની યાદ અપાવે છે. નાના-નાના ખેતરો જાણે અમરાપૂરી જવાના પગથીયા ન હોય તેવા લાગે છે. પુણ્યસલીલા ધવલધારા મંદાકિની ને મળવા અને ભળવા જતા તોફાની પહાડી છોકરા જેવા ઝરણાઓ નું નિસર્ગગાન કર્ણવિવરોમાં અમૃતનું સિંચન કરે છે. હિમાલયની સવાર સુમધુર હોય છે તો હિમાલયી સાંજ

અદ્‌ભુત આનંદની પરાકાષ્ઠા હોય છે. રાત હોય છે બીહામણી અને સોહામણી. હિમાલયની ચર-અચર વાસ્તવિક સૃષ્ટિનું જાગરણ રાત્રે થાય. હિમાલય માં વિચરણ કરનાર સાધકે રાત નિદ્રા કરવામાં કાઢવી નહિં. જીવંત હિમાલયના દર્શન નજરોનજર કરવા હોય તો રાત્રી જાગરણ કરવું. હિમાલય દિવસે તો આભાષિક સુંદરતા લઈને ઉભો હોય પણ હિમાલયી નિસર્ગ રાત્રે સોળે કળાએ ખીલી ઉઠે. અમે લગભગ અઢી મહિના હિમાલયને માણ્યો છે. હિમાલય દાદા એ અમને લાડ કોડથી ખુબ સંભાળ્યા. બીજાઓ માટે કદાચ હિમાલય યાત્રા ભયંકર હશે. અમારા માટે તો ભદ્રંકર થઈ પડી.

લો ચાલો તૈયારી કરીએ હવે અષ્ટાપદગિરિની સ્પર્શના કરવાની. સાક્ષાત્ અષ્ટાપદની યાત્રા તો આપણા ભાગ્યમાં ન હોય કદાચ, પણ જ્યાં અષ્ટાપદ તીર્થ આજે પણ વિદ્યમાન છે એવા હિમાલયની યાત્રા કરવી એ તો દરેક જૈન નું એક કર્તવ્ય છે.

હિમાલય યાત્રા પુસ્તક રૂપે પ્રકાશિત કરવાનો હેતુ :-

૧) અષ્ટાપદ મહાતીર્થ ની સ્પર્શના.

૨) અજૈનો માં જૈન સાધુ નો પરિચય કરાવવો.

૩) જૈન સાધુ ને વિચરણ ક્ષેત્ર વધારવા સહાયતા કરવી.

૪) જૈન સાધુને અજાણ્યા ક્ષેત્ર માં વિહાર નો ઉત્સાહ વધારવો.

૫) પ્રાચીન ઐતિહાસિક જૈન સ્થાપત્યો નું અવલોકન કરવું.

૬) ૨૨ પરિષહો ને સહવા.

**સજ્જન સાધુ પુરૂષો આ પુસ્તકના યાત્રા વર્ણનો ક્ષીર-નીર વિવેકે વાંચે**

પરમતારક પરમાત્માને આજ્ઞા કે આશય વિરૂદ્ધ કંઈ પણ લખાણ થયું હોય તો હૃદય થી ક્ષમા માંગું છું.

**'હિમાલય યાત્રા' પુસ્તકના પ્રકાશનમાં સહાયકનો ખૂબ ખૂબ આભાર...**

એમાંય પ્રુફ ચેક કરનાર વિનોદભાઈ એ ખૂબ સરસ રીતે પ્રુફ ચેક કરી આપ્યું. ફોટોગ્રાફને સુસજ્જીત કરવાનું કાર્ય વૃંદાવન સ્ટુડીયો - પાલીતાણાવાળા હિતેશભાઈ ડોડીયાએ પોતાની કલાને વધુ સરસ ઓપ આપ્યો. સૌથી વધારે કાર્ય સફળ થયું હોય તો તે કિરીટગ્રાફિક્સ, મુંબઈના હિતેશભાઈ વડેચાને આભારી છે. આ બધા મહાનુભાવો માટે ખૂબ ખૂબ શુભકામના...

આ પુસ્તકમાં લેવામાં આવેલ લામચીદાસનો પત્ર અને વિવિધ પુરાણના શ્લોકો આદિ જૈનભવન - કલકત્તા દ્વારા પ્રકાશિત ડૉ. લતા બોથરા દ્વારા સંકલિત - લેખિત 'આદિનાથ ઋષભદેવ એવં અષ્ટાપદ' પુસ્તકમાંથી સાભાર લેવામાં આવ્યા છે. ડૉ. લતાબેનને ખૂબ ખૂબ ધન્યવાદ...

લી. **યાત્રિક**




हाँ अष्टापद...

अष्टापद का नाम लेते ही हर एक जैन का हृदय पुलकित हो उठता है। प्रथम तीर्थंकर श्री ऋषभदेव की निर्वाणस्थली अष्टापद तीर्थ के दर्शन करने को प्रत्येक भक्त हृदय तरसता है। मन में कई ख्याल उपस्थित होते हैं। कहाँ है अष्टापद ? क्या इस समय दर्शन हो सकते हैं? अष्टापद अभी है भी ? परंतु कुछ भी हो, एक बार तो अष्टापद महातीर्थ के दर्शन करने की उत्कंठा जैन परिवार के एक-एक सदस्य में उपस्थित है।

जैन वाङ्मय में अष्टापद की महिमा बताते लिखा है - भगवान महावीर स्वामी अपने प्रथम शिष्य इन्द्रभूति गौतम से कहते हैं - गौतम् ! अष्टापदजी की यात्रा मनुष्य अपनी शक्ति से एक बार भी कर ले - उसका उसी जन्म में मोक्ष हो जाता है। परमात्मा की प्रेरणा पाकर गौतमस्वामीजी ने सूर्य की किरणों को पकड़कर अष्टापदगिरि पर आरोहण किया था। इस तरह जैन इतिहास में अष्टापद की यात्रा अपनी शक्ति से करने वाले यात्रीकों में श्री गौतमस्वामीजी का नाम बड़े सम्मान के साथ लिया जाता है। तत्पश्चात् आज से करीब १००० वर्ष पूर्व हुए आचार्य पादलिप्तसूरिजी, पाँव में औषधियों का लेप लगाकर रोज पांच तीर्थों की यात्रा करते थे, जिसमें एक अष्टापद भी था। आचार्य पादलिप्तसूरि के परमभक्त सिद्ध नागार्जुन ने अपने नागार्जुन कल्प में इन १०८ औषधीयों के नाम दिये हैं, जिसका लेप पाँव के तलुवें में लगाने से इंसान को उड़ने की शक्ति मिलती है। समय की धारा अविरत बहती गई आज तक किसी ने अष्टापद की यात्रा की हो ऐसी खबर नहीं है।

आज अष्टापद कहाँ है ? आज का यही यक्षप्रश्न है। अपने अपने विचार-विमर्श के अनुसार कई विद्वान अष्टापदजी कैलाश पर्वत ही मानते हैं। कुछ विद्वानों का मत भिन्न है। किसी ने तो यहाँ तक कह दिया है, अष्टापदजी इरान-इराक की ओर है, जो भी हो ''कैलाश पर्वत अष्टापद होना चाहिये'' ये विचार सत्य से करीब लगता है।

कहते हैं आज कोई भी मनुष्य अष्टापद के उपर जा नहीं सकता, हाँ तो... कैलाश पर्वत पर भी आज दिन तक कोई नहिं जा पाया। लाख कोशिश करने पर भी इस युग में मनुष्य के पांव कैलाश पर नहिं पडे.

बौद्धग्रंथों में भी कैलाश पर्वत की महिमा गाई है। मिलेरपा करके एक महान संत कैलाश पर सुरज की किरण पकड़कर चढ़े थे, ये बात बौद्ध ग्रंथों में बताई है। बौद्ध अनुयायीओं में ये बात प्रगट है।

सुरज की किरण पकड़कर पर्वत के उपर चढ़ने की बात जैन और बौद्ध दोनों अपने गुरू के लिये कहते हैं। वैसे भगवान महावीर और बुद्ध समकालिन हैं। अतः दोनों धर्म के साधु उस समय विद्यमान हैं, अष्टापद की यात्रा भी चालु थी विशिष्ट शक्ति लब्धि-उपलब्धि साधुओं में पाई जाती थी, अतः सूरज की किरण पकड़कर उपर चढ़ना कोई आश्चर्य की बात नहीं।

अभिनव युग के स्वामी विशुद्धानंदजी भी सुर्यविज्ञान के अच्छे ज्ञाता थे, उन्होंने सुर्य की किरणों को उपयोग में लेकर कई भौतिक वस्तुओं का निर्माण किया। वो तो यहां तक कहते थे कि ''इन सूर्य की किरणों का संयोजन करके एक नये ब्रह्माण्ड का निर्माण हो सकता है।''

अभी १०० वर्ष पहले ही सुर्यविज्ञान मौजूद था, तो आज से २५०० वर्ष पूर्व तो विज्ञान की बात ही क्या करनी ? बात इतनी रही, अष्टापद कैलाश पर्वत ही माना जाय। आजकल कई भक्त कैलाश-मानसरोवर की कठिनयात्रा करते हैं। परिक्रमा भी करते हैं और अपने जीवन की सफलता को संजोये रहते हैं। हम तो जैन साधु हैं। जहाँ भी जाना पैदल जाना. काश्मीर हो या कन्याकुमारी, कच्छ हो या कलकत्ता जहाँ जाओ पैदल जाओ। भगवान महावीरजी की हम जैन साधुओं के लिये ऐसी ही आज्ञा है। पैदल चल कर कैलाश यात्रा करना कठिन नहिं है, परंतु कई ऐसे जैन साधु के नियम है, जो कैलाशयात्रा को असंभव प्रायः कर देते हैं, जैसे की जैन साधु पांव में बुट-चप्पल नहीं पहनते। जैन साधु को पानी अथवा बर्फ पर चलना वर्जित है, जैन साधु को घास-वनस्पति-नील-हरियाली पर चलना निषेध है। जैन साधु का आई.डी.कार्ड, आधार कार्ड, पैन कार्ड आदि कोई पहचान पत्र नहिं होते।

जैन साधु भोजन में ये वस्तु ग्रहण नहिं करते।

- आलु-गाजर-अदरक-मूली आदि सभी तरह के कंदमूल
- नोनवेज
- बिस्कीट-चॉकलेट-आइस्क्रीम-कोल्ड्रींक्स्





- बाजार से लाये तैयार आटे से बनी कोई भी खाद्यसामग्री
- बैंगन - फूलगोभी - पालक
- पाव - बटर - ब्रेड आदि सभी बेकरी आईटम्स
- बाजार में बिकने वाली मिठाई
- शाम को सूर्यास्त के बाद और सुबह सुर्योदय से पहले कुछ भी खाना-पीना वर्जित है।
- अपने हाथ से बनाकर भोजन नहिं लेना है।
- भिक्षावृत्ति से जो भी योग्य वस्तु मिले, उसे ग्रहण करना है।
- जैन साधु सिर्फ ऊनी अथवा सुती वस्त्र ही उपयोग में ले सकते हैं।

अत: हम जैन श्वेताम्बर साधुओं के लिये कैलाश यात्रा नामुमकिन है। तो क्या विकल्प है, अष्टापद तीर्थ यात्रा करने का? एक विकल्प आज भी खुला है, उत्तराखंड क्षेत्र में हिमालय के पवित्र शिखरों की स्पर्शना करना। समस्त हिमालय की पर्वतश्रेणी ही तीर्थ रूप है। हिमालय का कण-कण पवित्रता का भंडार लिये बैठा है। उसका पावन स्पर्श भी हमें धन्य बना देता है। हजारों-लाखों बार श्री ऋषभदेव तीर्थंकर इस हिमालय पर पधारें। कई महान साधक साधु पुरुषों ने इन हिमालय की वादियों में करोड़ों वर्षो तक साधना की, उन सबकी पवित्रता आज भी हम प्राप्त कर सकते हैं। हिन्दु धर्म हो या बौद्ध धर्म हो, हिमालय को तीर्थाधिराज मानता है। वैसे ही जैन धर्म के अनुयायी भी हिमालय को तीर्थाधिराज मानते हैं।

प्रत्येक जैन के मन में एक तमन्ना रहती है कि जीवन में कम से कम एक बार तो २४ तीर्थंकरों की कल्याणकभूमि की यात्रा करनी। हर एक तीर्थंकर के पाँच-पाँच कल्याणक होते हैं। १. च्यवन कल्याणक २. जन्म कल्याणक ३. दीक्षा कल्याणक ४. केवलज्ञान कल्याणक ५. निर्वाण कल्याणक।

कल्याणक यानी तीर्थंकरों के जीवन के ऐसे पुण्य प्रसंग जिससे सचराचर सृष्टी में सभी का कल्याण होता है। सभी को दिव्य आनंद प्राप्त होता है। ऐसे कल्याणक जिस पुण्यवंती धरती पर होते हैं, वो भूमि कल्याणकभूमि कही जाती है। कहीं एक कल्याणक प्रसंग हुआ है, तो कहीं एक से अधिक कल्याणक भी होते हैं, उस पवित्रतम स्थान के दर्शन करने हेतु हर एक जैन जीवन में कम से कम एक बार तो जाता है। हिमालय की यात्रा करने भी जैन जाते हैं, परंतु जैन साधु ?

करीब २० वर्ष पूर्व प.पू. प्रकान्डविद्वान मुनिराज श्री जंबुविजयजी अपने साधुमंडल के साथ बद्रीनाथजी पधारे थे। तत्पश्चात् आज से करीब ८ वर्ष पूर्व प.पू. आचार्य श्री जगच्चन्द्रसूरीश्वरजी म.सा. अपने मुनिमंडल के साथ बद्रीनाथ पधारे। उनसे पूर्व या पश्चात् श्वेताम्बर जैन साधु गये होंगे, तो जैन जगत को कोई समाचार नहीं है।

मुनिवर्य श्री जंबुविजयजी ने अपनी हिमालय यात्रा संबंधी 'हिमालय पद यात्रा' नामक एक पुस्तक लीखी. वैसे ही पू.आ. श्री जगच्चन्द्रसूरिजी म.सा. ने ''अष्टापदनी शोधमां हिमालयनी गोदमां'' पुस्तक लिखी, जो आज भी उपलब्ध है।

उस समय तो मैं खूब छोटा था, सोचा था... जीवन में एक बार तो भारत भ्रमण करना। समय कहाँ रूकता है २६ वर्ष हो चुके। फिर मौका मिला दक्षिण भारत की स्पर्शना करके अब उत्तरभारत की ओर आगे बढ़ने का।

२० दिसम्बर २०१७ के शुभ दिन हम महाराष्ट्र के नंदुरबार से निकले हिमालय की ओर, नंदुरबार से बलसाणा - बावनगजाजी बडवानी - अलीराजपुर - धार - राजगढ - कुक्षी तीर्थ - लक्ष्मणी - मांडवगढ़ - उज्जैन - इन्दौर - मंदसौर - मनासा - नागेश्वरजी - भीलवाडा - चित्तोडगढ - अजमेर - किशनगढ - जयपुर - आमेर - भूतीयाभानगढ - अलवर - भीवाडी - दिल्ही - मेरठ - हस्तिनापुर होते हुए हरिद्वार पहुंचे।

नंदुरबार से यहाँ तक महाराष्ट्र - एम.पी. - राजस्थान - हरियाणा - दिल्ही - उत्तर-प्रदेश पार करके पैदल चलते-चलते उत्तराखंड-हरिद्वार पहुंचते करीब २००० कि.मी. चले।...

इस अपूर्व यात्रा में सर्वप्रथम और सबसे अधिक सहयोग किया पुष्करजी सोलंकी (दिल्ही) एवं अनिल चंपालालजी जैन (मुंबई)। पूर्व व्यवस्था के लिये एवं जानकारी जुटाने के लिये ये दोनों भाग्यशाली कुछ महिने पूर्व ही लगे हुए थे। उनके साथ ही हरिद्वार - श्री चिंतामणी पार्श्वनाथ जैन मंदिर के समस्त ट्रस्टीगण जिन्होंने हरिद्वार से हिमालय योग्य हर प्रकार की सामग्री देकर और कुछ आवश्यक सुचना देकर हमें निश्चिंत कर दिया। हरिद्वार तीर्थ के मैनेजर श्री विनोदभाई एवं कार्यकुशल विरेन्द्रभाई ने छोटी-सी छोटी वस्तु को ध्यान में रखकर हमारी हिमालय यात्रा को सुरक्षित बनाने हेतु प्रयत्न किया।

विशेषतः लुणावा मंगल भवन-पालीताणा ट्रस्ट मंडल - श्री अढीद्वीप जैन तीर्थ ट्रस्ट मंडल, श्री मंडार जैन संघ-दिल्ही, मे. मोतीलाल बनारसीदास परिवार, श्री मंडार जैन संघ के अध्यक्ष महोदय श्रीमान् शा. दिनेशभाई दोशी, बद्रीनाथ जैन मंदिर ट्रस्ट मंडल एवं बद्रीनाथ जैन मंदिर के मेनेजर अमितभाई का सहयोग काफी अच्छा रहा। विशेषतः पुष्करजी सोलंकी एवं उनके दोस्त पप्पुजी तो हिमालय में काफी दूर निकलने के बाद भी हमसे मुलाकात कर सारी व्यवस्था की थी।

और तीन ऐसे व्यक्ति हैं, जो दिन-रात-हरपल धूप-छाँव-तुफान-बारिश-दावानल आदि कोई भी परिस्थिति में साथ निभाने वाले थे, वे राजु पीतलीया (पालीताणा) लाभभाई डाभी (पालीताणा) संजय (वडोदरा) है। इनकी सुयोग्य सेवा से हमारी यात्रा में विपत्तियाँ भी संपत्तियाँ बन गई।

हिमालय के लिये जब निकले उस समय हिमालय की तैयारीयों के लिये कई प्रकार की संभावनाएँ मन में सोची थी परंतु जब हरिद्वार पहुंचे तो हिमालय की बात सुनकर हमारे संभावनाएँ बदलनी पड़ी, परंतु मजा तो इस बात की आई।

हिमालय की यात्रा के बाद जो संभावनायें सोची थी उससे कई अच्छी तरह से यात्रा हुई, अंत में हिमालय यात्रा के लिये हमने निर्णय लिया। हिमालय में हमारा सोचा कुछ नहीं चलता, सब उपरवाले के हाथ में है।

हमारी ये यात्रा कैसे हुई ? किसने करवाई ? और अतिकठिन यात्रा करके पुन: स्वस्थता से हम लौट आयें, ये कोई चमत्कार ही है। हमारे सामने कई चुनौतियाँ थी... जैसे कि -

**चुनौती-१ :** आज तक जो भी जैन साधु हिमालय पधारे हैं वे सिर्फ बद्रीनाथजी पधारे थे, चार धाम कोई नहिं गया, परंतु हमें तो गंगोत्री-यमनोत्री-केदारनाथ-बद्रीनाथ जाना था, चुनौती ये थी की पैदल चलने का परफेक्ट रूट नहीं था, फिर भी हमें जाना है।

**चुनौती-२ :** हमारे पास ९० दिन है, चार धाम की यात्रा रोड पर चलकर करने पर २००० कि.मी. चलना है। एवरेज २५ कि.मी. तो अवश्यमेव प्रतिदिन चलना ही होगा। हिमालय की चढ़ाई और मौसम का मीजाज हमें चलने देगा ?

**चुनौती-३ :** पहले से ही हम २००० कि.मी. चल चूके हैं, आगे और २००० कि.मी. चलना है, हमारा शरीर साथ देगा क्या ?

**चुनौती-४ :** जैसे ही हम ऋषीकेश से आगे निकलेंगे, हमें पहचानने वाला कोई नहिं होगा। अरे हम जैन साधु है, वो भी किसको पता होगा ?

चलकर जाना कहाँ ? पता नहिं
भोजन कहाँ से ? पता नहिं
दिन में विश्राम कहाँ ? पता नहिं
रास्ता कौन सा ? पता नहिं
रात्रि कहाँ बितायें ? पता नहिं
फिर भी जाना... बस इतना ही पता है

**चुनौती-५ :** मौसम की, हिमालय के तुफान-बारीश और हिमवर्षा कब-कहाँ-कैसी परिस्थिति आ जाए, उसके लिये क्या पूर्व तैयारी करनी ? पता नहिं.



**चुनौती-६ :** जंगली जानवर । ऋषीकेश से ही हाथी और तेंदुए से मुलाकात हो गई थी, आगे भालु-तेंदुए और बाघ की मुलाकात कैसी रहेगी ?

**चुनौती-७ :** अतिशीत और ओक्सीजन की कमी, ऐसी परिस्थिति में हमें क्या उपाय करना है ? पता नहिं

**चुनौती-८ :** रोड पर चलते एक ओर खाई एक ओर पर्वत की महाशिलाएँ। उपर से भूस्खलन कभी भी, कहीं भी हो सकता है, सुरक्षा कैसे करनी ? पता नहीं

**चुनौती-९ :** छोटा रोड और वाहन अधिक। अधिक से अधिक १०-१५ मीटर पर ही पता चलता है कि कोई गाड़ी आ रही है, ऐसे घुमावदार रास्ते। दुर्घटना की संभावना हर कदम बनी रहती है।

**चुनौती-१० :** उत्तराखंड का हर एक सुरक्षाकर्मी मांगेगा आई.डी. कार्ड, आधार कार्ड कहाँ हैं ?

चुनौतियाँ तो हजारों थीं, परंतु कुछ भी हो यात्रा तो हो के रहेगी, जिसने ये विचार दिया है, वहि यात्रा करायेगा' बस यहि विश्वास पर आगे बढ़ें।

हरिद्वार में मुनिश्री जिनेशरत्नसागरजी ने हिमालय की अस्मिता का बयान कर हमारी यात्रा में प्राण पुर दिये, कई आशंकाओं का निराशकर हमें स्वस्थ कर दिया। खुब उपकार है मुनिश्री का।



एक बात अब तक भी अगम्य है, जैसे ही ऋषीकेश से हमारे कदम आगे बढ़े, पता नहिं कुछ दिव्यशक्तियों का पुंज हमारे साथ हो गया। हम उसका अनुभव कर रहे थे। वो क्या था? कौन था ? हम नहिं जानते मेरे गुरुदेव जानते हैं... मेरे प्रभु जानते हैं... जो भी हो उन दिव्यताओं को करोड़ों-करोड़ों प्रणाम। आपने इस यात्रा में साथ रहकर हमारा जीवन धन्य कर दिया।

हिमालय यात्रा की पुस्तक लिखना सचमुच कठिन काम है, हिमालय में जो हम देखते-सुनते हैं-अनुभव करते हैं, शायद उसका २% भी हम पुस्तक में नहीं लिख सकते। हिमालय की गरीमां का हल्का सा परिचय हो, इसलिये इस पुस्तक में काफी फोटोग्राफ्स् दिये है। विशेष जानकारी के लिये आपको देवभूमि से ही मुलाकात करनी होगी।

**ली. हार्दिकरत्नसूरि**

**यह पुस्तक बेचने के लिए नहीं है।**



# श्वेताम्बर जैन साधु की साधना के कुछ नियम

०१. हिंसा नहीं करनी।
०२. जिस वस्तु में जीव हो, उसे स्पर्श नहीं करना।
०३. फल-फूल-वनस्पति-पेड़-पौधे को स्पर्श नहीं करना, काटना नहीं, तोड़ना नहीं।
०४. हरियाली - घास - नील पर पांव रखकर चलना नहीं।
०५. सुर्योदय से पूर्व सुर्यास्त के बाद रात को भोजन नहीं लेना, पानी भी नहीं पीना।
०६. पानी गरम करके ठंड़ा किया हुआ ही उपयोग में लेना।
०७. पानी में अथवा बर्फ पर चलना नहीं।
०८. मोबाईल-कोम्प्युटर-टीवी-लेपटॉप-टेबलेट-लाइट-पंखा आदि किसी भी तरह के इलेक्ट्रिक इन्स्ट्रुमेन्ट का उपयोग नहीं करना, उसका स्पर्श भी नहीं करना।
०९. किसी भी तरह का व्यसन नहीं होना।
१०. नोनवेज नहीं खाना। जिस बर्तन में नोनवेज बनता है, उस बर्तन में बनी कोई वेजिटेबल वस्तु भी नहीं लेनी।
११. जहाँ जाना हो, पैदल ही जाना।
१२. पाँव में जूते-चप्पल नहीं पहनना।
१३. आग में तापना नहीं।
१४. कभी स्नान नहीं करना (फिर भी साधु के शरीर में से बदबु नहीं आती)।
१५. आलु-प्याज-लहसुन आदि कंदमूल नहीं खाना।
१६. बाजार में बिकती कोई भी मिठाई नहीं खानी।
१७. तैयार कंपनी का आटा लाकर रोटी विगेरह कुछ भी हो, नहीं चलता।
१८. १५ दिन में सिर्फ एक बार बहुत कम पानी से कपड़े धोने।
१९. झूठ नहीं बोलना।
२०. चोरी नहीं करना।
२१. एक भी पैसा अपने पास नहीं रखना।
२२. पैसे का स्पर्श भी नहीं करना।

२३. जैन साधु का बैंक में खाता नहीं होता (पैसे ही नहीं तो खाता कहाँ से ?)

२४. जैन साधु की मालिकी का कोई मठ या आश्रम-मंदिर नहीं होता।

२५. जैन साधु चातुर्मास के चार महिने एक ही गाँव में रहते हैं और बाकी आठ महीने पूरे भारतवर्ष में तीर्थ यात्रा करते हैं।

२६. जैन साधु के अपनी मालिकी के खेत-खलीयान-जमीन आदि नहीं होते।

२७. जैन साधु का अपना कोई वाहन नहीं होता।

२८. जैन साधु बिना सिलाई किये सफेद वस्त्र ही पहनते हैं।

२९. दिगम्बर जैन साधु वस्त्र नहीं पहनते हैं।

३०. स्थानकवासी जैन साधु मुँह पर पट्टी बांधते हैं, और भगवान की मूर्ति या मंदिर को नहीं मानते।

३१. श्वेताम्बर मूर्तिपूजक साधु सफेद कपड़े पहनते हैं, मुँह पर कुछ बांधते नहीं। मंदिर-मूर्ति और तीर्थ को मानते हैं।

३२. सभी तरह के जैन साधु अहिंसा का उपदेश देते हैं।

३३. **जैन साधु का कार्य**

- कुदरत से प्यार करना
- व्यसनो का त्याग करना
- जरूरतमंद की मदद करना
- कुदरती आपत्ति में जैन लोगों से त्रस्त लोगों को मदद करवाना
- सामाजिक व्यवस्था बनाये रखना
- भारतीय संस्कृति का संरक्षण करना
- देशप्रेम की वृद्धि करना
- अध्यात्म शक्तियों को बढ़ाना
- पारिवारिक संबंधों की स्थिरता करना
- कपट-माया-ईर्ष्या आदि दुर्गुणों से दूर रहना
- प्राचीन भारतीय इतिहास संशोधन करना
- प्राचीन सांस्कृतिक इतिहास का संशोधन करना
- प्राचीन विरासतों का संरक्षण करना

आदि कई अद्‌भुत विषय पर जैन मुनि का प्रवचन - प्रेरणा - उपदेश होता है।

३४. नैष्टिक ब्रह्मचर्य का पालन करना।

३५. २ महीने की छोटी-बच्ची हो तो भी उसका स्पर्श जैन साधु के लिये वर्जित है। माँ-बहन अथवा कोई भी स्त्री का स्पर्श साधु के लिये निषेध है।

३६. कोई वस्तु चाहिए, तो मालिक से पुछकर लेते हैं।

३७. जैन साधु कभी श्राप नहीं देते।

३८. जैन साधु कई गंभीर विषयों का अभ्यास करते हैं।

३९. जैन साधु सभी एक साथ बैठकर भोजन करते हैं, उस समय संसारी व्यक्ति का प्रवेश निषेध होता है।

४०. जैन साधु सोना-चांदी-हीरा-जवाहरात नहीं रखते।

४१. सांसारिक परिवार जब मिलने आये, मिल लेते हैं, वे चले जाने के बाद उनसे कोई संपर्क नहीं रहता।

४२. जैन साधु का जीवन संपूर्ण इकोफ्रेन्डली है।

४३. जैन साधु माथे में तेल नहीं डालते।

४४. जैन साधु केशलुंचन अपने हाथों से बाल खींचकर ही कर लेते हैं। उन्हें हजाम-नाई की आवश्यकता नहीं।

४५. जैन साधु पूर्णतया स्वावलंबी होते हैं।

४६. जैन साधु शहद और मक्खन नहीं खाते।

४७. जैन साधु सिनेमा थियेटर नहीं जाते। पिक्चर-मूवी नहीं देखते।

४८. जैन साधु का जीवन सादा और स्वस्थ होता है।

४९. जैन साधु भगवान महावीर प्रभु के आदेश का पालन करते हैं।

**''विश्व के मनुष्य जैन साधु जैसा थोड़ा भी जीवन जीने लगे तो विश्व की सारी समस्याएँ क्षय हो जाएँ।''**

# હિમાલય યાત્રા માટે કેટલુંક માર્ગદર્શન

(પૂજ્ય સાધુ મહારાજ માટે)





**હિમાલય યાત્રાનો શ્રેષ્ઠ સમય - ચૈત્ર - વૈશાખ - જેઠ**

- ચૈત્ર સુદ એકમ ના હરિદ્વારથી યાત્રા પ્રારંભ કરવી જેથી ચોમાસા સુધી લગભગ સાડા ત્રણ મહિના હિમાલય યાત્રા માટે મળે. તેમાં જેટલા વિલંબ થી નિકળો એટલા આનંદ ના દિવસો ઓછા થતા જાય.
- ચાતુર્માસ કરવા યોગ્ય સૌથી શ્રેષ્ઠ ક્ષેત્ર દિલ્હી છે. જેણે એકાન્તમાં રહી સાધના કરવી હોય તેઓ માટે હસ્તિનાપુર અને હરિદ્વાર બન્ને ક્ષેત્રો સરસ છે.
  - હિમાલય માં યમનોત્રી-ગંગોત્રી-ગૌમુખ-કેદારનાથ-બદ્રીનાથ ક્ષેત્રો માં વિહાર કરવા માટે ઓછા માં ઓછા ૧૫૦૦ કિ.મી. ચાલવાનું રહે.
  - વિહાર માટે ૧૦૦ દિવસ હોય તો રોજ ૧૫ કિ.મી. ચાલવાનું રહે.
  - યમનોત્રી જવા માટે રૂટ
    હરિદ્વાર - ઋષિકેશ - દેહરાદુન - મનાલી - જાનકી ચટ્ટી - યમનોત્રી

    જાનકી ચટ્ટી સુધી રોડ છે. વાહન - વ્હિલચેર જઈ શકે. પછી ૬ કિ.મી. ઉપર પગથીયા ચઢવાના છે. ઉપર ધર્મશાળા માં ઉતારાની વ્યવસ્થા થઈ શકે. ત્યાં અન્નક્ષેત્ર થી ભોજન પ્રાપ્ત થાય. સવારે ઉપર જઈને સાંજે પાછા આવવું હોય તો આવી શકાય. જાનકી ચટ્ટીમાં ઘણી ધર્મશાળાઓ છે. યમનોત્રીનો આનંદ લેવો હોય તો એક રાત ઉપર રોકાવું સારૂં.







## ❖ હરિદ્વાર થી ગંગોત્રી ધામ જવા માટે રૂટ ❖

હરિદ્વાર થી ટીહરી - ઉત્તરકાશી - હર્ષિલ - લંકા થઈ - ગંગોત્રી પહોંચાય

- ગંગોત્રી સુધી પાકો રોડ છે.
- ગંગોત્રી માં ઘણા બધા આશ્રમ અને ધર્મશાળાઓ છે. ગુજરાતી આશ્રમ માં જૈન સાધુ ને અનુકૂળ વ્યવસ્થા થઈ જાય.
- ગંગોત્રી થી ગૌમુખ ૧૮ કિ.મી. છે. જંગલ ખાતાની પરમીશન લઈને જવું. આશ્રમ નાં માણસો જ પરમીશન લઈ આપે છે. તેનો કોઈ ચાર્જ આપવાનો નથી.
- ગંગોત્રી થી ગૌમુખ ક્ષેત્ર જતા માત્ર એક પગદંડી છે. રસ્તો ભૂલાય તેવો નથી જેના પગમાં ચાલવાની તાકાત હોય તે જ જાય તે વધુ સારૂં.

## ❖ હરિદ્વાર થી કેદારનાથ જવા માટે રૂટ ❖

હરિદ્વાર થી દેવપ્રયાગ - રૂદ્રપ્રયાગ - અગત્સ્યમુનિ

- સોનપ્રયાગ થઈ ગૌરીકુંડ પહોંચવું. ત્યાં થી ૧૬ કિ.મી. અતિ કઠોર ચઢાણ ચઢીને કેદારનાથ જવાય.
- સોનપ્રયાગ સુધી રોડ છે. કોઈ પણ ગાડી ત્યાં સુધી આવે, તે પછી ગૌરીકુંડ ૫ કિ.મી. ચાલીને જવાનું. ત્યાં કેટલીક ધર્મશાળાઓ અને આશ્રમ છે ત્યાં રાત્રી વિશ્રામ કરીને બીજા દિવસે કેદારનાથ ક્ષેત્ર માટે આગળ વધી શકાય.
- કેદારનાથ પહોંચતા આખો દિવસ જાય ફરજીયાત એક રાત ઉપર રોકવું જ પડે. ત્યાં ઘણી ધર્મશાળાઓ અને આશ્રમ છે. પહેલે થી જ બુક કરીને જવાય તો સારૂં.

## ❖ હરિદ્વાર થી બદ્રીનાથ જવા માટે રૂટ ❖

હરિદ્વાર થી ઋષીકેશ - દેવપ્રયાગ - રૂદ્રપ્રયાગ - ચમૌલી - જોશીમઠ - વિષ્ણુપ્રયાગ થઈ બદ્રીનાથ

- બદ્રીનાથ સુધી પાકો રોડ છે. ત્યાં જૈન ધર્મશાળા છે. યાત્રા પ્રારંભ સમયે જ સમાચાર આપી દેવા જોઈએ.
- બદ્રીધામ માં પ્રવેશતા જ સૌ પહેલી જૈન શ્વેતામ્બર ધર્મશાળા આવે.
- અહિં થી માણા ૩ કિ.મી. છે.
  નાભીરાજા ના ચરણ પાદુકા ૨ કિ.મી. છે.
  મરૂદેવામાતા મંદિર ૩ કિ.મી. છે. (માતા મંદિર)
  સરસ્વતી નદી ૩ કિ.મી. છે.
- એક સાથે ચારે ધામ જવું હોય તો પ્રથમ યમનોત્રી જવું. ત્યાં થી ગંગોત્રી - કેદારનાથ થઈ બદ્રીનાથ જવું જોઈએ.
- પણ જૈન સાધુએ આટલો પરિશ્રમ ન કરવો હોય તો ગંગોત્રી-ગૌમુખ અને બદ્રીનાથ ક્ષેત્ર જાય એ વધુ શ્રેષ્ઠ છે. હિમાલય ની આહલાદકતા માણવા નાં, ક્ષેત્રની દિવ્યતાનો આભાસ કરવાના આ ત્રણ ક્ષેત્રો સૌથી સારા છે.
- હરિદ્વાર થી ગંગોત્રી-ગૌમુખ-બદ્રીનાથ સુધી લગભગ ૧૨૦૦ કિ.મી. ની વિહાર યાત્રા થાય. જો કે આ જ સાર્થક છે.
- અમારી વિહાર યાત્રા નો રૂટ આ પુસ્તકમાં જ પાછળ આપેલો છે.

# શ્રી હસ્તિનાપુર તીર્થ સ્તવઃ

જગતને વંદ્ય શ્રી શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ ને વંદન કરીને ઈન્દ્રોનાં સમૂહથી સ્તુત્ય ગજપુર 'હસ્તિનાપુર' તીર્થની સ્તવના કરૂં છું. ॥૧॥

ભગવાન ઋષભદેવનાં ૧૦૦ પુત્રોમાં કુરૂ નામનો રાજા થયો. તેનાં નામ ઉપરથી કુરૂક્ષેત્ર નામનો દેશ પ્રસિદ્ધ થયો. ॥૨॥

કુરૂનો પુત્ર હસ્તી નામનો થયો, તેના નામથી અનેક આશ્ચર્યોની ખાણ સ્વરૂપ હસ્તિનાપુર નામનું નગર છે. ॥૩॥

શ્રી આદિનાથ ભગવાનનું પ્રથમ પારણું ઈક્ષુરસ વડે શ્રેયાંસનાં ઘરમાં પંચદિવ્યથી યુક્ત થયું. ॥૪॥

શાંતિનાથ-કુંથુનાથ અને અરનાથ ત્રણે ભગવાનનો જન્મ અહીં થયેલો અને અહીં આગળ જ ત્રણે રાજાઓએ ચક્રવર્તીની ઋદ્ધિ ભોગવેલ. ॥૫॥

મલ્લીનાથ ભગવાન અહીં સમવસરેલાં. જેથી અહીં આગળ શ્રાવકો દ્વારા બનાવેલાં અદ્ભુત મહિમાવાળા, ચાર જિનાલય દેખાય છે. ॥૬॥

યાત્રિકોનાં ઉપદ્રવને નષ્ટ કરવાવાળું, જગતનાં નેત્રને પવિત્ર કરવામાં કારણભૂત એવું, અંબાદેવીનું ભવન અહીં આગળ શોભે છે. ॥૭॥

ઉછળતાં કલ્લોલથી જાણે ભક્તિપૂર્વક, સ્નાત્ર કરવાને ઈચ્છતી ન હોય તેમ ગંગા નદી પોતાનાં તરંગોથી ચૈત્યની ભીત્તીને (ભીંતને) પ્રક્ષાલન કરે છે. ॥૮॥

સનત્કુમાર, સુભૂમ અને મહાપદ્મ નામનાં ચક્રવર્તી અને પાંચ પાંડવ અહીં જ મુક્તિરૂપી લક્ષ્મીને વરેલાં ॥૯॥

ગંગદત્ત અને કાર્તિક શેઠ મુનિસુવ્રત સ્વામીનાં શિષ્ય થયાં. અને વિષ્ણુકુમારે નમુચિને અહીં જ દંડ કરેલ. ॥૧૦॥

કલિનાં અભિમાનને નાશ કરવવાવાળી, વિસ્તૃત સંગીતયુક્ત, શ્રેષ્ઠ ધનને ખર્ચવાવાળી, ભક્તિપૂર્વક ભવ્યજનો યાત્રા કરે છે. ॥૧૧॥

આ જ તીર્થમાં શાંતિનાથ, કુંથુનાથ, અરનાથનાં ચાર કલ્યાણકો થયેલાં, જગતનાં જીવોને આનંદિત કરનાર સમેતશિખર ઉપર મોક્ષે ગયા. ॥૧૨॥

૧૬માં, ૧૭માં અને ૧૮માં તીર્થંકર અનુક્રમે ભાદરવા વદ ૭, ભાદરવા સુદ ૯ અને ફાગણ સુદ ૨નાં દિવસે દેવલોકથી ચ્યવેલા ॥૧૩॥

જેઠ વદ ૧૩, વૈશાખ વદ ૧૪, માગશર સુદ ૧૦નાં દિવસે જન્મેલાં ॥૧૪॥

જેઠ વદ ૧૪, વૈશાખ વદ ૫, મહા સુદ ૧૧નાં દિવસે ત્રણે ભગવાનની દીક્ષા થયેલી. ॥૧૫॥

પોષ વદ ૯, ચૈત્ર સુદ ૩, કાર્તિક સુદ ૧૨નાં દિવસે કેવળજ્ઞાન થયેલ. ॥૧૬॥

જેઠ વદ ૧૩, વૈશાખ સુદ ૧૫, માગશર સુદ ૧૦નાં દિવસે આપ મોક્ષે પધારેલા. ॥૧૭॥

આપનાં જેવાં પુરૂષરત્નોની આ જન્મભૂમિ છે. જે સ્પર્શ માત્રથી માણસોનાં અનિષ્ટને દૂર કરે છે. ॥૧૮॥

સ્તુતિની તો વાત જ શું કરવી ?

તેવાં પ્રકારનાં અતિશયવાળા, પુરૂષ પ્રણીત જિનેશ્વરોનાં કલ્યાણકવડે શોભિત ગંગાના પાણીનાં સંગથી પવિત્ર
આ ગજપુર તીર્થરત્ન લાંબા કાળ સુધી જય પામો. ॥૧૯॥

આ પ્રમાણે શક સંવત ૧૨૫૩ માં વૈશાખ સુદ ૬નાં દિવસે યાત્રા માટે સંઘ સાથે આવેલાં જિનપ્રભસૂરિએ ગજપુર તીર્થનું સ્તોત્ર રચેલ. ॥૨૦॥

# શ્રી અષ્ટાપદગિરિ કલ્પઃ

સુવર્ણ જેવી દેહની કાંતિવાળા, ભવરૂપી હાથીને નાશ કરવામાં અષ્ટાપદસમાન શ્રી ઋષભદેવને નમસ્કાર કરીને અષ્ટાપદગિરિનાં કલ્પને સંક્ષેપથી હું કહું છું. ॥૧॥

આ જ જંબુદ્વીપનાં ભરતક્ષેત્રનાં દક્ષિણ ભારતની મધ્યે નવ યોજનવિસ્તારવાળી, બાર યોજન લાંબી અયોધ્યાનગરી હતી. તે નગરી શ્રી ઋષભદેવ, અજીતનાથ, અભિનંદનસ્વામી, સુમતિનાથ, અનંતનાથાદિ જિનેશ્વરોની જન્મભૂમિ હતી.

તે અયોધ્યાનગરીની ઉત્તરદિશામાં બાર યોજન ગયે છતે અષ્ટાપદ નામનો (બીજું નામ કૈલાસ) મનોહર પર્વત છે, તે આઠ યોજન ઉંચો, સ્વચ્છ સ્ફટિક શિલામય, હોવાથી લોકમાં ધવલગિરિ એ પ્રમાણે તેનું નામ પ્રસિદ્ધ થયું.

આજે પણ અયોધ્યાનાં પાદરમાં વર્તતા ઉડ્ડયન નામના કૂટની ઉપર રહેલાં માણસોને નિર્મલ આકાશમાં તે પર્વતની સફેદ શિખરની શ્રેણી દેખાય છે. તે પર્વત મોટા સરોવર, ઘનરસયુક્તવૃક્ષ, ઝરણાં, પાણીનાં પૂરથી યુક્ત છે. વળી જેની આસ-પાસ વાદળા ફરે છે. મદોન્મત્ત મોર વિગેરે પક્ષીનાં સમૂહનાં કલકલ અવાજથી મધુર, કિંનર, ખેચર, સ્ત્રીઓથી મનોહર ચૈત્યવંદન માટે ચારણ શ્રમણાદિ લોકો જ્યાં આવે છે. દેખવામાત્રથી જે ભૂખ, તરસને દૂર કરે છે અને નજીકમાં વર્તતા માનસરોવરથી શોભિત છે.

આ જ પર્વતની તળેટીમાં અયોધ્યાવાસીઓ વિવિધ પ્રકારની ક્રીડા કરે છે. તે જ પર્વતનાં શિખર ઉપર છ ઉપવાસના તપવાળા પર્યંકાસને રહેલાં શ્રી ઋષભદેવસ્વામી દસ હજાર સાધુઓની સાથે મહાવદી તેરસનાં દિવસે અભિજીત નક્ષત્રનાં પૂર્વાહ્નમાં નિર્વાણ પામ્યા. ત્યાં સ્વામીની ચિતા રચાઈ. દક્ષિણ દિશામાં ઈક્ષ્વાકુવંશના મહાપ્રભુની ચિતા કરાઈ. પશ્ચિમ દિશામાં બાકીનાં સાધુઓની ચિતા કરાઈ. ત્રણે ચિતાનાં સ્થાનમાં દેવો વડે ત્રણ સ્તૂપ કરાયા.

ભરતચક્રવર્તી વડે સ્વામીનાં સંસ્કારભૂમિની નજીક એક યોજન લાંબો, અડધો યોજન પહોળો, ત્રણ ગાઉ ઉંચો, સિંહ નિષદ્યા નામનો પ્રાસાદ કરાવ્યો. તે રત્નનાં પત્થરથી યુક્ત વેડૂર્યરત્નમય હતો. તેનાં ચાર દ્વારો સ્ફટિકરત્નમય કરાવ્યા. દરેક દ્વારની પાસે સોળ રત્નચંદનનાં કળશો કરાવ્યા. દરેક દ્વાર ઉપર સોળ અષ્ટમંગલ કરાવ્યા. દરેક દ્વાર પર સોળ રત્નમય તોરણો બનાવ્યા. તે દ્વાર પર વિશાળ મુખમંડપો, તે

મુખમંડપોની આગળ ચાર પ્રેક્ષામંડપ, તે પ્રેક્ષામંડપની આગળ મધ્યમાં વજ્રમય અખાડા, દરેક અખાડાની મધ્યભાગમાં રત્નસિંહાસન છે. પ્રત્યેક પ્રેક્ષામંડપની આગળ મણિપીઠીકા છે. તે મણિપીઠીકાની ઉપર રત્નમય ચૈત્યસ્તૂપ છે. તે ચૈત્યસ્તૂપની આગળ દરેક દિશામાં મોટી વિશાળ મણિપીઠીકા છે. તે મણિપીઠીકાની ઉપર ચૈત્યવૃક્ષ છે. પાંચસો ધનુષ પ્રમાણવાળા ચૈત્યસ્તૂપની સામે રત્નથી નિર્મિત સર્વઅંગવાળા ઋષભદેવ, વર્દ્ધમાન, ચંદ્રાનન, વારિષેણ નામના શાશ્વત તીર્થંકરો પર્યંકાસને બેઠેલા છે. મનોહર નંદીશ્વરદ્વીપની મધ્યે રહેલી છે તેવી તે શાશ્વતા જિનેશ્વરની પ્રતિમાઓ છે. તે ચૈત્યસ્તૂપની આગળ દરેક ચૈત્યવૃક્ષો છે. તે ચૈત્યવૃક્ષની આગળ દરેક મણિપીઠીકા છે. તે મણિપીઠીકાની ઉપર ઈન્દ્ર ધ્વજા છે. દરેક ઈન્દ્રધ્વજાની આગળ પગથિયાથી યુક્ત તોરણયુક્ત સ્વચ્છ જલથી પૂર્ણ, વિચિત્ર પ્રકારનાં કળશોથી મનોહર દધિમુખ પર્વતનાં આધારે રહેલી વાવડી સરખી નંદા નામની વાવડી છે. સિંહનિષદ્યા નામનાં મોટા ચૈત્યનાં મણિપીઠીકા છે. તેની ઉપર વિચિત્ર રત્નમય દેવચ્છંદક છે. તે દેવછંદાની ઉપર વિવિધ પ્રકારનાં વર્ણોથી યુક્ત ચંદરવો છે. તે ચંદરવાની અંદર વ્રજમય આંકડા (કડા) છે. તે કડા ઉપર લટકેલા કુંભ સરખા અને આમળાં સરખા મોટા મુક્તાફળનાં હારો છે. તે હારનાં અંતમાં સ્વચ્છ મણિપીઠીકા છે. મણિપીઠીકાની અંતમાં વ્રજમાલિકા છે.

ચૈત્યની ભીંતમાં વિચિત્ર મણિમય ગવાક્ષોમાં બળતાં અગરૂ ધૂપનો સમૂહ રહેલો છે. તે દેવછંદામાં રત્નમય ઋષભાદિ ૨૪ જિનેશ્વરની પ્રતિમાઓ છે. પોતપોતાનાં સંસ્થાન, માન, વર્ણથી યુક્ત પ્રતિમાઓ ભરતચક્રવર્તિએ કરાવેલ.

તેમાં ઋષભદેવ, અજીતનાથ, સંભવનાથ, અભિનંદનસ્વામી, સુમતિનાથ, સુપાર્શ્વનાથ, શિતલનાથ, શ્રેયાંસનાથ, વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાંતિનાથ, કુંથુંનાથ, અરનાથ, નેમિનાથ અને મહાવીરસ્વામી સુવર્ણમય છે.

મુનિસુવ્રતસ્વામી-નેમિનાથ રાજાવર્તમય છે.

ચંદ્રપ્રભને સુવિધીનાથ સ્ફટિકમય છે.

મલ્લીનાથને પાર્શ્વનાથ વૈડૂર્યરત્નમય છે.

પદ્મપ્રભને વાસુપૂજ્ય પદ્મરાગમય છે.

તેમાં સર્વે પ્રતિમાઓ પ્રતિસેકથી પૂર્ણ લોહિતાક્ષનાં નખો અંકરત્નનાં છે.

નખનાં અંતભાગસુધી જાવચર જેવાં લોહિતાક્ષ મણિરસથી સિંચાય તેને પ્રતિસેક કહેવાય.

નાભિ, કેશાન્ત ભૂમિ, જીભ, તાળુ, શ્રીવત્સ, સ્તનનાં બિંબો હાથ, પગનાં તલો સુવર્ણમય છે.

નયનપદ્મ, કણીનિકા, મંસૂ, ભ્રૂવા, રોમ અને મસ્તકનાં બાલ અરિષ્ટ રત્નમય છે.



હોઠો, વિદ્રુમરત્નમય, દાંત-સ્ફટિકમય, શીર્ષઘટિકા-વજ્રમય, લોહિતાક્ષ પ્રતિસેગવાળી સુવર્ણમય નાસિકા, લોહિતાક્ષ પ્રતિસેગનાં અંતભાગવાળી અંકરત્નમય લોચનો છે. તે પ્રતિમાઓનાં પાછળનાં ભાગમાં એકેક રત્નમય મુક્તા-પ્રવાલ-જાલ-કંસ-કોરંટ મલ્લદામવાળી, સ્ફટિક મણિમય દંડવાણ, શ્વેતછત્રને ધારણ કરવાવાળી છત્રધર પ્રતિમાઓ છે. તે પ્રતિમાઓની બંને બાજુ ઉઠાવેલ મણિમય ચામરવાળી ચામરધારીની પ્રતિમાઓ છે, રત્નમય સર્વઅંગોમાં ઉજ્જવલ પર્યુપાસના કરે છે.

તથા દેવછંદામાં ૨૪ રત્નઘંટા, ૨૪ માણિક્યના અરીસાઓ, સુવર્ણમય યોગ્ય સ્થાને ગોઠવાયેલી દીવીઓ, રત્નદાભડા, ફૂલદાનીઓ, મોરપીંછ, (રક્ષા) પોટલિઓ, સુવર્ણમય ઘરેણાના દાભડા, ધૂપધાણીયાં, આરતિ, રત્નમય મંગલદીવા; રત્નમય ભૃંગાર, રત્નમયથાળ, લાલચોલ સોનાનાં પાત્રો, રત્નચાંદિનાં કળશ, રત્નમય સિંહાસન, રત્નમયઅષ્ટમંગલ, સ્વર્ણમય તેલનાં ડબ્બા, સુવર્ણમય ધૂપભાંડ, સ્વર્ણમય કમલનો સમૂહ છે. એ પ્રમાણે દરેક પ્રતિમાઓની આગળ સમજવું.

તે ચૈત્યની છત ચંદ્રકાન્તમણિથી શોભિત હતી. વૃષભ=ઉત્તમજાતિના બળદ, મગર, ઘોડા, નર, કિંનર, પંખી, વાલગ, હરણ, ગાયના વાળના પાત્રો, સરભ, ચમરી ગાય, હાથી, વનલતા વગેરેના ચિત્રો થી વિચિત્ર, રત્નથાંભલાઓથી ભરપુર, ધજાઓથી મનોહર. સોનાનાં ધજાદંડથી વિભૂષિત, તેમાં રહેલી ઘુઘરીનાં મધુર અવાજથી વાચાળ, પદ્મરાગ નામના રાતાવર્ણવાળા મણિના કળશથી સુશોભિત, ગોશિર્ષ ચંદન રસનાં થાપાના લાંછનથી યુક્ત જેનો પ્રવેશદ્વાર બન્ને બાજુથી ચંદનરસથી લિપ્તકળશયુગલથી અલંકૃત છે. તિર્ચ્છી = આડી બાંધેલી તેમજ લટકાવેલી તેમજ ધૂપથી વાસિત કરેલી એવી સુંગધી માળાથી મનોહર, પાંચવર્ણનાં ફૂલથી જેનો તળીયાનો ભાગ રચાયેલો છે. કર્પૂર, અગરૂ, કસ્તૂરી, ધૂપનાં ધૂમથી અંધકારમય કરાયેલ, અપ્સરાનાં સમૂહથી છલોછલ ભરાયેલ, વિદ્યાધરીઓથી ચારેબાજુ ઘેરાયેલ, આગળ, પાછળ તથા બંને બાજુ સુંદર ચૈત્યવૃક્ષથી અને મણિપીઠીકાથી શોભિત એવું ચૈત્ય ભરતની આજ્ઞાથી વિધિપૂર્વક વર્ધકીરત્ને તૈયાર કર્યું.

ત્યાં આગળ દિવ્યરત્નની શિલાથી નવ્વાણું ભાઈઓની પ્રતિમા કરાવી અને સેવા કરતી એવી પોતાની પ્રતિમા કરાવી. ચૈત્યની બહાર એક ઋષભદેવભગવંતનો સ્તૂપ કરાવ્યો. અને ૯૯ ભાઈઓનાં સ્તૂપ કરાવ્યા.

અહીં માણસોની અવર જવરથી આશાતના ન થાય તેનાં માટે લોઢાનાં યંત્રવાળા આરક્ષક પુરૂષો બનાવ્યા. તેથી આવવા જવાનું અશક્ય બન્યું. પર્વતનાં શિખરો દંડરત્નવડે છેદ્યા. એથી તે પર્વત ઉપર ચઢવાનું બંધ થઈ ગયું. મનુષ્યો ઓળંગી ન શકે તેવાં એક યોજનના લાંબા આઠ પગથીયા મેખલારૂપે કરાવ્યા. એથી અષ્ટાપદ એ પ્રમાણે નામ પ્રસિદ્ધ થયું.

ત્યાર પછી કાળક્રમે ચૈત્યનાં રક્ષણ માટે સગરચક્રવર્તીના સાઠ હજાર પુત્રોએ દંડરત્ન વડે પૃથ્વીને ખોદીને હજાર યોજન ની ઉંડી પરિખા (ખાઈ) કરી.

દંડરત્નથી ગંગા તટને વિદારીને પાણી વડે પૂરી. તેથી ગંગા નદી ખાઈને પૂરીને અષ્ટાપદ પર્વતની નજીક રહેલાં ગામ, નગર પુરાદિને પાણીમય કરવા લાગી.

વળી દંડરત્નથી કાઢીને કુરૂદેશની મધ્યે, હસ્તિનાપુરનાં દક્ષિણ દિશાથી, કૌશલદેશનાં પશ્ચિમ દિશાથી, પ્રયાગતીર્થનાં ઉત્તર દિશાથી, કાશીદેશનાં દક્ષિણદિશાથી, વત્સદેશનાં દક્ષિણબાજુથી મગધદેશનાં ઉત્તરબાજુથી માર્ગમાં આવતી નદીઓને કાપતી (ગંગાનદીને) સાગરનાં આદેશ વડે જહ્નુનાં પુત્ર ભગીરથકુમારે પૂર્વસમુહમાં ઉતારી. તે દિવસથી ગંગાસાગર તીર્થ પ્રસિદ્ધ થયું.

આ જ પર્વત ઉપર ઋષભસ્વામીનાં આઠ પૌત્રો અને ૯૯ પુત્રો સ્વામિની સાથે ૧૦૮ એક સમયે ઉત્કૃષ્ટ અવગાહનાથી સિદ્ધ થયા. તે આશ્ચર્ય થયું.

આ પર્વત ઉપર પોતાની શક્તિથી ચઢીને જે મનુષ્યો ચૈત્યને વંદન કરે તે આ જ ભવમાં મોક્ષને પ્રાપ્ત કરે. એ પ્રમાણેશ્રી મહાવીરસ્વામીએ વર્ણવ્યું હતું. તે સાંભળીને ભગવાન ગૌતમસ્વામી લબ્ધિનાં ભંડાર આ શ્રેષ્ઠ પર્વત ઉપર ચઢ્યા. ચૈત્યોને વંદન કરીને અશોક વૃક્ષ નીચે વૈશ્રમણદેવની આગળ સાધુઓનાં તપથી પાતળાં બનેલાં અંગનું વખાણ કરી રહ્યાં હતાં. ત્યારે તેઓ પોતે પુષ્ટ શરીરવાળા છે. એથી વૈશ્રમણદેવ ને 'અરે ! આ તો અન્યથાવાદી (અન્યથાકારી) છે' એ પ્રમાણે ઉભા થયેલ વિકલ્પને નિવારણ કરવા માટે પુંડરિક અધ્યયની પ્રરૂપણા કરી.

પુંડરિક ખરેખર પુષ્ટ શરીરવાળા હોવા છતાં ભાવશુદ્ધિથી સર્વાર્થસિદ્ધવિમાનમાં ગયા. કંડરિક દુર્બલ દેહવાળા હોવા છતાં સાતમી નરકમાં ગયા. તે પુંડરિક અધ્યયન વૈશ્રમણ દેવે ગૌતમસ્વામીના મુખથી સાંભળીને અવધાર્યુ.

તે વૈશ્રમણ તુંબવન નગરમાં ધનગિરિની પત્ની સુનંદાનાં ગર્ભમાં ઉત્પન્ન થઈને દશપૂર્વધર વજસ્વામી થયા. અષ્ટાપદ પર્વત ઉપર ચઢતાં ગૌતમસ્વામીએ કૌડિન્ય, દિન્ન, સેવાલિ પ્રમુખ ૧૫૦૩ તાપસોને દીક્ષા આપી.

તાપસોએ લોકવાયકા અને જનપરંપરાથી 'આ તીર્થમાં ચૈત્યોને વંદન કરે તે તે જ ભવમાં મોક્ષ પામે' એ પ્રમાણે વીરવચન ને સાંભળી પહેલી, બીજી અને ત્રીજી મેખલામાં અનુક્રમે આરૂઢ થયા. પરંતુ ગૌતમસ્વામીને અટક્યા વિના ઉતરતા દેખીને વિસ્મિત થઈ પ્રતિબોધ પામ્યા અને દીક્ષા લીધી.

તે જ પર્વત ઉપર ભરત ચક્રવર્તી પ્રમુખ કરોડો મહર્ષિ સિદ્ધ થયા. ત્યાં જ સગર ચક્રવર્તિનો સુબુદ્ધિ નામનો મહામંત્રી. જન્હુઆદિ સગરપુત્રો, આદિત્ય યશથી આરંભી પચાસ લાખ કરોડ સાગરોપમની મધ્યે ભરત મહારાજાના વંશમાં ઉત્પન્ન થયેલાં રાજર્ષિઓ મોક્ષે ગયા. ચિત્રાન્તર ગંડિકામાં સર્વાર્થ સિદ્ધિ ગતિ અને મોક્ષગતિમાં ગયેલા આ અષ્ટાપદ પર્વત ઉપર પ્રવચનદેવતા વડે લવાયેલી વીરમતી વડે ચોવીસ જિનેશ્વરની પ્રતિમાના કપાળમાં સુવર્ણમયરત્નથી યુક્ત તિલકો કરાયા. ત્યાર પછી તેણી ધુસરીના ભવને યુગલિક ભવને તથા દેવભવને પ્રાપ્ત કરીને દમયંતીનો ભવ પ્રાપ્ત થયે છતે અંધકારને (દૂર કરીને) પ્રભા વડે શોભતા કપાળ પ્રદેશમાં સ્વાભાવિક તિલક થયું. તેનું વર્ણન કર્યું.

આ જ પર્વત ઉપર વાલિ મહાઋષિ કાઉસગ્ગમાં સ્થિત રહેલાં ત્યારે વિમાનને અટકાવવાથી ક્રોધિત થયેલાં રાવણે પૂર્વવૈરને યાદ કરી તલભૂમિને (નીચે ભૂમિને) ખોદીને ત્યાં પ્રવેશ કરીને 'પોતાનાં વૈરી વાલિમુનિને અષ્ટાપદ પર્વતની સાથે ઉપાડીને લવણસમુદ્રમાં નાંખુ' એ બુદ્ધિથી હજાર વિદ્યાને યાદ કરીને ગિરિને ઉપાડ્યો. તે હકીકતને અવધિજ્ઞાન વડે જાણીને ચૈત્યરક્ષા નિમિત્તે પગનાં અંગુઠા વડે ગિરિનાં મસ્તકને તે વાલિઋષિએ દબાવ્યું. તેથી સંકુચિત ગાત્રવાળા રાવણે મુખથી લોહીને વમતાં મોટો અવાજ કર્યો. તે દિવસથી દશાનનનું 'રાવણ' એ પ્રમાણે નામ પ્રસિદ્ધ થયું. પછી દયાળુ મહર્ષિ વડે મુકાયેલા તે રાવણે પગમાં પડીને ખમાવ્યા અને પોતાનાં સ્થાને ગયો.

આ જ લંકાધિપતિ જિનેશ્વરની આગળ નાટકને કરતાં દૈવ યોગે વીણાનો તાર તુટતાં નાટકનો ભંગ ન થાય તે હેતુથી પોતાની ભુજાની નસને ખેંચીને વીણામાં લગાડી. આવા પ્રકારનાં વીણાવાદનથી ભક્તિની સાહસિકતાથી ખુશ થયેલાં વંદના માટે આવેલાં ધરણેન્દ્રે રાવણને અમોઘવિજયા નામની વિદ્યા શક્તિ આપી.

તે જ પર્વત ઉપર ગૌતમસ્વામી વડે સિંહનિષદ્યા નામનાં ચૈત્યનાં દક્ષિણ દ્વારમાં પ્રવેશ કરતાં સંભવ આદિ પ્રથમ ચાર પ્રતિમાઓને ત્યાર પછી પ્રદક્ષિણા આપતાં પશ્ચિમદ્વારમાં સુપાર્શ્વનાથ આદિ આઠ પ્રતિમાને ઉત્તરદ્વારમાં ધર્મનાથાદિ દશ પ્રતિમાને તથા પૂર્વદ્વારમાં રહેલી ઋષભ-અજીત આદિ બે પ્રતિમાને વંદન કર્યા.

આ તીર્થ અગમ્ય છે તો પણ પાણીમાં પ્રતિબિંબ પડતાં ધજા, કળશાદિ ને દેખે તે ભવ્ય જીવ વિશુદ્ધ ભાવના વાળો, પૂજા ન્હવણાદિ ત્યાં આગળ કરે તે યાત્રાદિ ફળને પ્રાપ્ત કરે છે કારણ કે ભાવ જ ફળને આપનાર છે. ભરતેશ્વરે નિર્માણ કરેલાં ચૈત્યસ્તૂપમાં પ્રતિમાને જે પ્રણામ કરે છે. તે ધન્ય છે તે પુણ્યનાં ભંડાર છે.

આ અષ્ટાપદનાં કલ્પને જિનપ્રભસૂરિ વડે નિર્માણ કરાયેલ. જે ભવ્ય જીવો પોતાનાં મનમાં ધારણ કરે તે કલ્યાણને પ્રાપ્ત કરે છે. પહેલાં અષ્ટાપદમાં જે અર્થ સંક્ષેપથી કરાયો તે આ કલ્પમાં અમારા વડે વિસ્તારથી કહેવાયો.

**"ઇતિ અષ્ટાપદ કલ્પઃ"**

# હિમાલય અનુભવ



* હિમાલયની યાત્રા એટલે સ્વર્ગમાં મહાલવા જેવું. 'શું સાચે જ આવું જ સ્વર્ગ હશે ?'
* હિમમંડિત ધવલ શિખરોની શોભા શબ્દો વર્ણન કરી શકે તેમ નથી.
* હિમખચિત ગિરિશૃંગો જાણે આભમાં વિલિન થઈ જાય છે. ક્યારેક આકાશ અને શિખરનો ભેદ કરવો દુષ્કર થઈ પડે.
* 'વિચ્છુઘાંસ' એક વનસ્પતી છે એને અડવાથી વીંચ્છીએ દંશ માર્યો હોય તેવી વેદના થાય. ઓછામાં ઓછા ૩-૪ કલાક વધારેમાં વધારે ૨૪ કલાક
* એક સ્થાન થી બીજા સ્થાને જવા માટે કાચા રસ્તા ઘણા છે પણ કેટલીક પ્રતિકુળતાઓ
  - ડુંગર પર સીધુ ઉંચુ ચઢાણ હોય.
  - રસ્તામાં છુટા પત્થરો પર જ ચાલવાનું હોય.
  - નીચે ઉતરતા પણ પત્થરો પર પગ મુકીને જ ઉતરાય. પત્થર ગબડયો તો 'ધબાય નમઃ'
  - ક્યારેક લીલોત્તરીની સંભાવના ખરી.
  - હિમાલય જલ બહુલ ક્ષેત્ર છે એટલે કાચા રસ્તે કીચડની સંભાવના ખરી.
  - ગમે ત્યારે વરસાદ પડે. બરફ પડે.

- 'જોંક' નામનું એક જીવડું પગમાં ચોંટી જાય લોહી પીએ ખબર જ ન પડે કે 'જીવડું લોહી પીએ છે.' પગ પર થી જીવડું દૂર કર્યા પછી ખુબ લોહી નિકળે.
  - 'જોંક' પગમાં ન લાગે તે માટે એક કાચલી પાણીમાં બે ઢાંકણ 'ડેટોલ' મીક્ષ કરી ઢીંચણ સુધી રૂ દ્વારા લગાવવામાં આવે તો 'જોંક' ચોંટે નહિં. ચોંટી હોય તો નીકળી જાય મરે નહિં.

    કેટલાક પગમાં મીઠુ ઘસવાનું કહે છે પણ તેનાથી 'જોંક' મરી જાય છે. એવું કરવું નહિં.

- જંગલમાં જ રાત પડી જાય તો જંગલી જાનવરોનો ભય.

  અમે એક રાત એક જંગલી ઝુંપડીમાં રહ્યા હતા. આખી રાત સુવર-દિપડો-રીંછ અમારી ઝુંપડીની ચારે બાજુ ફરતા રહ્યા. આખી રાત ઝુંપડીનો દરવાજો ખોલ્યો નહિં.

  - રોડ ઉપર ૧૦ કિ.મી. ચાલો અને કાચા રસ્તે માત્ર ૨ કિ.મી. ચાલો શક્તિ એક સરખી વપરાય.

  - રસ્તાના કિનારા પર અને વૃક્ષો ઉપર નીલ ફુગ હોય છે. કેટલીક જગ્યાઓ તો એવી છે જ્યાં ૨૪ કલાકમાં ક્યારેય સુરજ નો તડકો આવતો નથી. સતત અંધકાર અને ઠંડક હોય છે.



* એપ્રિલ-મે-જુન-જુલાઈ અહિં આવવા માટે સૌથી સારો સમય છે.
* પારિષ્ઠાપનીકા માટે ઉચિત સ્થાનો છે. દોષ લગાડવાની બીલકુલ જરૂર નથી. પ્યાલાનો ઉપયોગ સર્વોત્તમ છે.
* અહિં ઉતરવાના સ્થાન તરીકે મંદિર - આશ્રમ મળશે સ્કુલોની સંભાવના નહિંવત્ છે.
* મંદિરમાં ઉતરવાનું થાય તો પુજારી દાન-દક્ષિણાની અપેક્ષા રાખે જ.
* અહિં ક્યાંય 'નોનવેજ' વપરાતું નથી
* કંદમૂળ નો ઉપયોગ વધુ છે.
* મંદિરમાં ઉતરો તો લઘુ-વડિનીતિ નો વિવેક ખુબ રાખવો.
* રસ્તામાં ચાલતા-ચાલતા જ એક દિવસનાં ૧૫-૨૦ ઝરણા જોવા મળે.

* રોડ નદીઓનાં કિનારે-કિનારે જ ચાલે છે. ક્યારેક પણ મન થાય તો ધ્યાન-જાપ આદિ માટે નદી કિનારે બેસી શકાય. નદી કિનારે મોટી-મોટી શીલા હોય. ઉપર આસન જમાવી દેવું.

* ગંગાનદીનું પાણી સફેદ છે. યમુનાનું કાળું છે.

* યમુનોત્રીથી ઉપર ૧૦ કિ.મી. ડુંગર ચઢીને જતા સપ્તર્ષિકુંડ છે તેમાં શ્રાવણ મહીને 'બ્રહ્મકમળ' ઉગે છે. પણ રસ્તામાં બરફ હોય છે, પુછીને જવું. ભોમીઓ તો સાથે જોઈશે જ.

* યમુનોત્રીથી સપ્તર્ષિકુંડ જતા રસ્તામાં વિવિધ જાતના ચિત-વિચિત્ર ફૂલો આવે છે. સુંઘવા નહિં બેહોસ થઈ જવાય. કેટલીક જડીબુટ્ટીઓ નશીલો વાયુ છોડે છે તેનાથી પણ માણસ બેભાન થઈ જાય સાથે જાણકાર હોય તો ઉપાય થાય.

* યમુનોત્રીનું શીખર ૧૧૦૦૦ ફૂટથી પણ વધું ઉંચું છે છતાં 'ઓક્સિજન' સારૂં છે. કોઈક ને શ્વાસની તકલીફ હોય તો ધ્યાન રાખવું.

* 'જાનકી ચટ્ટી' થી ૬ કિ.મી. યમુનોત્રી જવા માટે સીધુ ચઢાણ છે. બે-અઢી કલાક પગે ચાલીને ઉપર જતા લાગે.

* વરસાદમાં પલળવું નહિં, તબીયત અસ્વસ્થ થશે.

* હરિદ્વારથી ૧૦૦ કિ.મી. ઉપર ચઢી ગયા પછી દરેક વ્યક્તિએ 'સુદર્શન ઘનવટી' ઝંડુ ફાર્મસીની ૧-૧ ગોળી સવાર સાંજ અથવા ૨ ગોળી બપોરે ભોજન પછી લઈ લેવી. જેથી થાક ઓછો લાગસે. ઠંડી હવાની અસર નહિં થાય. તાવ-શરદી નહિં આવે.

* આખી યાત્રામાં 'અમૃતધારા' સાથે રાખવી.

* આવશ્યક વસ્તુઓ -

- કાપુસ (રૂ)
- કપુરગોટી
- સુદર્શન ઘનવટી
- પેન-ડાયરી-પેનસીલ
- લાંબી દોરી (લગભગ ૧૦ મીટર)
- સેફ્ટીપીન ૧-૨
- વિક્ષ બામ
- બેન્ડેડ પટ્ટી
- અમૃતધારા તેલ
- સુઈ-દોરો
- સોફરામાઈસીન
- ડેટોલ નાની બોટલ
- સાથે માણસની પાસે ટોર્ચ
- કમ્બલ-કામળી

* અહિં દરેક વૃક્ષ-વનસ્પતિનો જાદુઈ પ્રભાવ છે. સમજોને ચિત્રાવેલી અને અમરવેલી ડગલે ને ડગલે છે.
  કોઈક જાણકાર હોય તો ભંડાર ભરપૂર છે.
* સફેદ દારૂડી પુષ્કાળ જોવા મળી.
* નાગજાળનાં ફળો કચરામાં પડ્યા છે.
* અખરોટ-તમાલપત્ર-તજ-ચીડ-લીંચી-દાડમ જેવા વૃક્ષો નો પાર નથી.
* રંગબેરંગી પંખીડા ખુબ આકર્ષણ ઉભું કરે છે.
* દિવસ અને રાત વિવિધ જાતના પક્ષીઓનો સુમધુર કલરવ અત્યંત આકર્ષણનું કેન્દ્ર છે.
  રસ્તામાં ચાલતા-ચાલતા પણ પક્ષીઓ આનંદ કરાવે.
* હિમાલયનાં કેટલાક નાના પશુઓ જોવા લાયક છે - જેમકે ખીસકોલી જેવું મોટા કુતરા
  જેવું પ્રાણી બે પગ ઉંચા કરી ઉભું રહી આજુ-બાજુ જુએ. કેવું સરસ લાગે.
* અહિં કાળાકાગડા નો અવાજ જુદી જાતનો છે.
* અહિં કુતરા રીંછ જેવા વાળવાળા હોય છે.
* ગુલાબ ખુબ મોટા અને પ્રમાણમાં ઘણા થાય છે.
* અહિનાં લોકો ખુબ સારા છે. ગઢવાલી ભાષા બોલે છે. આપણ ને સમજમાં ન આવે, હિન્દી ચાલે.
* અહિં આવવાનો પ્રોગ્રામ ફીક્સ દિવસો માટે કરવો નહિં. એટલે
  'આટલા દિવસોમાં આટલું પતાવવું જ' જ્યાં જાવ ત્યાં ખુબ આરામ થી જાવ.
  કાલે ક્યાં જવું છે કંઈ ખબર ન હોવી જોઈએ. બસ મસ્તીથી આગળ વધતા રહેવું.
* નદી કિનારે શીલા પર બેસી સુમધુર કલરવ સાંભળતા તાદાત્મ્ય સિદ્ધ કરવું એક રોચક પ્રસંગ છે.
* જંગલમાં રીંછ-દિપડો-હરણ-સુવર-હાથી-જંગલી શીયાળ અને હિમાલયી
  નાના-નાના જીવો ઘણા પ્રમાણ માં છે. રોડ ઉપર ચાલશો તો દૂર પર્વતની કોતરોમાં જોવા મળે.
  રોડ ઉપર કોઈ નહિં આવે.



* દર ૪-૫ કિ.મી. ઉપર એક ગામ હોય છે. વાહનોની અવર-જવર પુષ્કળ છે. ડર જેવું કશું નથી.
* રસ્તામાં ચાલતા યોગી-દરવેશ-યાત્રીક ઘણા મળે સૌ 'જય જય' કરતા આગળ વધે.
* અહિં આખા દિવસમાં ગમે ત્યારે વિહાર થઈ શકે, વાતાવરણ ઠડું છે. સુરજની હાજરી માં ખુશનુમા વાતાવરણ હોય. રાત્રે ઠંડી વધી જાય. હવા ન આવે એવા સ્થાનમાં રાત્રિ વિશ્રામ વધારે ઉચિત છે.
* ઝરણાનું પાણી કાંચ જેવું શુધ્ધ હોય છે.
* ઉચ્ચ સાધના ના ઈચ્છુકો માટે સૌ પ્રથમ 'ભય જીતવો જોઈએ' તે માટે હિમાલય ખુબ ઉત્તમ છે.
* કોઈ પણ સ્થાને બેસતા અજાણ્યો ભય આવી જાય. નદી કિનારે બેઠા હોઈએ તો એવા વિચાર આવે ક્યાંય સાપ-વીંછી-કાનખજુરો-કાચીંડો અથવા અન્ય કોઈ ઝીણા જીવડા તો નહિં આવી જાય ને ? એકાન્ત સ્થાને ઝાડ નીચે બેઠા હોઈએ તો પણ કોઈ જાનવર તો આવી નહિં જાય ને ? આવો ભય સતત મનમાં રહે. એકાન્તમાં જેને સાધના કરવી છે તેઓએ આવો ક્ષુદ્રભય જરૂર જીતવો પડે એ પછી જ આગળ વધી શકાય અન્યથા કાયક્લેષ માત્ર થઈ રહેશે.
* એક ને એક સ્થાને ૧૦ દિવસ આસન જમાવી ને સ્થિર થાવ તો ધીરે-ધીરે ભય ઓછો થઈ જશે.
* સાધનામાં બીજુ ચરણ છે. વાતાવરણમાં ચારે બાજુ આવતા અવાજો ને એક-એક કરીને સાંભળો. જો-જો કોઈ દિશા કે કોઈ અવાજ બાકી રહી જાય નહિં. એ પછી સમસ્ત અવાજ ને એક સાથે અનુભવ કરવો.
* હવે સાધના ના પ્રારંભનું ત્રીજુ ચરણ છે. અવાજ આવે છે તે અવાજ વચ્ચેની ખાલી જગ્યા ઉપર ધ્યાન આપો. ધીરે-ધીરે બધા જ અવાજ વિલિન થઈ જશે શુન્યાવકાશ માત્ર રહેશે.
* જ્યારે શુન્યાવકાશનો સ્પર્શ થશે ત્યારે સૌપ્રથમ આજ્ઞાચક્રનાં આહ્લાદક દર્શન થશે એ પછી તેમાં લીન થઈ જવાશે. બે પાંખડીવાળા આજ્ઞાચક્રનો આકાર તેજસ્વી રેખાઓમાં પ્રકાશિત થશે.
* આહાર અને ઉંઘ ક્ષેત્રનાં પ્રભાવથી જ ઓછા થઈ જાય છે.
* અહિં રહેનાર સામાન્ય લોકો અથવા બહારથી આવનાર યાત્રીકો સાથે ક્યારે પણ કડવા શબ્દોથી વ્યવહાર કરવો નહિં.

* અહિં લગભગ ૧૫૦ ફૂટથી પણ ઉંચા ઉંચા વૃક્ષો થાય છે.
* રોડ પર ચાલતા એક તરફ ઉંચો પહાડ હોય અને બીજી તરફ ઉંડી નદી હોય. તો નદી તરફ જ ચાલવાનું રાખવું. પહાડ ઉપરથી પત્થર પડવાની સંભાવના ઘણી છે. અરે વાંદરા કે હરણ જેવા પશુઓ એ ગબડાવેલા પત્થરો સીધા માથા ઉપર આવી જાય એવું બને.
* અજાણ્યા રસ્તે જવું નહિં. રસ્તો ભટકી જવાય.
* હિમાલયની યાત્રા માટે પાંચ સાધુનું ગ્રુપ સર્વશ્રેષ્ઠ છે, એથી વધુ હોય તો સ્થાન-આહારની વ્યવસ્થા વધુ કરવી પડે અથવા સાથે રાખવી પડે.
* વૃદ્ધ સંયમીઓને હિમાલય યાત્રા પ્રતિકૂળ છે. હરિદ્વાર રોકાઈ જવું.
* સરખા તન-મન નાં સામર્થ્યવાળા શ્રમણોને લઈ જવાથી આનંદ વધુ આવશે. એકાદ પણ જુદા સ્વભાવના હોય તો આનંદ ઓછો નિશ્ચિત છે.
* અહિં 'હોટલ' નો અર્થ એવો નથી કે જેવી મોટા શહેરોમાં હોય. અહિં તો નાના ગામડાની ચા-પાણીની હોટલ જેવી હોટલ હોય અને નીચે ૪-૫ રૂમ હોય. તેમાં રહેવાનું.
* નાનુ ગલુડીયું રડયા કરે એવો અવાજ કાઢતું પક્ષી ક્યાંક દૂર-દૂર બેઠું-બેઠું બોલ્યા કરતું હોય. ગુજરાતી હોલા ઉપર થોડીક લીલી છાંટ નાંખો તેવું પક્ષી હોય.
* અહિં જુદી જાતનાં પાતળાં પોપટ હોય છે, એની પુછડીનાં છેલ્લા બે પીંછા પીળા કલરનાં હોય.
* એક લાલ સર્ટ પર કાળુ જાકીટ પહેરેલા જેવું લાલ કાળું પક્ષી ખુબ સુંદર લાગે છે.
* અહિં હમણા ૪.૩૦ વાગે સવારે અજવાળુ થવા લાગે છે. સુર્યોદય થી લગભગ દોઢ કલાક પહેલા.
* રાતનાં પણ આકાશ કાળુ થતું નથી થોડું-થોડું અજવાળુ રહે જ છે. ઘનઘોર અંધકાર થતો નથી.
* અહિંનું પહાડી જીવન નિરોગી છે. ૫૦ માંથી ૧ જણને ચશ્મા હોય તો હોય. બાકી કોઈ પણ માણસને ચશ્મા નથી.



* 'ચીડ' નાં થડમાં ચીરા કરી એમાંથી ગુંદ જેવો રસ ભેગો કરવા માં આવે છે.
  તે કલર-પ્લાસ્ટીક-બેલ તેલ આદિમાં વપરાય.
* શંકુ આકાર નાં ચીડનું ઝાડ ખુબ આકર્ષક હોય છે. ઉંચા પર્વતના શિખર સુધી લગભગ ૮૦ થી ૧૫૦ ફૂટ ઉંચા-ઉંચા એક સ્થંભવાળા મહેલ જેવા ચીડ શોભે છે. દૂર થી તો એકલું ચીડ નું ઝાડ મોર પીંછા ખોલીને નાચતો હોય તેવું લાગે.
* યમુના કાલિન્દ પર્વત માંથી નીકળે છે. યમનોત્રીની આજુ બાજુ કાળા પહાડ છે. દરેક પત્થર કાળા, વૃક્ષો પણ કાળા દેખાય. જાણે આખા પહાડને બાળીને કાળો કર્યો હોય. તેવું લાગે. કલિન્દ પર્વત થી નિકળેલી હોવાથી યમુનાને 'કાલિન્દી' કહેવાય છે.
* જાનકી ચટ્ટી થી યમનોત્રી ૬ કિ.મી. ઉપર ચઢવાનું છે પણ ૧૨ કિ.મી. જેટલો થાક લાગે. ઉભું ચઢાણ છે.
* હિમાલયની યાત્રામાં કોઈ જંગલી વનસ્પતિના જાણકાર વ્યક્તિ સાથે હોય તો વધુ સારૂં.
* ડુંડા થી ૪ કિ.મી. આગળ નાંદુરી ગામની નાની ખીણમાં પીળા ધતુરાનું જંગલ છે - કેશરી મહાદેવજીના મંદિર પાસે.
* ગંગોત્રી થી ૧૦ કિ.મી. પહેલા લંકામાં સર્વત્ર 'બ્રાહ્મી' પથરાએલી છે.
* લંકા થી છેક ગૌમુખ સુધી અસંખ્ય દિવ્ય વનસ્પતિઓ નો ભંડાર છે.
* ગંગોત્રી થી ગૌમુખ જવા માટે નાની પગદંડી-છકૂટીનો કાચો રસ્તો છે. ઘણો ઉતાર-ચઢાવ નથી.
  પણ મજા ખુબ આવે. ચારે બાજુ પર્વતો પર બરફ જામેલો રહે છે.
* ચીડવાસામાં ચીડના ઝાડ ઘણા છે.
* ગંગોત્રી થી ગૌમુખ રસ્તામાં ૪ કિ.મી. આગળ જતા જ ભોજપત્રનાં વૃક્ષો આવે છે.
  ચીડવાસા ગામ પુરૂં થયા પછી તો ભોજપત્ર નું મોટું જંગલ છે.
* ધરાલીમાં કલ્પકેદાર મહાદેવનું પ્રાચિન મંદિર છે. ગંભારો પાણીથી ભરેલો છે.
  ૧૨ ફૂટ નીચે પાણીમાં શિવલિંગ છે. ગંગાકિનારે આશ્રમ જોવા લાયક છે.
* ગંગનાણી થી ગંગોત્રી સુધી સફરજનનાં બગીચા છે.
* ગૌમુખ જવા માટે સાધુ-સંતોને આશ્રમ માંથી પરમીશન પત્ર લેવો જરૂરી છે.
  સંસારીઓએ ખાતાની ઓફિસ માંથી લેવો.



* ગૌમુખથી તપોવન ૬ કિ.મી. દૂર છે. પણ બરફમાં ચાલવું પડે.
ગૌમુખથી નંદનવન સુમેરૂ પર્વત આદિ ૬ કિ.મી. દૂર છે. સ્પેશીયલ પરમીશન લઈને જઈ શકાય. પણ બરફ ખુબ છે. વાતાવરણ ક્યારેક જ સારૂં રહે છે.
* ૧૨ હજાર થી ૧૫ હજાર ફૂટની ઉંચાઈ ઉપર 'બ્રહ્મકમળ' થાય છે.
* અહિં અધિકાંશ વનસ્પતિઓ શ્રાવણ મહિનામાં પરિપક્વ થાય છે.
* હર્ષિલ થી ગંગોત્રી સુધી ઉંચા-ઉંચા પહાડોમાં 'દેવદાર' ના જ જંગલો છે.
* ગૌમુખ થી લંકા સુધી ગંગામાં ખુબ ડહોળું પાણી આવે છે.
આગળ જતા બીજુ પાણી ભેગું થતા ધીરે-ધીરે આછું થઈ જાય છે.
* ગંગાની રેતીમાં અબરખનું પ્રમાણ વધારે છે તેથી માટી ખુબ ચમકે છે.
* માનસરોવર માં ડ્રેગન આકારની સુવર્ણ માછલી જોવા મળે છે.
* રાક્ષસતાલ નાં પર્વતો માં અજગર જેવા ડ્રેગન જોવા મળે છે, ક્યારેક પાણી માં પણ દેખાય છે.
* કૈલાસ પરિક્રમા નાં ત્રીજા દિવસની યાત્રામાં પત્થરોનું મેદાન આવે તેમાં 'જિનલાલ' નામની વનસ્પતી ત્યાંના પત્થરોથી ઘસીને આંખમાં આંજવાથી આપણા બધા રોગો મટે છે.
* હિમાલયમાં ૧૩૦૦૦ થી ૧૮૦૦૦ ફૂટની ઉંચાઈમાં રાત્રે ચમકતી વનસ્પતિઓ જોવા મળે છે.
* ગાંગુલીહાટ - પાતાલભૂવનેશ્વર ની ગુફાઓ. પાતાળ ભૂવનેશ્વરનાં મંદિરમાં કુવામાં અંદર ઉતરવાનું છે - અંધારૂ છે - દોઢ સો ફૂટ નીચે ઉતર્યા પછી એક મેદાન આવે - ઐરાવણ હાથીનું ચિત્ર છે. પત્થરનું સિંહાસન છે - તે પર શેષનાગનો પટ્ટ છે. ઉપર આવી નદીનાં પ્રવાહ સાથે આગળ વધવું. નદી મોટા ધોધ રૂપે નીચે પડે છે. તેમાં નીચે ઉતરવું. નીચે બહું સુંદર ઉદ્યાન છે. અર્ધસર્પ પુરૂષ સ્ત્રીઓ છે. પાછા ગુફાની બહાર આવી જવું. ભુવનેશ્વર મંદિરમાં બેસવું. નૈનિતાલ થી પીથોરાગઢ થઈ અહિં પહોંચાય.
* નર્મદા કિનારે સુરપાણેશ્વર મહાદેવનાં મંદિરની આજુ-બાજુ ભીલોની વસતિમાં ભીલરૂપે મહાભારતનું જીવંત પાત્ર અશ્વત્થામાં રહે છે. તેની ઓળખ પીળા રંગની પાઘડી-બહુ ઉંચો-લાલ આંખો.
* ઉખીમઠ માં લાલધતુરા ના ફૂલો શિવલીંગ પર ચઢે છે.
* ઉખીમઠ નાં ઓંકારેશ્વર મંદિરનું મુખ્ય ગભારાનું દ્વારસાંખ જૈન દેરાસરનું છે.
* કેદારનાથ મંદિરની પાછળ ઉત્તુંગ હિમશિખરો છે.



* કેદારનાથ માં નાગની ફેણ જેવા ફૂલો વાળા ઘણા છોડ થાય છે.
  મોં માં જીભ હોય તેવું તરણુ નિકળેલું હોય.
* કેદારનાથમાં નાના-નાના રંગબેરંગી ફૂલોથી આખી કેદાર ઘાટી ભરેલી છે.
* ચોપતાનું જંગલ અતિભયંકર અને સુંદર છે.
* તુંગનાથનું મંદિર દુનિયામાં સૌથી ઉંચા સ્થાને છે.
* અહિં શિવમંદિરોમાં સરસીયું તેલ ચઢાવવામાં આવે છે.
* તુંગનાથ મંદિરમાં એક બુદ્ધની મૂર્તિ છે.
* કેદારનાથનાં ગભારાનું બારસાંખ જૈનમંદિર જેવું છે.
* કેદારનાથ મુખ્ય મંદિરનાં રંગમંડપમાં પાંચ પાંડવ અને કુંતીની મૂર્તિઓ છે.
* ઉખીમઠથી ચમૌલી સુધી ભયંકર જંગલ છે.
* હિમશિખરો જોવાનો આનંદ તો તુંગનાથમાં સૌથી વધુ છે.
* ગૌમુખ-ગંગોત્રી નાં પ્રદેશમાં જે વનસ્પતિઓ થાય છે તે કેદારનાથ ની ઘાટી પ્રદેશમાં થતી નથી અને જે કેદારનાથ માં થાય છે તે તુંગનાથ માં થતી નથી દરેક સ્થાને જુદી-જુદી વનસ્પતિઓ જોવા મળી.
* ચોપતા-તાલા જંગલમાં ભોજવૃક્ષો વધુ પ્રમાણમાં છે ચીડનું નામ નિશાન નથી. દિવસ કરતા રાતના જંગલની ભયંકરતા ૧૦૦૦ ગણી વધી જાય છે. સતત હિંસક જાનવરોનાં અવાજ આવ્યા કરે. પાણીના ઝરણાનાં અવાજ આવ્યા કરે. અને સુમધુર કોકિલ કંઠી પક્ષીઓનાં મધુરા ગીત સતત ચાલ્યા કરે.
* હિમાલયમાં કોઈ કોઈ ઠેકાણે ચાયમાં દુધ અને સાકર નાખવામાં આવતી નથી. તેના બદલે ઘી અને મીઠું નાખીને ચાય બનાવવામાં આવે છે.
* હિમાચલનાં કોઈ પણ કાચા રસ્તે જવું હોય તો ખાસ ખચ્ચરનાં પગલા અને ખચ્ચરનું વિસર્જન દ્રવ્ય ધ્યાન રાખવું. તેથી રસ્તો ભુલાય નહિં કારણ કે કાચા રસ્તા નો ઉપયોગ ખચ્ચરવાળા જ વધુ કરતા હોય છે.
* પુછ્યા વિના કોઈ પણ કાચા રસ્તે - પગદંડીમાં જવું નહિં. ખોવાઈ જવાની ગેરંટી.
* ઉનાળામાં પર્વતની ટોચ ઉપર જ બરફ હોય. નીચે રસ્તામાં બરફ ન હોય. એ તો સારૂં થયું. અમારે એક દિવસ પણ બરફમાં ચાલવું પડ્યું નથી.



लाभार्थी

श्री शंखेश्वर दर्शन जैन संघ, मझगांव



प.पू. मुनि **श्री ज्ञानरत्नविजयजी म.सा.**



मिठालाल पूनमचंदजी रांका



श्रीमती मोहिनीबाई मिठालालजी रांका

## • लाभार्थी परिवार •

प.पू. मुनिराज **श्री ज्ञानरत्नविजयजी म.सा.** के उपदेश से

गोल (उम्मेदाबाद) राज. निवासी

**मातुश्री मोहिनीबाई मीठालालजी**

**पुनमचंदजी रांका परिवार**

हाल - मद्रास

## • લાભાર્થી પરિવાર •

# એક શ્રુતજ્ઞાનોપાસક
# પરિવાર તરફથી



## • लाभार्थी परिवार •

मंडार (राज.) निवासी

**श्रेष्ठीवर्या संघवी असुबहन रुगनाथमलजी**
**समरथमलजी दोशी परिवार**

**पुत्र :** दिनेशकुमार, **पुत्रवधु :** मधुबेन - भँवरलाल, रेखाबेन - दिनेशकुमार
**पौत्र :** मयूर, रोहित, श्रेयांस, **पौत्रवधु :** मोना, जुही, मिली
**प्रपौत्र :** पार्श्व, विराग, पुंडरिक, प्रविर, शौर्य
**पुत्री-जमाईसा :** चंदनबेन-श्री खुमचंदजी, पुष्पाबेन-श्री रसीकलालजी,
मधुबेन-श्री सुभाषजी,
**पौत्री-जमाईसा :** टीना-श्री हसमुखजी

***प्रतिष्ठान :*** *डी.आर. ग्रुप (न्यू दिल्ली)*



ચંપાલાલજી સોલંકી



ફેન્સીબેન ગૌતમચંદજી



## • लाभार्थी परिवार •

प.पू. मुनिराज **श्री स्वर्णकलशविजयजी म.सा.** के शुभ आशीर्वाद से
जालोर (राज.) निवासी

**श्रीमती फेन्सीबेन गौतमचन्दजी सोलंकी**
**श्रीमती मीनादेवी चम्पालालजी सोलंकी परिवार**

हॉल - बेंगलोर



## • લાભાર્થી પરિવાર •

આધોઈ (કચ્છ વાગડ) નિવાસી

**માતુશ્રી કેશરબેન જેઠાલાલ ભોજરાજ**
**ગાલા પરિવાર**

**પુત્ર-પુત્રવધૂ :** શ્રીમતી મીનાબેન મુલચંદ,
શ્રીમતી નીતાબેન પ્રેમજી, શ્રીમતી મીનાબેન ધનજી

**પૌત્ર-પૌત્રવધુ :** અ.સૌ. ભાવીની અરવિંદ, અ.સૌ. મીતલ રાજેશ,
અ.સૌ. દિશીતા અંકિત, અ.સૌ. અંશુ ધ્રુમીલ

**પ્રપૌત્ર-પ્રપૌત્રી :** મિહીર, સમ્યક, ક્રિસીવ, યશ્વી, પથીકા

હાલ - વાશી (ન્યુ મુંબઈ)



રસિકલાલ કાનજી ગાલા



ભાનુમતી રસિકલાલ ગાલા

## • લાભાર્થી પરિવાર •

હલરા નિવાસી

**અ.સૌ. ભાનુમતીબેન રસિકલાલ**
**કાનજી ગાલા**

ધોબીતલાવ - વાશી



• લાભાર્થી પરિવાર •

પ.પૂ. સાધ્વી **શ્રી કામિતરત્નાશ્રીજી મ.સા.**ના આશીર્વાદથી

**શ્રી હંસાબેન ખીમજી ચરલા**

ગામ : આધોઈ (કચ્છ વાગડ)



• લાભાર્થી પરિવાર •

આધોઈ (કચ્છ વાગડ) નિવાસી

**શ્રીમતી વિમલાબેન ચંદુભાઈ**

**કાનજીભાઈ ચરલા**

મુંબઈ







**રામરાજ**

**વૈ.સુ. ૫, શુક્રવાર, તા. ૨૦.૦૪.૨૦૧૮**

શાંતિનાથ દાદાને જુહારીને અમારી હિમાલય યાત્રા આજે પ્રારંભ થઈ. ગામના મુખ્યદ્વાર પર પહોંચતા આગળનો રસ્તો પૂછ્યો. જો કે હજુ સુધી અમને એ ખબર નથી કે કયા રસ્તે આગળ વધવાનું છે. સારું જ થયું, ચોકીદારે અમને સોર્ટકટ રસ્તો બતાવ્યો અને એ પણ લીલીછમ વનરાજીમાંથી. ગંગાની મોટી નહેરને કિનારે કિનારે, વળી 'સોને મેં સુહાગા' યુગાધિદેવની ચરણપાદુકાવાળા પ્રાચીન સ્તૂપના દ્વારેથી જ રસ્તો આગળ વધતો હતો. હજુ એક વધુ વખત મુખ્યસ્થાનની સ્પર્શના કરી, આદીશ્વરદાદાના આશીર્વાદ લઈ અમેં આગળ વધ્યા. વરસાદ ઝરમર ઝરમર વરસવા લાગ્યો. નીકળ્યા ત્યારથી જ ઘનઘોર ઘનઘટા જામી હતી. મેઘરાજાના ઢોલ ઢબુકી રહ્યા હતા. થોડા સમયમાં અમી છાંટણા થયા જ, લગભગ ૧૨ કિ.મી.ના વિહારમાં ૪-૫ વાર રસ્તામાં ઝાડ નીચે અમારે ઉભુ રહેવું જ પડ્યું.

*હસ્તિનાપુર*

**भगवान ऋषभदेव को इक्षुरस से लगातार ४०० उपवास का पारणा कराते श्रेयांसकुमार**







આ પુન્યવતી ધરતીની વાત શું કરવી ? ચારે બાજુ લીલીછમ હરિયાળી, આમ્રફળોથી લદી પડેલા આમ્રવૃક્ષો, કોયલની કુક તો સવારે ઉઠ્યા ત્યારથી સંભળાઈ રહી છે. આજે આટલી સમૃદ્ધ વસુંધરા છે તો પાંડવકાળમાં કેટલી જાજરમાન હશે ? અને તે પૂર્વે આદીશ્વરદાદા જ્યારે આ ધરાને પાવન કરતા હશે, ત્યારે કેવી હશે? એની કલ્પના ક્યાંથી થાય ? જ્યાં જુઓ ત્યાં શેરડીનાં વાઢ, ઘણાએ સાંભળ્યું હશે કે શેરડીના રસથી આદીશ્વર ભગવાનનું પારણું થયું. કોઈક શ્રેષ્ઠીએ ૧૦૮ ઉત્તમ શેરડીનાં ઘડા શ્રેયાંસકુમારને ભેટ આપેલા, પણ સવાલ એ થાય કે? શ્રેષ્ઠીએ શેરડીનો રસ જ કેમ ભેટ આપ્યો બીજું કંઈ કેમ ન આપ્યું ? રાજા, રાજકુમારોને હીરા, મોતી, ઝવેરાત, સોનું, ચાંદી ભેટ આપવાની પરંપરા છે, એમાં આ શેરડીના રસની ભેટ ક્યાંથી આવી ?

અહીં આવ્યા પછી વિચારતા લાગ્યું કે આ ધરતી જ મીઠા રસની છે. સેંકડો કિ.મી. સુધી માત્ર શેરડી જ શેરડી. એકછત્રી સામ્રાજ્ય છે શેરડીનું. કદાચ તે શ્રેષ્ઠીના ખેતરમાં પણ સારી શેરડી થઈ હશે. પહેલા ઉતારનો રસ રાજાને ભેટ આપવા આવ્યા

*હસ્તિનાપુર*

**प्रभु ऋषभदेवजी के प्राचीन पारणास्थान पर परमात्मा के पदचिह्न**




हस्तिनापुर

हशे ते बनवाजोग छे. आजे पण मीठीधट्ट शेरडीना वाढ जोवा मळे छे.

कुरुदेशनी पुन्यवती धरतीमां आजे पण परमात्मा आदीनाथ दादाना चरणस्पंदनो हृदयने भावविभोर बनावी मुके छे. अहिं ज कोईक शुभस्थाने प्रभु काउसग्गध्याने रह्या हशे. शुक्लध्यानना अमृतनो आशीर्वाद माणी रह्या हशे. अहींथी ज कोईक नानकडी पगदंडीथी प्रभु हस्तिनापुर तरफ पारणा माटे पधार्या हशे. ते वखते हस्तिनापुरने क्यां खबर हती काले सवारे कोईक महाज्योतिपूंज

**असंख्यकाल पुराना प्रभु ऋषभदेवजी का पारणा स्थल**





**प्राचीन पारणा स्थल का चरण पादुका स्तूप मंदिर**

આ ધરતી પર ડગલા ભરશે. હસ્તિનાપુર આજે આનંદથી પુલકિત થઈ રહ્યું છે. શા માટે આવું થાય છે ? કોઈને કંઈ ખબર નથી. આંખો બંધ થઈને વળી પાછી કેમ જલ્દી ખુલી જાય છે. વારંવાર નયનો કેમ હસ્તિનાપુરના મુખ્ય માર્ગને જુએ છે. શું થવાનું છે ? ક્યારેય નહિ અને આજે આવી ઉત્સુકતા કેમ? બસ કોઈક અકળ દિવ્યતા તેમને આવું કરવા વારંવાર કેમ પ્રેરે છે ? કારણ એક જ છે, પ્રભુ પધારી રહ્યા છે. અમે પણ એ જ હસ્તિનાપુરના જ નગરજન હોઈએ એવું અમને લાગી રહ્યું છે. પ્રભુ






श्री हस्तिनापुर महातीर्थ
मुख्य प्रवेश द्वार

અહિં જ ક્યાંક અનંત આનંદની લહેજત માણતા હોય એવું લાગી રહ્યું છે. અસંખ્ય વર્ષનો ભૂતકાળ અલોપ થઈ ગયો છે. અમને એવું શા માટે લાગી રહ્યું છે ? આ જંગલમાં હમણા તો પ્રભુ ક્યાંથી હોય? પ્રભુ તો મોક્ષમાં પધાર્યા પણ પેલી દિવ્યતા... હા કરોડો અબજો અસંખ્ય વર્ષ પૂર્વની દિવ્યતા હજુ અહિં પોતાનું સામ્રાજ્ય બીછાવી ને બેઠી છે, એ જ તો અમને વારંવાર લલચાવે છે પ્રભુના દર્શન માટે. ધન્ય છે જે પુણ્યપુરૂષો આ માર્ગથી ચાલ્યા હશે અને ચાલશે. હસ્તિનાપૂરની ધરતીના સ્પંદનો હજુ પણ વાતાવરણમાં ઋષભ નામના આંદોલનો સર્જી રહ્યા છે. આ આંદોલનોની આહટને માણતા




*हस्तिनापुर*

**श्री हस्तिनापुर जैन तीर्थ स्थल**
**मूलनायक भगवान**
**श्री शांतिनाथजी**

અમારી યાત્રા મંથરગતિએ આગળ વધી રહી.

આજે વરસાદ તો શું પડ્યો. વરસાદ પડતા જ નાની નાની દેડકીઓ જન્મી ગઈ. આખા રસ્તે ખૂબ સાચવીને પગ મૂકવા પડ્યા. દરેક ડગલાંની ચારે બાજુ ૮-૧૦ દેડકીઓ તો કુદાકુદ કરતી હોય, ખૂબ ધીરે - ધીરે ચાલવું પડ્યું. સંભાળી સંભાળીને પગ મૂકતા, ચાલતા સમય ઘણો લાગ્યો. ચાલ્યા હતા તો ૧૨ કિ.મી. પણ ૧૮ કિ.મી. જેટલો થાક લાગ્યો. કારણ પેલી દેડકીઓ.

આજે રામરાજ પહોંચ્યા છીએ, ૨-૩ ઘર છે, ભાવિક છે, સ્થિરતા તો સ્કુલમાં જ છે. પંજાબી



हस्तिनापुर

वस्ती वधारे छे. आगळ हरिद्वारना रस्ता माटे अहिं पूछपरछ करी, एक रस्तो ९० कि.मी. अने बीजो ११० कि.मी. छे. कया रस्ते जवुं ? एक हाईवे रोड छे ने बीजो नानो रोड छे. एकमां बधी ज व्यवस्था गोठवायेली छे, अने बीजो व्यवस्थारहित नवो ज रस्तो, ज्यां हजु सुधी कोई साधु चालेला नथी. अमे तो अजाण्यो रस्तो ज पसंद कर्यो, ९० कि.मी. एटले पांच दिवसमां पहोंची जवाय. नानो रोड एटले ट्राफिकनी चिंता नहीं. नाना नाना गामडाओनी वच्चेथी चालवानुं. स्थान

हस्तिनापुर में
आज तो
हमारा साम्राज्य है ।



हस्तिनापुर

કે ગોચરીનું કંઈક થઈ પડશે. જ્યાં બધી વ્યવસ્થા છે એવા રસ્તેથી જઈને શું કરવું ? મજા જ ન આવે. બધું સીધુ સીધુ પતી જાય. છેલ્લે નક્કી થયું, અમે અજાણ્યા રસ્તે જ આગળ વધશું.

સાંજે ૪ વાગે નીકળ્યા, તડકો તો હતો નહી. હવાની ઠંડી લહેરખીમાં અમે આગળ વધતા ગયા. એમાંય ગામમાંથી નીકળતાં જ નાનો રોડ ચાલુ થયો. બંને બાજુ ઘનઘોર આંબાવાડીયાં. ગરમી લાગે ક્યાંથી ? વૈશાખ મહિનાની એવી કલ્પના છે કે ધોમધખતો સૂરજ હોય, રોડમાંથી વરાળ

तुम भी केवट, मैं भी केवट,
मैं गंगा पार पहुंचाता हूं,
और हे मुनिवर !
आप भवसागर पार
लगाते हो ।



નીકળતી હોય, સું... સું... કરતી લૂ વાતી હોય, વૈશાખી વાયરા ધૂળ અને કચરો આકાશે ઉડાવતા હોય, ઉપર-નીચે, આગળ-પાછળ બધુ જ ગરમીથી સેકાતું હોય. માથું તપે, પગ બળે, ગળું તરસથી સુકાઈ જાય. હોઠનું પાણી સુકાઈને ખાર જામી જાય. પરસેવે નિતરતા હોઈએ.

પણ આ વૈશાખમાં આવું કશું નથી. દિવસે પણ કામળી ઓઢી બેસવું પડે. રાતના તો કહેવું જ શું ? જો બરાબર કામળી ઓઢી ન હોય અથવા કોઈ બાજુથી કામળી ખુલ્લી રહી ગઈ હોય તો આવી

**આ જ પતિતપાવન માર્ગથી પ્રભુ હસ્તિનાપુર પધાર્યા હશે ને ? હસ્તિનાપુર નગરની બહાર ગંગા**



બન્યું. મચ્છરનું સૈન્ય આક્રમણ કરે અને શીતયુદ્ધ ચાલુ થઈ જાય.

આ મચ્છરે ય ખરા કહેવાય, જ્યારે માણસ સુઈ જાય ત્યારે જ બધા ભેગા થઈને આક્રમણ કરે. નિદ્રામાં માણસ અર્ધ બેભાન અવસ્થામાં હોય. મચ્છરસેના ને મજા પડી જાય. પણ માણસ જાગતો હોય તો મચ્છરનું લશ્કર ગેરીલા નીતિ અપનાવે, ચોરી છુપીથી પગમાં હાથમાં પીઠમાં દંશ મારે. સામી છાતીએ હજુ સુધી કોઈ મચ્છર આવ્યો નથી. એક વાર ચેલેંજ કરવી જોઈએ 'માંનું દૂધ પીધું હોય તો

**વૃક્ષવૃક્ષને ડાળ ડાળને**
**પાન પાન ને ફૂલ ફૂલ પર નરતન.**
**આદીશ્વર દાદાની ચરણ ધુલીથી**
**આપ્લાવિત હસ્તિનાપુરની**
**અલૌકિક ભૂમિ**



હસ્તિનાપુર માર્ગ પર
અદ્ભુત અરણ્ય

આવી જા સામી છાતીએ.' પણ મચ્છર મચ્છર જ હોય, વધારે માથાકૂટ શા માટે ?

સાંજે પણ નહેરનાં માર્ગે જ વિહાર થયો. ૮ કિ.મી. ચાલ્યા કલ્પ અમારી સાથે જ ચાલતો હતો તેને ખૂબ મજા આવી. ઘરથી હજારો કિ.મી. દૂર પ્રભુની પાવન ધરતી પર ખુલ્લા પગે ચાલવાનું સૌભાગ્ય એને આજે પ્રાપ્ત થયું હતું. ગગનના ગોખે સમી સાંજની રંગબેરંગી રંગોળી પૂરાઈ હોય. પાસે જ ગંગાના જળ ખળખળ વહી જતાં હોય ચારે તરફ વિહંગમ વિહગગાન રેલાતું હોય થાક શું લાગે ?



થોડુ ચાલ્યા. ત્યાં નાનકડી ગૌશાળા આવી. રાત્રી વિશ્રામ માટે ઉચિત સ્થાન હતું. ત્યાં જ રોકાયા. નિકળ્યા ત્યારે ત્રણ સ્થાનો વિચારેલા, ગૌશાળા-આલમપુર-દેવડી. અલપઝલપ રસ્તાની જાણકારી લીધી પણ આગળ જતા જાણકારી કરતા જુદી જ વાસ્તવિકતા હતી. જે થયું તે... અમે સાંજે સુખાશાતાપૂર્વક વિહાર કરી શક્યા ! થાક લાગ્યો નથી. આવા વાતાવરણમાં થાક શાનો લાગે ? એમાંય આગીયાઓએ આખી રાત અજવાળા પાથર્યા. સપના બરાબર દેખાયને ? એટલે જ તો.

હસ્તિનાપુરની
નવલી સવાર



ગંગાબેરેજ

ગંગા નદી ઉપર
૨ K.M. લાંબો ડેમ

## ગુરુદ્વારા (ગંગાકિનારે)

વૈ.સુ. ૬, શનિવાર, તા. ૨૧.૦૪.૨૦૧૮

સૂરજના સોનલ વરણા કિરણો કાળા ધોળા વાદળાઓમાંથી ચળાઈને ધરતી પર ગંગા-જમની ઝાંય પ્રગટાવી રહ્યા હતા. વરસાદી વાતાવરણમાં સૂરજ સુવર્ણરજને પ્રસરાવવા પ્રયત્ન કરી રહ્યો છે. સવાર સરસ છે. લગભગ સૂર્યોદય સમયે નીકળ્યા છીએ. વહેલા અંધારામાં નીકળવાનું કોઈ કારણ



ગંગાઘાટ

**નજર પહોંચે ત્યાં સુધી માત્ર ગંગા**

નથી. નથી કોઈને નવકારશી વાપરવાની કે નથી કોઈની ચા ઠંડી થતી. નથી લાંબો વિહાર કે નથી ગરમી. બસ અલગારી યાત્રામાં અંધારું શા માટે આડે આવે ? પરમાત્માની આજ્ઞાના પાલનમાં અદ્‌ભુત આનંદ છે. સવારની નવપલ્લવિત નિર્દોષ શ્રૃષ્ટિ મનને સ્વસ્થ કરવા સમર્થ બને. અમે પ્રાતઃ વેળામાં આગળ વધ્યા નહેરને કિનારે કિનારે. નહરે'ય કઈ નાની ન હતી. નદી જ જોઈ લો. થોડું થોડું પાણી વહેતું'તું. ચિત્રવિચિત્ર વનસ્પતિઓ પહેલીવાર જોવા મળી હતી. ૬ કિ.મી. ચાલ્યા ત્યાં



મુજફ્ફરનગર - બિજનોર હોઈવે આવ્યો, ત્યાંથી ૨ કિ.મી. આગળ ચાલ્યા ત્યાં તો 'ગંગા...' !!!

ઓ હો હો હો... ગંગા
હા... ગંગા
ગંગા અમારી સામે હતી
આંખો માનવા માટે તૈયાર નથી.

गाँव में घर नहीं, बैंक में खाता नहीं, अपनी मालिकी का कोई मठ नहीं, मंदिर नहीं, सोना-चांदी-रुपये-पैसे का स्पर्श नहीं, फिर भी अपनी मस्ती में मस्त जैन साधु की शहनशाहत को भला... कौन नहीं जानता।



આ પુણ્યવતી પાવન મંદાકિની નજરની સામે છે. અમે ગંગા કિનારે છીએ,
ધવલધારાને વહન કરનારી પતિતપાવની ભાગીરથી અસંખ્યવર્ષોથી
આ ધરતીનાં માનવોને પાવન કરી રહી છે.
આ એ જ ગંગા છે અષ્ટાપદની પ્રદક્ષિણા દઈ... પગ પખાળી...
સમસ્ત વિશ્વના તાપ સંતાપને દૂર કરવા અસંખ્યકાળથી અવિરત વહી રહી છે.

**सुहानी श्वेतशिक्ता पर**
**गंगा किनारे**
**मुनिवृंद के साथ कल्प**



આ એ જ ગંગા છે.

જેની પુલીંદ રજકણમાં વીર પ્રભુનાં પગલાની છાપ હજું ક્યાંક સચવાઈ રહી હશે.

આ એ જ ગંગા છે જેમાં અર્ણિકાપૂત્ર આચાર્યના રોમરોમમાંથી નિકળતા કરૂણાના પુદ્ગલો આજે પણ સ્ફુરાયમાન છે.

આ એજ ગંગા છે. જેણે ગાંગેય દેવવ્રત ભિષ્મપિતામહ જેવા મહાપુરૂષની ભેટ આ આર્યાવર્તને આપેલી છે.

હજુ તો ઘણું છે પણ કેટલું લખવું સમસ્ત ભારતવર્ષનો ઈતિહાસ ગંગાના ઉપકારોથી ભર્યો ભાદર્યો છે.

ઓ ગંગા ! તને લાખ લાખ નમસ્કાર કારણ કે તારી જ ગોદમાં શાંતિનાથ, અરનાથ, કુંથુનાથ, પાંચ પાંડવો, શ્રી કૃષ્ણ જેવા મહામાનવો રમ્યા છે. ઉછર્યા છે અને વિશ્વમાં ઉત્તમ આદર્શોની સ્થાપના કરી છે. ધન્ય ગંગા ધન્ય ગંગાજળ, જુઓ ગંગા અમારી સામે જ છે. કેટલાય વર્ષો પહેલા

**यह कैसे जंतु होंगे ?**
**जिन्होंने वृक्ष के तने पर**
**अपनी यादे छोड़ दी है।**



वाराणसी - ઈલાહાબાદમાં આ મંદાકિનીને જોઈ હતી. લગભગ ૨૦ વર્ષ પછી અહીં મળી, એ પણ આવા ભવ્ય સ્વરૂપે. ધવલધારા વાહિની પુણ્યસલીલા ગંગા જોઈ જોઈને આંખો ધરાતી નથી. છેક હિમાલય ઉપરથી ૩૦૦-૩૫૦ કિ.મી. નાચતી કુદતી ઊતરતી અહીં પહોંચી છે અને હજુ લગભગ ૨૦૦૦ કિ.મી.નો પ્રવાસ આગળ બાકી છે. સ્વર્ગની ગંગા તો કેવી હશે ખબર નથી પણ આ ધરતીની ગંગાએ તો ધરતી પર સ્વર્ગ ઉભું કર્યું છે. ગંગા ઉપર ૧ કિ.મી. લાંબો પુલ છે. પ્રદૂષણરહિત

**प्रारंभ हो चुकी है यात्रा गंगा की... महासागर की ओर... यहाँ ५ कि.मी. चौड़ी है गंगा...**



ગંગાના કાંચ જેવા લીલાછમ જળ, જળ નથી પણ અમૃત છે.

જહાँ
सूरज भी
गंगा स्नान करके
भीगा भीगा हो जाता है ।

આર્યાવર્તની મમતા ગંગાસ્વરૂપે વહી રહી છે. ગંગાની તરંગભંગીમાને મન ભરીને માણી પણ આ વિશાલ પુણ્યસલીલા નાનકડા મનમાં કયા પ્રતિષ્ઠિત થાય. અમે તો આગળ વધ્યા ગંગાના કિનારે કિનારે. આગળ કોઈ ગામ આવશે તો રોકાઈ જઈશું, કંઈક તો આવશે. શરૂઆતમાં તો રોડ સારો હતો પછી તો ઉબડ - ખાબડ, ખાડા ટેકરા, પથરાવાળો રસ્તો ચાલુ થઈ ગયો. જે હોય તે ગંગા અમારી



સાથે હતી. એનો કલકલનાદ અનાહતનાદની ગરજ સારતો હતો. જેમ જેમ આગળ વધતા હતા તેમ તેમ નદીનો પટ મોટો થતો હતો. એક જગ્યાએ તો નદીનો પટ લગભગ ૬ કિ.મી. પહોળો થઈ ગયો. આખી ગંગા જલ ભરેલી હોય તો સાગર લાગે. જાણે ગંગાસાગર. અહિં આટલી મોટી છે તો આગળ કેટલી મોટી હશે ? માત્ર કલ્પના કરવી રહી.

**आज का डेरा**
**गुरुद्वारे में**
**लाभभाई मुस्का रहे है।**

રસ્તામાં મળતા પથિકને આગળનું ગામ પૂછ્યું તો ૧૦ કિ.મી. રાવલી ગામ છે એવું જાણ્યું. આગળ ચાલ્યા લગભગ ૬ કિ.મી. ચાલ્યા હતા. ૪ કિ.મી. બાકી હતું. હવે કોઈથી ચાલી શકાય તેવું ન હતું. રોડનો કાંકરીચાળો વધી ગયો હતો. રસ્તામાં એક ગુરુદ્વારા આવ્યું, એમાં જ અમે તો રોકાઈ ગયા. સામે ગંગા, ગંગાકિનારે અમારું સ્થાન. ન્યાય ભણતા ત્યારે 'ગંગાયાં ઘોષઃ' સાંભળેલું. બસ અમે આજે એ 'ઘોષ'માં જ હતા. ગંગા કાંઠે પંજાબી શીખનું ગુરુદ્વારા એકલુંઅટુલું ઉભું હતું. એક બાજુ શેરડીનાં ખેતરો, બીજી બાજુ ગંગાકાંઠે પોપુલરવૃક્ષની હારમાળા અને એની પાછળ ગંગા. આખો દિવસ આનંદ-આનંદ વ્યાપ્યો., લાભુભાઈ ૨ કિ.મી. ગામમાંથી દૂધ અને કાચા પૌંઆ લઈ આવ્યા. એકાસણા થઈ ગયા. સાંજે તો ગંગાની રેતીમાં જ ચાલવાનું થયું. કાંકરીયા રોડ પર કોણ ચાલે ? ધવલવેળુ ખૂબ સરસ હતી. સફેદ દૂધ જેવી રેતીમાં અબરખના ઝીણા ઝીણા કણ અનેરી આભા ઉપસાવતા હતા. એક જગ્યાએ તો અમે ગંગા કાંઠે અડધો કલાક બેઠા કલકલનાદની સાથે અનાહતને એકાત્મગત કરવાનો ઉપાય ખૂબ સરસ લાગ્યો. સફેદ દૂધ જેવા નિર્મળ જળમાં આટલું આકર્ષણ કેમ હશે ? ખબર નથી.

આદીશ્વરદાદાની ચરણધુલીમિશ્રિત પુણ્યવતી ધરતી આજે અમને આકર્ષિત કરી રહી છે. એમાં આશ્ચર્ય શું ? આદીશ્વરદાદાએ જ તો અમને અહિં બોલાવ્યા છે. નિકળ્યા હતા તો દક્ષિણ જવા અને આજે ઉત્તરાંચલમાં ગંગાકિનારે બેઠા છીએ. કોણે વિચારેલું કે આટલા જલદી અહીં પહોંચીશું ? પ્રભુ ! અમે છેક હિમાલય સુધી આપને ભેટવા આવી રહ્યા છીએ. વ્હાલા ! જો આપની કૃપા થાય તો અષ્ટાપદના દર્શનની ભાવના પણ આત્માના પ્રદેશે પ્રદેશે વ્યાપી છે. હવે તો અષ્ટાપદ અહીં થી દૂર નથી, ઘણા નજીક પહોંચી ગયા છીએ. કદાચ કંઈક અણસાર મળે... માર્ગ મળે... થોડોક ઈશારો મળે... એ ભાવના પૂરી થાય તો અમને પહોંચતા વાર નહી લાગે વિભુ !

સાંજે ૪ કિ.મી. ચાલવાનું હતું. સહેજાદાપુર પહોંચ્યા ત્યાં પહેલાંથી જ ઘનશ્યામસિંહ કરીને એક ભાઈ વ્યવસ્થા માટે તૈયાર હતા. અમે પહોંચ્યા તે પહેલા જ તેમને સમાચાર મળી ગયા. અમારા માટે આવાસ અને ભોજનની વ્યવસ્થામાં લાગી ગયા. ખરેખર આશ્ચર્ય લાગે, અમે જે રસ્તો લીધો છે એ રસ્તે હજુ સુધી કોઈ સાધુ-સાધ્વી પધાર્યા નથી. નદી કાંઠે ચાલવા માટે સારો રોડ પણ નથી અને રસ્તો બતાવનાર વ્યવસ્થાપકો પણ આ રસ્તો બતાવતા નથી. તેઓ કોઈ પણ સાધુ-સાધ્વી આવે તો હાઈવે રોડ પરથી જ ચલાવે, ભલે ૫૦ કિ.મી. વધારે ચાલવું પડે પણ વ્યવસ્થા તો થઈ જાય. પણ અમારા માટે અહીં પણ સરસ અનુકૂળતા ગોઠવાઈ ગઈ. સાંજે ભોજનની તૈયારી ચાલતી હતી. ઘનશ્યામભાઈ અમને મળવા આવ્યા. અમને પૂછ્યું, 'મહારાજ' ભોજનમાં શું ચાલશે ? અમે કહ્યું અમે સાંજે ભોજન કરતા નથી. અમારે તો બપોરે એક વાર જ ભોજન કરવાનું વ્રત છે. સાંજે

પાણી સિવાય દૂધ, ફળ - ફ્રુટ કે ભોજન કંઈ લેવાય નહીં. તેમણે ઘણો આગ્રહ કર્યો, દૂધ લેવા માટે ઘણી વિનંતી કરી પણ એ શક્ય બન્યું નહીં, છેવટે કલ્પને જમવા મોકલ્યો.

પ્રતિક્રમણ પછી પાછા તે ભાઈ આવ્યા. જૈન સાધુનો પરિચય પુછ્યો, વારંવાર વિનંતી કરી કે ''પ્રભુ ! પાછા પધારજો. અમારા ગામમાંથી કંઈ જ આહાર પાણી લીધા વિના આ રીતે ચાલ્યા જાવ તે અમારા ગામનું દુર્ભાગ્ય કહેવાય. પાછા પધારીને જરૂર અમારા ઉપર ઉપકાર કરજો. આપના જેવા મહાત્માના આશીર્વાદ મળશે તો અમારા જીવનમાં સુખશાંતિ રહેશે.''

અમે પણ અહિંસા ધર્મની વાત કરી. પરોપકાર ભાવના વધુ તેજસ્વી બને એવા બે શબ્દો કહી વિદાય કર્યા. જૈન સાધુ આ ધરતી પર પધારે તો ઘણો મોટો ઉપકાર થઈ શકે તેમ છે.

અમે હમણાં તો ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડની સીમા પ્રદેશમાં વિચરણ કરી રહ્યા છીએ. અહિં જુદી જાતની હિન્દી બોલાય છે. સમજવા માટે બે મિનીટ અટકવું પડે કેટલાક શબ્દોનો ધ્વનિ જુદી રીતે બોલાય તો કેટલાક શબ્દોના કાના માત્રા બદલીને બોલાય, મજા આવે.



**जैन साधु की खुले पाँव पदयात्रा...**

**બહાદૂરપુર**

**વૈ.સુ. ૭, રવિવાર, તા. ૨૨.૦૪.૨૦૧૮**

જેમ જેમ આગળ ચાલતા જઈએ છીએ વાતાવરણ શુદ્ધ થતું જાય છે. વન હજુ ઘાટા થતા જાય છે. ગામડાઓમાં મુસ્લિમ વસ્તી વધુ જોવા મળે છે. આજે સવારે મંડાવર ગામ આવ્યું. ઠીક ઠીક મોટું



बालावली

गंगापूल पर
पैदल मार्ग

હતું, અમે બહાદૂરપુર પહોચ્યા, ત્યાં પણ સાર્વજનિક ભવનમાં તરત જ વ્યવસ્થા થઈ ગઈ. ગામમાં ચમારોનાં ઘર ઘણા છે. ગોચરી જવાનો પ્રશ્ન જ નથી. જાટનાં ઘર ૧૫૦ થી વધુ છે, પણ કંદમૂળ ખૂબ ખાય છે. આજે માત્ર કેળાથી એકાસણું થયું. સાંજે ખીરની ગામમાં રાત્રિ વિશ્રામ થયો. બીજા દિવસે સવારે આગળ ચાલ્યા, રોડ ખૂબ ખરાબ હતો. કહેવા માટેનો રોડ બાકી તો ખાડા ટેકરા સિવાય



मुनि की रेती

કંઈ જોવા ન મળે તેમાંય મોટી ટ્રોલીમાં શેરડી ભરેલા ટ્રેક્ટર મોટા બે ટાયર ઉપર જ ચાલતા. આગળના બે પૈડા હવામાં ઉંચા કરી થઈ જાય. એક વસ્તુ જોવાની મજા આવી. તે અહિંની પાડાગાડી, અરે મેરઠથી નિકળ્યા ત્યારથી પાડાગાડીનું સામ્રાજ્ય જોવા મળ્યું. જોકે મહારાષ્ટ્રમાં પાડાગાડી જોઈ હતી. ગાય ભેંસને પણ હળમાં જોડીને ખેતર ખેડતા ખેડુતો મહારાષ્ટ્રમાં જોવા મળ્યા હતા. અહિં પાડા જોયા.

**लहर लहर नदियाँ है,**
**लहर लहर मनवा,**
**दर्शन को तलसे, ये प्यासे नयनवा**
**नैया... जल्दी किनारे**
**लगाऽऽऽ !!!!**




देवभूमि
उत्तराखंड
सीमा प्रारंभ

એક પાડો એક ટ્રેક્ટર જેટલી શેરડીનું વહન કરે ઉપરથી લાકડીનાં માર પડે. અત્યંત કરુણાજનક દશ્ય હોય. બાળપણમાં ઘણી વાર વડિલોના મુખે સાંભળ્યું હતું ''સંયમની આરાધના સારી કરો, નહિં તો જૈન સંઘના રોટલા ખાઈને ભરૂચના પાડા બનશો. જો કે તે વખતે કંઈ ખબર નહિં આ 'ભરૂચના પાડા' શું હોય. પણ જતા દિવસે ખબર પડી ભરૂચ શહેરના પાદરમાં વહેતી નર્મદાની ઉંચી ભેખડો ઉપર




પાણીની પખાલ લઈને ચઢતા પાડાની વાત છે. એક તો સીધું ચઢાણ. પગ રેતીમાં ખુંચી જાય. પીઠ પર પાણીનો મહાબોજ ઉપરથી માલીકના ધોકાનો માર. ઉપક કાળઝાળ ગરમી ચઢતા ચઢતા વ્હેંત જેવડી જીભ બહાર નિકળી જાય. આવા અસહાય પાડાની વાત છે. ભરૂચ જવાનું થયું ત્યારે એકે પાડો જોવા તો ન મળ્યો, પણ અહિં ઉત્તરભારતમાં આ પાડાની શી વલે થઈ રહી છે, એ નજરે જોયું.

**यह मार्ग और जैन साधु के खुले पाँव पुलिस है तो क्या हुआ इंसान तो है, उनकी आँखे नम हो गई।**




जिस क्षण की प्रतिक्षा
वर्षों से थी
वह दिव्य देवभूमि
पहला कदम

ભરૂચના પાડા તો પાણી ખેંચે અહિંના પાડાતો શેરડીનો મસમોટો ભાર ખેંચે ઉપરથી ધોકાના માર તો ખરા જ. એમાય જોયું તો પાડાની જીભ બહાર નિકળી જાય. માલિકને જરાય દયા-કરૂણા નહિં. જાણે પાડાનો જન્મ જ માનવીના ત્રાસને સહન કરવા માટે થયો હોય તેમ લાગે સાધકોને સાવધાન કરવા હવે તો 'ભરૂચના પાડા' નહિં પણ 'મેરઠના પાડા થશો' એવું કહેવું જોઈએ. કરેલા કર્મોથી આજ સુધી

કોણ છુટ્યું છે. દરેક પાડા માટે શુભકામના કરતા આગળ વધી રહ્યા છીએ. બાલાવલી થી હજુ તો થોડાક આગળ વધો ત્યાં તો મસમોટો લોખંડનો પુલ આવ્યો. અંગ્રેજોના જમાનામાં બનેલો ૨ કિ.મી. લાંબો પુલ આજેય મજબૂત છે. જ્યાં પુલ પૂરો થયો ત્યાં તો 'દેવભૂમિ ઉત્તરાખંડ મેં આપ કા સ્વાગત હૈ'નું મોટું બોર્ડ આવ્યું. એટલે કે અમે ઉત્તરાખંડમાં પ્રવેશ કરી રહ્યા છીએ. ત્યાં જ પોલીસચોકી હતી, અમને રસ્તે જતા જોઈને ૪-૫ પોલીસ બહાર આવી ગયા. પૂછપરછ થઈ છેલ્લે 'નમસ્તે' કરીને અમને વિદાય કર્યા. અમે 'ધર્મલાભ'ના આશીર્વાદ આપ્યા. આજે ઉત્તરાખંડમાં પ્રવેશતા જ શેરડીનો રસ કાઢવાના કોલ્હુની ભરમાર ઉભી થઈ. જ્યાં જુઓ ત્યાં ગોળ અને સાકર બનાવવાનું ચાલુ હતું. અમે રસ્તામાંથી ચાલ્યા જતા હોઈએ ત્યાં તો કોઈક દિશાથી અવાજ આવે 'અરે ઓ બાબા ! રસ પી લો...' અમે અવાજની દિશામાં જોઈએ તો શેરડી પીલવાવાળો અમને રસ પીવા બોલાવતો હતો. સચિત્ત રસ વપરાય નહીં. તેની પાસે જઈને અમે તેને સમજાવ્યો. તો કહે 'અરે બાબા ! તાજા ગુડ લેલો, શક્કર લેલો' પણ કંઈકને કંઈક દોષ હોય જ તેથી ગોળ લેવાય તેવો ન હતો. વસ્તુ સારી હોય, શુદ્ધ હોય. આપનારના ભાવ સારા હોય છતાં જૈનસાધુના નિયમથી એ વસ્તુ ગ્રહણ કરવા યોગ્ય ન હોય તો જૈન સાધુ એ વસ્તુ લે નહિં. આપનાર ભાવિકોને પ્રેમથી 'ના' પાડીને આશીર્વાદ આપે. કોલ્હુવાળો દીલગીર થઈ ગયો. 'ક્યાં બાબા ! હમારે ભાગ મેં આપકી ભક્તિ નહીં.' તે બે હાથ જોડી ઉદાસ ચહેરે અમને વકાશી રહ્યો. અમે આશીર્વાદ આપી આગળ ચાલ્યા. આવું બે ત્રણ વાર થયું.

રાયસી ગામ પહોંચ્યા, રહેવાની વ્યવસ્થા સંયમ સાધના યોગ્ય ન હતી, આગળ હજુ ૪ કિ.મી. ચાલવાનો વિચાર હતો, પણ ગામની બહાર રેલ્વેસ્ટેશનની પાસે જ એક મહાદેવજીનું મંદિર હતું, એમાં વ્યવસ્થા થઈ ગઈ.

મહાદેવજી એકલા બેઠા છે. આજે સાંજે વિહારનો સમય થઈ ગયો. ઘડિયાળમાં ૪.૩૦ વાગ્યા છે. હજુ સુધી કોઈ મહાદેવજીનો ભગત આ બાજુ ફરક્યો નથી. જો કે અમારા માટે તો અનુકૂળ હતું. આજે તો આઠમ હતી, એકાસણું કોરી ખીચડીથી થયું. સાંજે ૧૨ કિ.મી.નો વિહાર કરવો જ પડ્યો, ૭ કિ.મી. સમજીને નીકળ્યા હતા પણ આખું ગામ મુસલમાનોનું, જ્યાં જુઓ ત્યાં નોનવેજ ખવાતું હતું, આ ગામમાં રહેવાય કેમ ? છેવટે હજુ ૫ કિ.મી. વધુ આગળ ચાલીને સંત રવિદાસના મંદિરમાં રાત્રી વિશ્રામ કર્યો.



...विश्राम...
बायें से मुनि रत्नयशविजयजी
आचार्य श्री
मुनि ध्यानरत्नविजयजी
मुनि स्वर्णकलशविजयजी
मुनि आनंदमंगलविजयजी

નૂરપુર
વૈ.સુ. ૯, મંગળવાર, તા. ૨૪.૦૪.૨૦૧૮

અમારી હિમાલય યાત્રા ઘણી ચિત્ર વિચિત્રતાથી ભરેલી છે. અમારે આવતી કાલે ક્યાં જવાનું છે. એનો કોઈ અણસાર નથી. અરે... હમણા વિહાર ચાલુ છે, તો ક્યાં જઈને આજે રોકાઈશું. ક્યાં



रायसी

जईने गोचरी वापरशुं. क्यां विश्राम करशुं. कंई ज नक्की नहिं. बस चालता जईए छीए. थाक लागे... भूख लागे... संयम साधनाने अनुकूळ स्थान मळी जाय एटले अमे रोकाई जईए. अमारे ज चालवानुं अमारे ज वसति शोधवानी अमारे ज रहेवानुं अने थोडाक कलाकमां वळी ए वसतिने छोडीने आगळ नीकळी जवानुं. वळी कोईक नवा मुकामे निकळीए त्यारे कोईने खबर न होय के आजे

**आज का विश्राम**
**शंकर मंदिर में**



हरिद्वार

ક્યાં પહોંચવાનું છે. સાંજના વિહારમાં પણ આ રીત અખત્યાર કરેલી ‘રાત પડતા પહેલા જ્યાં પહોંચાય ત્યાં રોકાઈ જવું. આજ તો આનંદ છે અપ્રતિબદ્ધ વિહારનો. પૂર્વ નિશ્ચિત કંઈ ન હોય. બસ અમારો પ્રભુ અમને ચલાવશે ત્યાં સુધી ચાલતા રહેવું છે. સવારે સમયસર નિકળ્યા હવે હરિદ્વાર દૂર નથી. લાગે છે આજે સાંજે પહોંચાઈશું કે કાલે. આજે નૂરપૂર ગામમાં પહોંચ્યા છીએ. ગામની

**हिमालय यात्रा के साथी (बायें से) राजू, दयारामजी, संजय हर की पौड़ी परिसर में**



*हरिद्वार*

ग्रामपंचायतमां आजनो उतारो छे. शरुआतमां तो चोकीदारे आनाकानी करी पछी गेट खोली आप्यो. गोचरी माटे हरिद्वार भोजनशाळामां समाचार करी दीधा हता. ११ वागे तो गोचरी आवी गई. एकासणुं कर्युं, सांजे कनखल जवा माटे निकळ्या, त्यां ज पूछता खबर पडी के हरकी पौडी जवा माटे अहिंथी शोर्टकट रस्तो छे. अमारो प्रोग्राम चालता रस्ते ज बदलाई गयो, जो के कनखल

**हर की पौड़ी रात्री दृश्य**



*हरिद्वार*

देव नगरी
हर की पौड़ी
गंगा में
झिलमिल दीपश्रेणी

રસ્તામાં આવ્યું. સાંજે ૭ વાગે ગંગાની આરતી થાય, ૪ કિ.મી. ગંગાઘાટ પર જ ચાલવાનું હતું. ગંગાના પશ્ચિમ કિનારે જાત જાતનાં અસંખ્ય મંદિરો છે. નિર્મળજળથી ભરપૂર ગંગા વહેતી જાય છે. માણસોની ભીડ ક્યાંય સમાતી નથી. ગંગાઘાટે ચાલતા ચાલતા અવર્ણનીય આનંદ થતો હતો. શુભ્રધારા અમને ઘણું બધુ કહી રહી હતી. ત્યાંથી અમે સાંજે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુનાં



हरिद्वार

ચરણોમાં પહોંચ્યા. અહિં પહોંચવાનું હતું ચૌદસના દિવસે પણ વૈ.સુ. ૧૦ના પ્રભુ વીરનાં કેવલજ્ઞાન કલ્યાણકને દિવસે અમને પ્રભુ પ્રાપ્ત થયા. હવે ૪-૫ દિવસ અહિંજ રોકાવાનું છે. હિમાલય યાત્રાની તૈયારીઓ લગભગ થઈ ચૂકી છે. રસ્તા, સરનામાં, સંપર્ક નંબર, નકશા આદિ આવશ્યક વસ્તુઓ વિનોદભાઈ અને વિરેન્દ્રભાઈએ લાવી આપી. વિનોદભાઈ અહિં ચિંતામણી પાર્શ્વનાથ જૈન તીર્થ - હરિદ્વારના મેનેજર છે અને વિરેન્દ્રભાઈ એક કાર્યનિષ્ઠ સેવક.ગમે તેવું કાર્ય હોય તે ખડે પગે રહે છે

**गगन उत्तुंग**
**श्री चिंतामणी पार्श्वनाथ जैन**
**श्वेताम्बर मंदिर**
**भूपतवाला, ऋषिकेश मार्ग**



शिवालीक

अमारी यात्रानी तैयारीमां तेमणे दिलथी सहायता करी. बस हवे वैशाख सुद १४ रविवारना शुभ दिवसे मंगळ प्रयाण आदरवानुं छे अष्टापद तरफ. आदीश्वरदादाए दक्षिणमां जता अमने एकदम उत्तरमां मोकली दीधा. खबर नहि प्रभुए अमारा माटे शुं निर्धार्युं हशे. नहिं तो चातुर्मास पछीनुं पहेलुं प्रस्थाननुं मुहूर्त दक्षिण दिशा तरफनुं कर्युं हतुं. पण आजे अमे उत्तरमां बेठा छीए अष्टापद तीर्थनी तळेटीए.

**प्हो फटते ही मंगल प्रस्थान का ऐलान...**





### ઋષીકેશ

**વૈ.સુ. ૧૪, રવિવાર, તા. ૨૯.૦૪.૨૦૧૮**

સમીસાંજનો સમય છે. સામે અમૃતવાહિની ગંગા વહી રહી છે. નદીનો કલકલ રવ અમારા તન-મનના થાક ને હરવા અવિરત પ્રયત્ન કરી રહ્યો છે. સફેદ દુધની વિશાળધારા ૩૦૦ કિ.મી. પર્વતશ્રેણીમાંથી વહેતી સમતલ જમીન પર પ્રવાહિત છે. સામે કિનારે મોરલો સોળે કળાએ ખીલ્યો છે.




ऋषिकेश

**देवनगरी**
**ऋषिकेश में प्रवेश**

સાથે ચારે'ક ઢેલ કળાએલ મોરલાના આનંદમાં વૃદ્ધિ કરી રહી છે. એક તરફ દૂર એક વન હસ્તી પાણીમાં મહાલી રહ્યો છે. માત્ર તેની પીઠ દેખાય છે, તેની સામે બીજો વનગજ ઝૂલતી શુંઢથી જળક્રિડા કરી રહ્યો. પાછળ ઉંચા અને અજાણ્યા વૃક્ષોનું ઘનઘોર જંગલ છે. અને એની પાછળ છે નગાધિરાજ હિમાલય. શિવાલિક પર્વતશ્રેણીઓમાં દૂર દૂર ક્યાંક વચ્ચેથી આકાશમાં ઉપર જતી



ऋषिकेश

गंगा किनारे
लक्ष्मण झूले के पास

ધુમ્રસેરો જોવા મળે છે, કદાચ કોઈ યોગી ત્યાં ધુણી ધખાવીને અલખ જગાવવાની તૈયારી કરી રહ્યો છે, અને જ્યાં બેઠા ત્યાંથી સામે જ નદીના વળાંક ઉપરથી ધીરે ધીરે વહેતા નાનકડા દીવડાવાળા પત્રપાત્રો આ તરફ આવી રહ્યા છે. કોઈક ભક્તે પોતાના જીવનમાં અજવાળું ફેલાય એવી જ કોઈ ભાવનાથી આ પડિયામાં દીપક વહેતા કર્યા હશે. સુરજ તો ક્યારેનો'ય વાદળમાં છુપાઈ ગયો છે.



ऋषिकेश

## निरव गंगातट
## यात्रा शून्य से पूर्ण की ओर

કદાચ અસ્ત પણ થઈ ગયો હોય, ખબર નથી, સાવ અંધારું તો થયું નથી. એક વાર વહિ ગયા પછી ફરી ક્યારેય પાછા નહીં આવવાની ભીષ્મપ્રતિજ્ઞાના સાધક વહેતા વહેણ ના નીર અવિરત અવિલંબ આગળ દોડી રહ્યા છે. કદાચ સંદેશ આપી રહ્યા છે.

‘વ્હેતા રહેશે તે નિર્મળ રહેશે, જેનું લક્ષ્ય પાકું હશે તે સિદ્ધિ પ્રાપ્ત કરશે જ.’




મર્યાદામાં રહીને લક્ષ્ય તરફ આગળ વધવું એ જ મંઝીલની પ્રાપ્તિનો સચોટ ઉપાય.

એવી મર્યાદા, એવું બંધન, એવી નિર્મળતા, એવું લક્ષ્ય શું કામનું કે જે શરણે આવેલાને શાતા ન આપે.

પણ અહિં તો જગજીવની ગંગા આખાય આર્યાવર્તનો થાક ઉતારવા સમર્થ છે. તેને જોતા જ મનઃઆનંદથી ભાવવિભોર બની જાય. પણ આજનો આ માણસ !

સરયુ અને માણસમાં વિરોધાભાસનો પાર નથી. સતત ઘરમાં ભરાઈ રહે તે માણસ, પોતાનું ઘર છોડીને સતત પરોપકાર કરે તે નદી. મર્યાદાને બોજ અને બંધન માને તે માણસ, બંને કિનારાની વચ્ચે પોતાની મર્યાદા ન છોડતી દોડતી નદી. સતત ચિંતામાં મૂંઝાઈ જાય તે માણસ, સતત કલકલ નાદનાં સૂર છેડતી આનંદપૂર નદી. શરણે આવેલાને લાત મારી ને હડધૂત કરતો માણસ, શરણે આવેલાને શાંતિ અને શીતળતા પીરસતી

ऋषिकेश

**लक्ष्मण झूला प्रवेश**



ऋषिकेश

लक्ष्मण झूला

નદી. એટલે જ થોડુંક જીવીને ઓલવાઈ જતો માણસ, સાગરમાં અસ્તિત્વ સમાવી દઈને અમર થઈ જતી નદી.

દૂર દૂર... જ્યાં નજર પહોંચે ત્યાં સુધી ગંગાસ્નાન કરીને પાપ ધોવાની મહેનત કરી રહેલ ગંગાભક્તોને ખબર નથી પાપીઓનાં પાપની ભોગ બનેલી નદીનાં શા હાલ છે. વિચારધારા આગળ ચાલી નહિં.



દૂર ઘંટનાદ, શંખનાદ, ઝાલર, ઢોલ, મંજીરાનો યુગપદ રવ વાતાવરણને ભર્યું ભર્યું કરતો હતો. ગંગા મૈયાની આરતી પ્રારંભ થઈ ચુકી હતી. એક સાથે ૧૫ જેટલી મહાઆરતી સુર-તાલ સાથે ડોલી રહી હતી. નદીમાં દીપકપત્રોમાં વૃદ્ધિ થઈ હતી. દૃશ્ય દેવદુર્લભ હતું. એક તાલ એક સુરે હજારો ભક્તો આરતી ગાઈ રહ્યા હતા. ગંગા એ આરતીનાં પ્રતિબિંબો ઝીલીને જાણે આરતીનો સ્વીકાર કર્યો. આરતી લગભગ અડધો કલાક સુધી ચાલી. અમારો રાત્રી વિશ્રામ આજે આ જ ગંગાઘાટ પર ગંગાદર્શન માટે ઉભા રહેવા માટે બનાવેલી નાનકડી ચોકીમાં જ હતો. અવનિ પર અંધારાના ઓળા ઉતરી ચુક્યા હતા. સર્વત્ર અંધકારનું સામ્રાજ્ય ફેલાયું. ત્યાં તો ઉદયાચલ પર સુદી ચૌદસનો ચંદ્ર અનેરી આભા લઈને અવતર્યો. ધવલ કિરણોથી ગંગાને જાણે રજતપત્રથી ઢાંકી દીધી. ત્યાં જ દુધમલ ચાંદનીથી દશે દિશા ભિંજાઈ ગઈ હિમાલયી ચાંદનીનું અમી પીતા પીતા તૃપ્તિ ન થાય. અમે ચૌદસનું પ્રતિક્રમણ કરવા બેઠા. સામો

ऋषिकेश

ऋषीकेश की पहचान




કિનારો આછો આછો દેખાતો હતો. પેલા બંને હાથી ત્યાંથી ચાલ્યા ગયા હતા. મયુરપરિવાર સ્વસ્થાને પ્રસ્થાન ક્યારનું કરી ચુક્યું હતું. ધીરે ધીરે યાત્રિકો ઓછા થતા ગયા. બધુ શાંત થઈ ગયું, સિવાય ગંગાનો ઘેરો ઘોષ. અવની પર અંધારાએ સામ્રાજ્ય જમાવી દીધું હતું. છેલ્લે નદીનાં પાણી જાગતા વહેતા હતા. દૂર ડુંગરમાળમાં ક્યાંક ક્યાંક નાનકડા દીવા ચમકતા હતાં. કોઈક હજુ જાગતું હશે ત્યાં.

**WELCOMES YOU TO THE DEVBHOOMI**



અષ્ટાપદ તીર્થની રક્ષાર્થે લાવેલી આ ગંગા કદાચ આદીશ્વરદાદાનો કંઈક સંદેશો લાવી હશે. એની પ્રતિક્ષામાં અમે લગભગ રાત્રે બે વાગ્યા સુધી જાગ્યા, કવિ હૃદયને કામણ કરનારી આ ગંગધારાથી આંખ મીંચી લેવાનું જરાય ગમતું ન હતું. આજે સવારે ૧૨ કિ.મી. ચાલ્યા. સાંજે ૮ કિ.મી. ચાલ્યા પણ થાક લાગ્યો નથી. નિદ્રા આવતી નથી. સામે કિનારે કેટલાક વન્ય પ્રાણીઓ પાણી પીવા આવી

**मेरे प्यारे प्रभु का मिलन**
**इसी मार्ग से होगा...**
**जहाँ कण-कण में परमात्मा**
**की आहट स्पंदित है।**

ગયા હતા. ચંદ્રની ચાંદનીના આછા પ્રકાશમાં ૩ હાથી દેખાયા ૪-૫ જેટલા દિપડા હતા, દૂર કિનારા પર હરણોનું ટોળું પાણી પીતું હતું. કુદરતનાં બાળકો નિર્ભિકપણે જાણે માં નું ધાવણ ધાવતા હોય એવા નિશ્ચિંત મને આખાય દિવસની તરસ છીપાવી રહ્યા હતા. ગજબાળ મદનીયા કાંઈ તોફાન મસ્તી કર્યા વિના રહે ? એ તો નવી નવી જાતના અવાજ કરીને કંઈક કહી રહ્યા હતા, સમજાયું નહીં. દિપડા તો પાણી પીને એક તરફ જંગલમાં અદૃશ્ય થઈ ગયા પણ હાથીઓને જાણે ઘણા સમય પછી માંનો ખોળો મળ્યો હોય તેમ ગંગામાં જ પડ્યા પાથર્યા રહ્યા. મૃગવૃંદને કોઈ ઉતાવળ ન હતી. દિપડા ચાલ્યા ગયા પછી હજુ નિશ્ચિંત થઈ ગયું હોય તેમ લાગતું હતું. મૃગશાવકો ઉછળકુદ આ વાતની સાખ પુરવા સક્ષમ હતી. પાણીનો અવાજ વધું ઘેરો થતો જતો હતો. કદાચ નદીમાં પાણી બહુ ઘેરું થતું હોય તેવું લાગતું હતું. દિવસની ગરમીથી પીગળેલા બરફનું પાણી છેક રાત્રે અહિં પહોંચે તો નદીનું સ્તર વધે તે સહજ છે.

લગભગ રાત્રે અઢી વાગ્યા પછી ક્યારે આંખ મીંચાઈ કંઈ ખબર પડી નહિં. પાછા સવારે ૪ વાગે આંખ ઉઘડી ગઈ. ચંદ્ર તો હજુ અસ્તાચલથી ઉપર હતો. કેટલાક પાપ ધોવાની ઉતાવળવાળા ભક્તો ગંગાતટે આવી ગયા હતા. આવશ્યક ક્રિયા આરોપીને સાવ ગંગાકઠિ ગોઠવાયેલા આરા ઉપર અમે તો આસન જમાવ્યું. લગભગ દોઢ કલાક સુધી જાપ કર્યો, ધ્યાન ધર્યું, પ્રભુ ભજ્યા. ક્યાંય જવાની ઉતાવળ તો હતી નહીં. સવારે પ્રાચીમાં શિવાલીકના શિખર ઉપર બીરાજી કાશ્યપના પુત્રે સુવર્ણકિરણોથી આખી ગંગાને મઢી દીધી. જાણે આખી ગંગાને સુવર્ણવરખ લગાવી દીધો હોય તેવી ચમકતી હતી. ખૂબ સુંદર દૃશ્ય હતું. હજુ પેલા મોરલા આવ્યા નથી.

પાછા ગંગાને મળવાનો કોલ આપી અમે શ્રી શાંતિનાથપ્રભુનાં દેરાસર તરફ આગળ વધ્યા. ઋષિકેશ મોટું છે. લગભગ ૧૦ કિ.મી. પૃથ્વી ખંડમાં પથરાયેલું ઋષિકેશ ખરેખર ખૂબ સરસ છે. અમને તો હરિદ્વાર કરતા ઋષિકેશ વધુ સારું લાગ્યું. ગંગાકિનારે ધ્યાન - જાપ માટે નિર્જન આરા - કિનારા ઘણા છે. આશ્રમો ઘણા છે. ૧૦-૧૦ માળનાં મંદિરોનો કોઈ તોટો નથી. આખું ગામ સહેલાણીઓથી ઉભરાય છે, જાણે મેળો જામ્યો હોય તેવું જ દૃશ્ય છે. હજારો લાખો માણસોની ભીડની વચ્ચે આનંદ માણનારા સાધકો ને એ ખબર નથી વાસ્તવિક આનંદ શું હોય. એકવાર ઋષિકેશ આવીને ગંગા કિનારે આસન જમાવીને બેસો તો આનંદનો મહાસાગર ઉમટી પડશે. જેણે ગંગાનો સ્વાદ ચાખ્યો છે, તેઓ બીજે ક્યાંય જવા ઉત્સાહિત થતા નથી. ગંગામાં ગજબનું આકર્ષણ છે. ગજબનું કામણ છે.

ઋષિકેશમાં શ્રી શાંતિનાથપ્રભુનું શિખરબંધ દેરાસર છે. મુંબઈનાં એક જ ભાગ્યશાળી પરિવારે આખુંય દેરાસર નિર્માણ કર્યું છે. આજુ બાજુ ઉપાશ્રય અને રસોડું છે. અહિં શ્વેતાંબર જૈનોનાં ૪ ઘરો છે. સંભાળ સારી રાખે છે. અમને તો અહિં પુજારી

ગમ્યો. નામ એનું 'ટીકારામ' આયા ગયાની સારસંભાળમાં જોટો ન જડે. વિનય વિવેક અને મધુરી વાણીથી સાધુ સંતોનું મન મોહી લે.

આજે મુંબઈથી સુશ્રાવક અનિલભાઈ આવ્યા છે અમારી યાત્રાની તૈયારીની ફરી એકવાર ચેકિંગ થઈ. હજું કઈ રહી જતુ નથી ને ? ખુટતું વધતુ અનિલભાઈએ વ્યવસ્થા કરી આપી. એ સિવાય પણ કંઈ આવશ્યકતા હોય તો યાદ કરવાની વિનંતી કરી.

શ્રાવક શ્રાવિકાઓ વંદનાર્થે આવ્યા. હિમાલય સંબંધી થોડીક જાણકારી વધુ પ્રાપ્ત થઈ. અમારી યાત્રા આવતીકાલથી ઉર્ધ્વયાત્રા થશે. ટ્રસ્ટીશ્રી વિજયભાઈએ કેટલાક અગવડ સગવડ, અનુકૂળતા-પ્રતિકૂળતાની વાત કરી. એ માટે અમારે શું તૈયારી કરવાની એની પણ ચર્ચા થઈ. એકંદરે સારૂ થયું.

ઋષિકેશમાં વિખ્યાત રામઝુલા, લક્ષમણઝુલા મુનિકીરેતી-શત્રુઘ્નમંદિરની મુલાકાત લઈને પાછા દેરાસર આવ્યા. પરમાત્માની ખૂબ ભક્તિ કરી. 'પ્રભુ ! અષ્ટાપદની યાત્રામાં આપ સાથે જ રહેજો...' હો...

આજે વૈશાખ સુદ ૧૫ છે. આખું ઋષિકેશ ચંદ્રની ચાંદનીમાં ઝીલી રહ્યું છે. સુમસામ રાત્રિમાં સુનકાર વ્યાપ્યો છે. ક્યારેક કોઈક કુતરા ભસવાનો અવાજ આવે છે. તો દૂરથી હાથીની ચિંઘાડ રાત્રિની નિરવ શાંતિને ચીરી નાખે છે. બે ક્ષણમાં બધુ શાંત થઈ જાય. વળી કોઈક સાધુની અહાલેકનો પડઘો અહિં સુધી પડે. દિવસે ભલે ઋષિકેશ માનવ સૃષ્ટિથી ઉભરાતું હોય પણ રાતના તો ગંગાનો ઘેરો નાદ હજુ વધુ ઘેરો બનીને હજાર હજાર ભૂતઘુણતા હોય તેવો આભાસ ઉભો કરે છે. હિમાલયમાં દિવસ કરતા રાત્રિ સૃષ્ટિની દિવ્યતા અલૌકિક હોય છે અને આજે તો વૈશાખી પુનમ... ચંદ્રની ચાંદનીને ઓઢીને અમે પણ હિમાલયની ગોદમાં એકાત્મગત થયા.




## પહેલો દિવસ...

### નરેન્દ્રનગર

વૈ.વદ ૧, મંગળવાર, તા. ૧.૦૫.૨૦૧૮

શાંતિનાથપ્રભુને વિનંતી કરી, 'પ્રભુ ! આજે પ્રયાણ કરીએ છીએ, અષ્ટાપદની યાત્રા માટે, આપ હંમેશા અમારી સાથે રહેજો.' દર્શન કર્યા, માંગલિક કર્યું અને હિમાલય તરફની અમારી યાત્રાનું પ્રસ્થાન થયું. આજે પહેલો દિવસ છે. ૧૬ કિ.મી.નો વિહાર છે. ૨ કિ.મી. ચાલ્યા પછી તળેટી આવી. આગળ છેક સુધી રોડ ઉપરને ઉપર જતો હતો. અમારે પણ તેને અનુસરીને જ આગળ વધવાનું હતું. જેમ જેમ ઉપર જતા ગયા, તેમ તેમ અમે માર્ગના વણાંકોના વહેંણમાં વહેતા ગયા. સુકી નદી પાર કરતાજ અડાબીડ જંગલ ચાલું થઈ ગયું. લગભગ ૨ કિ.મી. આગળ ચાલ્યા ત્યાં તો આખુંય ઋષિકેશ અમને વળાવવા પાછળ ઉભું હતું. એક તરફ સૌભાગ્યવતી ગંગાએ સુવર્ણકિરણોથી સુવર્ણચંદ્રક કર્યું. એક તરફ બીહડ વનના વૃક્ષોએ ભાવભર્યું અભિવાદન કર્યું. દૂર દૂર

हिमालय मार्ग पर पीने के शुद्ध पानी की सूचना देते ऐसे साईन बोर्ड जगह - जगह लगे हैं।




ધરતી પર નજર કરી તો અડધી ધરતી પર જંગલ અને અડધી ધરતી પર ઋષિકેશનું આધિપત્ય આનંદની છોળો ઉછાળતું હતું.. અમે આગળ આગળ ચાલતા ગયા, ટ્રાફિકનું નામ નિશાન નથી. એકાદ જીપગાડી ક્યારેક આવે તો આવે. ચિત્રવિચિત્ર વનવૃક્ષોને જોતા આગળ વધ્યા, વચ્ચે વચ્ચે રોડનું કામ ચાલુ હતું. આજે 'વિશ્વ મજુર' દિવસ છે. બધા મજુરો આરામ કરશે. કામ બંધ. અહિં પણ કામ બંધ છે. મજુરોને અહિં આવ્યા પછી ખબર પડી કે આજે રજા છે. લગભગ ૯ કિ.મી. શિવાલિક પર્વતશ્રેણિમાં ચાલ્યા ત્યાં ઉપર ગાડીઓનો અવાજ આવતો હતો. તેનો એ જ અર્થ એ કે આ રોડ ફરીને ઉપર જ આવે છે.

બાજુમાં મજુરો મોં વકાશીને ઉભા હતા. મોં ઉપર એક જ ભાવ તરતો હતો, 'જો આજે રજા હતી તો અમને શા માટે જાણ ન કરી ? કાલે સાંજે જ કહી દીધું હોત તો અમે આવત નહીં.' પરસ્પર કંઈક ચર્ચા ચાલતી હતી. પાછા જવાની તૈયારીમાં હતા. ત્યાં અમે પહોંચ્યા. અમે રસ્તો

**हिमालय - देवभूमि में स्वागत**
**B.R.C. द्वारा**



પૂછ્યો, 'ઉપર રોડ છે ત્યાં અહિંથી સીધા જવાય?' તેમણે કહ્યું, 'ઉપર રોડ તો છે, રસ્તો પણ છે પણ અમે અડધા રસ્તા સુધી જ ગયા છીએ. આગળ ખબર નથી.' અમે કહ્યું, 'કંઈ નહીં રોડ ઉપર જ તો દેખાય છે ત્યાં પહોંચવું છે બસ. અડધો રસ્તો તો છે, અડધો અમે ગમે તેમ કરીને પહોંચી જઈશું. રોડ કેટલો ફરીને આવે ? એ કરતા તો અહિં ઓછું ચાલવું પડશે અને જલદી પહોંચાશે.' માણસોમાંથી એકે કહ્યું, 'પણ સ્વામીજી ! ઈધર ભાલુ હોગા, આપ મત જાઈએ ઈસ રાસ્તેસે' ત્યાં વળી કોઈક બોલ્યું, 'ભાલુ બાલુ કુછ નહિં પરંતુ રાસ્તા કઠીન હૈ, ચલ નહીં પાઓગે.' છેલ્લે અમે કાચા રસ્તાથી જ ઉપર જવાનું નક્કી કર્યું. એમાં એક મજુર અડધા સુધી રસ્તો બતાવવા આવ્યો. તે પછી ઉપર રોડ દેખાતો હતો એ તરફ સીધા જવાનું સૂચવીને તે પાછો વળ્યો. સૂચના આપતો ગયો કે બધા એક સાથે જ રહેજો, કોઈ જાનવર આવે તો વાંધો નહીં. એટલામાં એક શિયાળીયું દોડી ગયું, ને ચાર જંગલી મરઘા આમ તેમ સરકી ગયા, એ પાછો વળ્યો, અમે આગળ વધ્યા. થોડાક

**स्वागत**
**छोटे हिमालय द्वारा**



આગળ ચાલ્યા ત્યાં તો એકદમ લાલ રેતીનાં ટેકરા પર સીધુ ચઢાણ આવ્યું. રોડ ઉપર કામ ચાલતું હતું. પથ્થર તોડીને પથ્થર અને માટી આ બાજુ નાખતા હતા એટલે છેક રોડ સુધી માટી જ માટી. પગ મૂકો ત્યાં લપસી પડાય, ચાર ડગલા ૪ પગે ઉપર ચડો ત્યાં ૩ ડગલાં નીચે આવી જવાય. અમે રસ્તો બદલ્યો. એકદમ કિનારે કિનારે થોડોક પગ ટેકવતા ટેકવતા માંડ માંડ ઉપર ચડ્યા. છેલ્લે ૧૦ ફૂટ બાકી હતું ત્યાં તો કેમેય ચડાય નહીં થોડો પગ ચૂક્યા તો ૨૦૦ ફૂટ નીચે સીધા જંગલમાં મુનિ આનંદમંગલ વિ. હિમ્મતપૂર્વક આગળ વધી રહ્યા હતાં, પણ એમના પગથી છટકેલા પત્થરોથી અમારે બચવાનું હતું. એક તરફ જંગલ - બીજી તરફ જાનવરનો નકલી ભય. ત્રીજી તરફ આ પત્થર અને માટીનો મહાકાય ઢગલો. સાવ સીધુ ચઢાણ અને આગળ ચઢતા મુનિનાં ચરણમાંથી પ્રગટ થતા આ શીલા ખંડોએ વિષમતાને નવો વણાંક આપ્યો. જો કે મારા પગમાંથી છટકેલો પત્થર પાછળ આવતા સ્વર્ણકલશ મ.ને પગમાં ખૂબ જોરથી લાગ્યો.

**અલૌકિક આનંદની અનુભૂતિ**
**હિમાલયની ગોદમાં...**



પત્થર ગબળતો દેખાય પણ, ચાર પગે ચઢતા ચઢતા થોડું પણ બેલેંસ ચુકી જવાય તો પત્થર પહેલા આપણે નીચે પહોંચી જઈએ જો કે સ્વર્ણકલશ મ.સા.ના પગથી છુટેલા પત્થરો છેક નીચે રોડ સુધી ગબળતા હતા. મુનિ રત્નયશ મહારાજ અને કલ્પ તો ઉપર પહોંચી ગયા, થોડી વારમાં આનંદમંગલ મહારાજ પણ પહોંચી ગયા. રહ્યા અમે બે, હું અને સુવર્ણકલશ મહારાજ, અમે પહેલા થી જ પાછળ હતા. ઉપર લાભુભાઈ પાછા આવ્યા હતા. પ્લાસ્ટીકની દોરી કાઢીને ઉપરથી લટકાવી બસ દોરી

**તારી હાંક સુણી કોઈ ન આવે**
**એકલો જાને રે...**



પકડીને અમારું ટ્રેકીંગ ચાલુ થયું. હાથમાં પ્લાસ્ટીકની મજબૂત દોરી પકડી. ઉપર વધારે તો ચઢવાનું ન હતું. ૧૫ ફૂટ લગભગ હશે. પણ પગ જામે તેવી એક પણ જગ્યા નહીં. વિચાર્યું દોરી પકડીને લટકી જઈએ ઉપરથી આપણને ખેંચી લેશે, પણ એ શક્ય નથી આ કંઈ દોરડો નથી દોરી છે. એનો ભરોસો કરાય નહીં. છતા હિમ્મત કરવી જ રહી. હિમાલયે આજે પહેલા જ દિવસે પ્રભાવ બતાવવાનો પ્રારંભ કરી દીધો. પણ, અમે ડરીએ તેમ હતા જ ક્યાં ? સંભાળી સંભાળીને બડી સાવધાનીથી એક એક કદમ

**जहाँ हर एक मोड़ पर आनंद के भंडार खुल जाते हैं।**




ऐसे बोर्ड यहाँ जगह - जगह देखने मिलते हैं।

મજબુત રીતે જમાવતા ઉપર ચઢવાનું ચાલું કર્યું. ચાલવાનું તો ૧૫-૨૦ ડગલા જ હતું. પણ ૧૫-૨૦ કિ.મી. જેટલી હિંમત ભેગી કરીને છેવટે ઉપર પહોંચી જ ગયા. જ્યાં રોડ ઉપર પગ મૂક્યો ત્યાં જીવમાં જીવ આવ્યો. જીવનમાં આવો અનુભવ પણ થશે. એ ક્યાં વિચારેલું ? સ્વર્ણકલશ મ. એક તો ભારીમાણસ, દોરી બીચારી શું કરે. છતાં, સ્વર્ણકલશ મ.ની ટ્રેકીંગની પ્રેક્ટીસ સારી છે. હિમ્મત હાર્યા વિના આગળ વધ્યા. એ ભારી માણસને પગ ક્યાંય જામે નહીં તેથી દોરીમાં જ મોટો પત્થર



બાંધીને નીચે પત્થર છોડી દીધો. તે ઉપર પગ ઠેરવ્યો. મુનિશ્રીએ સ્વસ્થતાથી ઉભા બસ થોડીક વધું સાવચેતી અને મંઝિલસર થશે. હિંમત હારે ચાલે તેમ ન હતું. નીચે તો જોવાય જ નહિ. નીચે જોઈએ તો આખુ બ્રહ્માંડ ગોળ-ગોળ ફરતું દેખાય. પણ સ્વર્ણકલશ મહારાજમાં બડી સિફતથી ઉપર ચઢી ગયા સમજાયું નહીં આટલા જલ્દી કેમ ચઢી ગયા. છેવટે અમે બન્ને સાજા નરવા છેલ્લે છેલ્લે પહોંચી તો ગયા ઉપર. છેલ્લા ૨-૩ ડગલામાં તો જાણે શ્વાસ અધર થઈ ગયેલો, થાક ઘણો લાગ્યો હતો.

**कदम छोटा हुआ तो क्या हुआ...**
**इन छोटे कदमों से भी**
**हिमालय छोटा है...**
**हिमालय कितना ही उंचा हो...**
**परंतु हमारे कदम उससे कम नहीं...**




नरेन्द्रनगर

રોડ પર પહોંચીને બેસી જ ગયા. ૧૦-૧૫ મિનીટ વિશ્રામ કર્યો. લાભુભાઈને પુછ્યું હવે કેટલું ચાલવાનું છે ? તેમણે કહ્યું હજુ નરેન્દ્રનગર દોઢ કિ.મી. છે અમે ૮ કિ.મી. નરેન્દ્રનગરનાં પથ્થરથી ચઢવાનું ચાલું કર્યું હતું, હવે દોઢ કિ.મી. ઉપર આવી ગયા એ વાતની ખુશી હતી. અને એક નવો અનુભવ પણ થયો તે નફામાં. રીંછ તો કંઈ આવ્યા નહીં. દિવસે એ લોકો કંઈ આવે નહીં. ખાઈ પી ને સુતા હોય. ઉકાળેલું પાણી ઋષિકેશથી લઈને જ આવ્યા હતા. પોરસી પચ્ચક્ખાણને થોડી વાર

**पहला दिन है
आज तो यहीं बस स्टेन्ड
में रुकना है ।**



पहले दिन का सूर्यास्त

હતી, હજુ ૯ વાગ્યા છે. ૧૫-૨૦ મિનીટમાં પોરસી આવી જશે, અમદાવાદના સમયથી અહિં ૨૨ મિનીટ પહેલા સૂર્યોદય થાય છે. પચ્ચક્ખાણ પણ વહેલું આવે છે. ૫ા કિ.મી. ચાલ્યા ત્યાં એક પહાડી - વણાંક પર બસ સ્ટેશન હતું. બસ સ્ટેંડમાંથી નીચે છેક ઋષિકેશ સુધી દેખાતું હતું અને ઉપર છેક પહાડની ટોચ સુધી ઉંચા વૃક્ષો દેખાતા હતા. સ્થાન બધાને ગમી ગયું. બધા સારા એવા થાકેલા હતા. પહેલો દિવસ હતો અહિં બસ સ્ટેંડમાં જ રોકાવાનું નક્કી કર્યું. આખો દિવસ ત્યાં જ રહ્યા. ઉપર છત,

ચારે બાજુ ભીંત વિનાનું વિશ્રામ સ્થળ અમારે ઉપયોગી થયું. આનંદ આવ્યો. ભોજનમાં તો આજે માત્ર કેળા હતા. કલ્પને આવા ભોજનનો અનુભવ પહેલો હતો પણ છોકરો હિમ્મતબાજ હતો. તેણે પણ ભોજનને ન્યાય આપ્યો. જે મળ્યું તે સ્વીકાર...

સાંજે સાડા ચારે આગળ નિકળ્યા. ક્યાં જવું છે ખબર નથી. લાભભાઈ આગળ જશે, કોઈ રહેવા જેવી જગ્યા હશે ત્યાં રાત્રી વિશ્રામ કરશું. એક સવા કિ.મી. ચાલ્યા ત્યાં નરેન્દ્રનગર આવ્યું. પહાડી ગામ મોટું છે. લગભગ ૨ કિ.મી. લાંબુ ગામ છે. પગથીયા જેવા ઘરો પહાડના ઢોળાવ પર ગોઠવાયા છે. ધોળાપાણી થઈ રોડ ઉપરને ઉપર આગળ વધતો હતો. ૯ કિ.મી. ચાલ્યા ત્યાં કુંજાપુરીદેવી તરફ જવાનો રોડ આવ્યો ત્યાં જ થોડી દુકાનો હતી. કુંજાપુરી ક્ષેત્રમાં એક દુર્યોધનનું મંદિર છે કદાચ પહેલી વાર આવી વાત સાંભળી. અહીં કેટલાક પહાડી લોકો દુર્યોધનને મહાપુરૂષ ગણીને તેની પૂજા અર્ચના કરે છે. હનુમાનજી મંદિર હતું. અને આ ક્ષેત્રના ક્ષેત્રપાળ શ્રી જયવીરબાબાસોરિયદેવનું મંદિર હતું. મુખ્ય સ્થાને કોઈ દેવી હતી. એ જ કદાચ અહિંના ક્ષેત્રાધિષ્ઠાતા હશે. પુજારીની ગાદી પર લગભગ ૧૫ વર્ષનો છોકરો બેઠેલો એ જ પુજારી હશે અથવા પુજારીનો છોકરો હશે. આવ્યા ગયા દર્શનાર્થીઓની પૂજા એ જ કરાવતો હતો. લાભુભાઈએ તેને જ પુછ્યું. અમારે અહિં રાત્રિ વિશ્રામ કરવો છે. તેને તરત જ કહ્યું, 'મંદિરની બહાર પતરાનો સેડ છે એના નીચે વિશ્રામ કરો.' બસ બીજું શું જોઈએ ? અમે તો તરત ગોઠવાઈ ગયા. ત્યાં જ એક ભગવાધારી 'બીહારી બાબા' આવ્યા. એ પણ મંદિરમાં જ એક નાનકડી કોટડીમાં રહેતા હતા. તેમણે પણ અમારા ખબર અંતર પુછ્યા. અમે તેમની પાસેથી પણ રાત્રિ વિશ્રામ માટે અનુમતિ માંગી. તેને રજા આપી કહ્યું, 'રોકાવ પણ અહિં ઠંડી ઘણી લાગશે, સામે કિરાયાથી રૂમ મળે છે ત્યાં ચાલ્યા જાવ,' પણ અમને તો આ સ્થળ સંયમને અનુકૂળ લાગ્યું. ઠંડી લાગશે તો એક કામળી બધુ ઓઢી લઈશું પણ સંયમનાં આચારો સચવાશે. અમે આ જગ્યાની જ પસંદગી બતાવી. બાબા કહે, 'અચ્છા ઠીક હૈ આપકી જો મરજી એમ કહીને એ તો ચાલ્યા ગયા.' એક તરફ અમે પ્રતિક્રમણ કરવા બેઠા અને બીજી તરફ તો વિજળીનાં ચમકારા ચાલુ થયા. આભના પેટમાં ક્યાંક ઊંડે ઊંડે ગડબડ ચાલું થઈ. રાત્રે વરસાદ થવાની સંભાવના ખરી. આ પ્રદેશમાં ક્યારે વરસાદ થાય તેનો કોઈ ભરોસો નહિં એવું અમે એકથી વધુ વાર સાંભળેલુ. આજે વરસાદ આવશે તો નિશ્ચિત આ સ્થાન પાણીને રોકી શકશે નહીં. અરે એમાય એક પુજાપો વેંચનારી ગઢવાલી બાઈએ તો જાણે ભવિષ્યવાણી કરી દીધી. રાત્રે વરસાદ આવશે જ, તમે ગમે તેમ કરીને સામે ભાડાથી રૂમ લઈ લ્યો. પણ અમે તો દાદાના ભરોસે ત્યાં જ રોકાયા. ઠંડો ઠંડો પવન ચાલું થયો, બધા કામળીઓ ઓઢીને જ બેઠા. અને પવન તો હજુ વધતો જ ગયો. પણ અમે હારીયે તેવા ક્યાં હતા ? રાત આખી સરસ વીતિ ગઈ. સવારે પોણા પાંચે તો આખા આભમાં અજવાળું થવા લાગ્યું. રાત્રે કંઈ વરસાદ આવ્યો નહીં. એક વાગે ઠંડો પવન બંધ થઈ ગયો હતો. સવારે પાંચ વાગે પૂજારીએ આવીને મંદિરનો ઘંટ વગાડ્યો અમે તો ક્યારના જાગી ગયા હતા. આ ગઢવાલી પર્વતમાળામાં દિલને ડોલાવનારો અને દિલને ડરાવનારો આજનો પહેલો દિવસ સરસ પૂરો થયો.



**जिनके हौंसले हिमालय जैसे हैं,**
**वैसे जैन साधु ।**
**पर्वत पुत्र एवं पार्वती**

**ફકોટતાછલા**

વૈ.વદ ૨, બુધવાર, તા. ૨.૦૫.૨૦૧૮

લગભગ ૪૦૦૦ ફીટની ઉંચાઈએ બેસીને આ લખાણ લખાઈ રહ્યું છે. ઉંડી ખીણો અને ઉંચા પહાડોની વચ્ચોવચ્ચ પંખીના માળા જેવું આ મકાન છે. ઉડતી નજરથી એક કિ.મી. દૂર મુખ્ય ગંગોત્રી માર્ગ પર નાના રમકડા જેવા વાહનો આવ જા કરે છે. રોડ અને હું બેઠો છું ત્યાંથી, બંનેની વચ્ચે



वनराई में से छन के
आती स्वर्णरश्मियाँ

લગભગ ૭૦૦ ફૂટ ઉંડી ખીણ છે. એટલે જ તો ઉડતી નજરે રોડ ૧ કિ.મી. દૂર છે. ચાલીને જઈએ તો ૫-૭ કિ.મી.થી ઓછું નથી. સવારના ૧૦ વાગ્યા છે પરંતુ હજુ ઉંડી ખીણોમાંથી અંધકાર દૂર થયો નથી. અડાબીચ ગીચ જંગલમાં ઉંચા ઉંચા ઘટાદાર વૃક્ષોનું સામ્રાજ્ય સર્વત્ર છે. હા ! અહીં થોડાક નજીક નજીક પગથીયા જેવા ખેતરોમાં શાકભાજી ઉગાડેલા દેખાય છે. બાકી પર્વતના ઢોળાવ ઉપર છુટા છુટા ઘરો છે. ૪-૫ ઘરો એક સાથે નથી. જો કે એટલી જગ્યા જ ક્યાં છે કે ૩-૪ ઘર બને.



## अनंत सौंदर्य

વાતાવરણ વાદળ છાયું છે. સૂરજદાદા સવારે ઉગ્યા ત્યારથી મથ્યા કરે છે ધરતીને સોનાથી મઢી દેવા. પણ મેઘલા વાદળોએ આખાય વાતાવરણને આસમાની આસમાની કરી નાખ્યું છે. ગિરિશૃંખલામાં એક પછી એક ગોઠવાયેલા ગિરિશૃંગો આંખોને ઠારનારું દૃશ્ય ખડું કરે છે.

પહેલું શિખર તો ઠીક ઠીક દેખાય છે જો કે તે પણ આસમાની રોશનીથી બાકાત નથી. તેની પાછળ બીજું શિખર થોડું આછું દેખાય છે તે પર આસમાની આભા વધુ છે. તે પછી તો ત્રીજું આકાર



માત્રનું અસ્તિત્વ રાખતું આસમાની રંગનું ગિરિશૃંગ હિમગિરિનું બાળક હોય તેમ કાલુ કાલુ મરકી રહ્યું છે. તે પછીનું ચોથું શિખર નીચેથી તો સફેદ ધુમસમાં અડધું ઢંકાઈ ગયું છે. માત્ર ઉપરના આછા આસમાની રંગમાં ગિરિશૃંગોનો આભાસ ઉભો કરે છે. પાંચમું તો જાણે આકાશમાં જ ઓગળી ગયું હોય તેવું લાગે છે. ૫ મિનીટ નિરખીને જોઈએ ત્યારે આભાસ થાય કે કંઈક છે, બાકી આકાશની સાથે એકાત્મગત થઈ ગયું છે.

ક્રમશઃ સુંદરતાને વધારો કરતા આ ધરતીપુત્રો અનેરી છટાથી આવનારને આનંદથી ભરી દે છે. સાવ નીચે દૂર પહાડી નદી વહી રહી છે. ખૂબ દૂર છે, અવાજ તો આવતો નથી પણ ઝીણી આંખે જોતા પાણીનું વહેણ દેખાય છે.

આજે ૧૧ કિ.મી. ચાલ્યા છીએ પણ થાક બિલકુલ લાગ્યો નથી. અડધું ચડવાનું અને અડધું ઉતરવાનું હતું. રોડ અજગરની જેમ વાંકોચૂકો ચાલે છે. સંભાળીને ચાલવું પડે 'સાવધાની હટી દુર્ઘટના ઘટી.' સાવધાની ચુક્યા તો કંઈ પણ થઈ શકે છે. ઠેકાણે ઠેકાણે બોર્ડ લગાવેલા છે.

**आओ मेघ...**
**अच्छा हुआ तुम आ गये**
**कड़ी धूप में छत्रछाया करने**
**मेरे प्रभुने ही तुम्हे भेजा है न ?**

- दोपहर ४.०० बजे चालू विहार में...



'સાવધાન! સમ્હલ કે ચલો ઉપર સે પથ્થર ગિર સકતે હૈં.'

આજની સ્થિરતા એક રેસ્ટહાઉસમાં છે. અહીં રેસ્ટહાઉસ એટલે ઉપર એક ખુલ્લો હૉલ હોય નીચે નાની ૩-૪ રૂમો હોય, સાવ દેશી ઢબનું મકાન. ચારે બાજુ ખુલ્લું હોય. પાછળની બાજુ આખુંય પર્વત-ખીણનું દૃશ્ય દેખાતું હોય. એમાંય હજુ તો અહિં રૂમો અડધી જ બનાવી હતી, ઉદ્‌ઘાટન પણ બાકી હતું. એમાં અમારી પધરામણી થઈ ગઈ. મકાનમાલિકે અમને આવકાર આપ્યો. રહેવાની વ્યવસ્થા કરી આપી. આવીને ૧૦ મિનીટ ખબર અંતર પૂછ્યા. અમે અમારો પરિચય આપ્યો. અમે ગુજરાતથી આવ્યા છીએ એવું સાંભળીને તે એક વારમાં જ અહીં ઉતરવાની 'હા' પાડેલી. એના શબ્દોમાં ''મહારાજજી ! મૈં ફોજી હું. ગુજરાત મેં કાફી સમય રહા હું, કચ્છ ઔર દાંતીવાડા મેં હમારી ડ્યુટી થી ફિર ૭ વર્ષ કારગીલ મેં ૧૫૦૦૦ ફીટ કી ઉંચાઈ પર રહા, અબ તો નિવૃત્ત હો ચુકા હું, બસ યહા ભક્તો કી ભક્તિ કરતા હું. યહાઁ અપની જમીન હૈ, યહ

**जिन ही पाया,**
**तिन ही छिपाया...**





હૉટેલ હૈ, બસ ગાડી ચલતી હૈ !'' ''અમે પૂછ્યું, ઈસ જંગલ મેં ભી કિતને લોગ દૂર દૂર ઘર બનાકે રહતે હૈ, તો વે અપના જીવન કૈસે બિતાતે હોંગે ? કમાઈ કા તો કોઈ જરીયા હૈ નહીં.''

એમણે કહ્યું, 'અજી ! બાત યે હૈ યહાઁ ખેતી કે લિયે જમીન બહુત હૈ, પરંતુ કોઈ ખેતી કરના હી નહીં ચાહતા. કોઈ ફૌજી હો ગયા, કોઈ શહરો મેં જા બસા. યહાઁ ખેતો મેં સબકુછ હોતા હૈ પરંતુ મહેનત કરે કૌન ?'



અમે કહ્યું, ''જંગલ મેં પેડ બહુત કાટ દિયે હૈ, યહાં કા પર્યાવરણ ખરાબ હોગા !''

એમણે કહ્યું, ''સહી તો હૈ ! અભી રોડ કા કામ ચાલુ હૈ, રોડ ચૌડે કરને કે ચક્કર મેં હજારો બડે બડે પેડ કાટ દિયે ગયે !'' મોદીજી સમજતે હૈ હમ ચારધામ કે યાત્રિયોં કે લિયે સુવિધા કરે. પરંતુ એ નહીં જાનતે કિ શિવજી કો મનુષ્યો કી ભીડ મેં રહના હોતા તો યહાં આકર ક્યું બૈઠતે, કલકત્તે-દિલ્લી મેં હી બેઠ જાતે. ઉપર તક એસે ગાડીયાઁ જાણે કી સુવિધા હુઈ તો હિમાલય કા પતન હો જાયેગા !

भगवान महावीर प्रभु
ऐसे ही विकट जंगलों में
अकेले साधना करते थे ।
जहाँ दिन की सुंदरता रात को
भयंकर हो जाती है ।



માહોલ ખરાબ હોતા જા રહા હૈ ! કૌન સમજાયે મોદીજી કો. કમ સે કમ ધર્મસ્થાનો કો તો ધર્મ કે સ્થાન રહને દો. સાધુઓ કે લીયે સાધના ક્ષેત્ર સુરક્ષિત રહના ચાહિયે. સાધુ કે લિયે ભી સુવિધા દી જાયેગી તો સાધુ કાર મેં, પ્લેન મેં ઘૂમેંગે ! સોફે પર મજે સે બેઠેંગે ! યાત્રા તો ચલકે હોની ચાહિયે, ગાડી મેં કોઈ યાત્રા હોતી હૈ ?'' લગભગ ૭૦ વર્ષનો આ ફૌજી દિલના દર્દની વાત કરતો હતો. ભારત કઈ તરફ જઈ રહ્યું છે. અતિ પવિત્રતમ દેવભૂમિ હિમાલયને પણ આ માણસોએ છોડ્યો નહીં.

આગળ કંઈ પૂછવાની હિંમત ચાલી નહીં કારણ કે આગળ બોલી શકે તેવી સ્થિતિ રહી નહીં. તે હતોત્સાહિત થઈ, મૌન પણે હાથ જોડી ઉભો થઈ ચાલ્યો ગયો.

પાલીતાણા, શંખેશ્વર કે ગિરનારજી જેવા અતિ પવિત્રતમ તીર્થોને પણ ભ્રષ્ટ કરવામાં સૌથી મોટો ફાળો કોનો ? વિચારીશું ? જ્યારે કેટલાક યાત્રિક યાત્રા કરવા જાય છે, પણ કેટલી ગંદકી ફેલાવીને જાય છે. વાતાવરણ કેટલું ખરાબ કરીને

**भोजपत्र का वन...**
**जहाँ परम लोक के शुद्ध चैतन्य का**
**अवतरण होता है ।**
**अनंतानंद के अमृतकुंड में डुबकी,**
**हिमालय के बिहड़ अरण्य में ।**





જાય છે એનો હિસાબ કોણ માંગશે ?

આ પણ તીર્થોમાં...

રાતનાં ઉભી બજારે બાકડા પર બેસીને ખાવા કોણ બેસે છે ?

તળેટી રોડ પર નોનવેજ વેચવાનું કેમ ચાલું થયું ?

ગમે તેવા સેંકડો ઘાટીઓથી જ ભર્યું ભર્યું તીર્થને કોણ રાખે છે ?



ડોલીવાળાને ફોગટના વધારે રૂપીયા આપી દારુ-માંસનું પ્રોત્સાહન કોણ આપે છે ?

તળેટીની બાજુમાં જ ભેલપૂરીનાં ભુક્કા કોણ બોલાવે છે ? ડોલીવાળા ગિરિરાજ પર જઈ નોનવેજ ખાય, ગિરિરાજ પર હાડકા નાખે, દારુ પીએ, દારૂની થેલીઓ પવિત્ર ગિરિરાજ પર નાખે, ટોયલેટ-લેટ્રીન કરે એ બધું કોના પાપે ?

જૈન સંઘના યુવાનો દર વર્ષે લગભગ ૭૦૦ થી પણ વધું બોરી ભરીને આખા ગિરિરાજ

नीलगगन
स्वर्णशिखर
हिमालय का गांधर्वलोक



ઉપરથી કચરો કાઢે છે, આટલો બધો કચરો કરનાર કોણ? ગમે તેવા વિચિત્ર વસ્ત્રો પહેરી યાત્રિકોના શુભ ભાવોને બગાડે છે કોણ ?

તીર્થસ્થાનોમાં પણ હોટલોમાં જ ઉતારવાનો આગ્રહ રાખે છે કોણ ? અરે ધર્મશાળાઓ પણ હોટલ જેવી જ હોવી જોઈએ, બોલો આ કોનો આગ્રહ છે ? કોની અનુકૂળતા માટે ?

ધર્મશાળામાં પણ રૂમે રૂમે ટી.વી., ફ્રીજ જેવા ભૌતિક સાધનોની વ્યવસ્થા માંગે છે કોણ?

તીર્થસ્થાનોમાં સ્થાનિક માંસાહારી બેંડવાળા, ઢોલવાળા, બગ્ગીવાળા, ઘોડાવાળાનું પાલન પોષણ કરે છે કોણ ?

આ બધા સવાલોનો કોઈ જવાબ હોય તો એક માત્ર એ જ છે ''યાત્રિક''

શું જોઈને તીર્થસ્થળની પવિત્રતાને ખતમ કરવા આવા લોકો અહિં આવતા હશે ? આવા લોકો ઘરે રહે તે જ સૌથી મોટી તીર્થની સુરક્ષા છે. યાત્રિકોને અનુકૂળ સુવિધાઓ કરી આપવા માટે તીર્થની ધર્મશાળાઓના ટ્રસ્ટીઓએ શું શું

**क्या, देवलोक इस से भी**
**सुंदर होता है ?**

નથી કર્યું. પરમાત્માની આજ્ઞાને કોરાણે મૂકીને માત્રને માત્ર યાત્રિકોનાં મન ખુશ રાખવા વાતાવરણ ઉભું કર્યું છે. એથી કોણ અજાણ છે. 'ઓ યાત્રિકો ! પવિત્ર ભૂમિ પર જતા હો તો એટલું તો ધ્યાન રાખજો કે તમારા નિમિત્તે તીર્થની પવિત્રતા ને ક્ષતિવન થાય.'

આ હિમાલય પણ હવે ધીરે ધીરે તીર્થભૂમિ તરીકે વિલીન થઈ રહ્યો છે. ૪૦૦૦ ફૂટ પર બેઠા છીએ પણ હજુ એક પણ પાણીથી ભરેલી નદી જોવા મળી નથી. થોડીક દૂર જઈને અદૃશ્ય થઈ જતા કૃશકાય ઝરણાઓ પણ છેલ્લા શ્વાસ લઈ રહ્યા છે. શું માણસના પાપ એટલા વધી ગયા છે કે કુદરતે પોતાના અચલ સિદ્ધાંતોને પણ ફેરવવા મજબૂર બનવું પડે. 'ઓ માનવ સાવધાન ! વિનાશ તરફ આગળ વધી રહ્યો છે તું, અટકી જા, સમય છે સંભાળી લે... હજુ મોડું નથી થયું, પાછો વળ.'

ઘડિયાળમાં સવા ચાર થયા હતા, સાંજે વિહારની તૈયારી થઈ ચુકી હતી. મહાત્માઓ ઓઘો બાંધીને સજ્જ થઈ ગયા, ત્યાં તો કાળા ડિબાંગ વાદળોની સાથે મેઘરાજાની સવારી ઉતરી આવી. આકાશમાં હજારો હાથીઓ એક સાથે તોફાને ચડ્યા હોય તેવું દૃશ્ય ઉભું થયું. એક તરફ પવનનું તોફાન એવું જામ્યું કે જે ઝપટમાં આવે તેને આકાશમાં ઉંચે ઉછાળી દે, હિમાલયનું આ તોફાનીરૂપ અમને વિહાર કરવાની જાણે 'ના' પાડતું હતું. સાંજનો વિહાર શક્ય હતો જ નહીં. જોત જોતામાં વરસાદ તુટી પડ્યો. સામે દેખાતા ગિરિશૃંગો વરસાદી પરદામાં અદૃશ્ય થયા. હિમાલયના પહાડોમાં આ રીતે અચાનક વરસાદની પધરામણી સહજ છે. લગભગ ૨ કલાક સુધી એક સરખી વરસાદની ઝડી વરસી. વાતાવરણ ટાઢુંબોળ થઈ ગયું. વરસાદ બંધ થયા પછી સફેદ રૂની પૂણી જેવા વાદળ પગે ચાલીને ડુંગરના ઢોળાવો ચઢતા હતા. એ દૃશ્ય સુંદર હતું. ધવલીમા ધારણ કરનારી રજત રંજિત વાદળી ધોળા ધોળા ધખ રૂના પૂમડા વિખેરતી આભમાં ઉંચે ચઢવાનો પ્રયત્ન કરતી હતી. સાંજ પડી, હવે કંઈ વિહાર થાય નહીં. રાત્રિ વિશ્રામ અહિં જ થયો. વાતાવરણ ઠંડુગાર થઈ ગયું હતું. પણ સહન થાય તેવું હતું.

વિચારોમાં વળગેલા મનને ચપળ દૃષ્ટીએ ફરી પાછુ હિમાલયની ગિરિશૃંખલાઓમાં પરોવ્યું. સંધ્યાકાલિન હિમાલયના નયનરમ્ય દૃશ્યને જોઈને જયંત પાઠકની એક કવિતા યાદ આવી.

ક્ષિતિજની સમથળ ભોંય ઉપર દિશાઓની મજબૂત દીવાલો,<br>
ને પહાડોના અડીખમ ખભાં ઉપર ટેકવેલું -<br>
સુર્ય, ચંદ્ર, તારાઓના તગતગતા ઝુમ્મરોથી ઝળાહળ ગહન ઘુમ્મટવાળું આ સાતમાળી આકાશ,<br>
લો ઝંઝાની એકજ ઝાપટમાં ગંજીપાના મહેલની પેઠે તૂટી પડ્યું હેઠે !

સાચી જ વાત રાત પડી ગઈ છે. દૂર દૂર ૮.૧૦ પહાડી ગામડાઓ દેખાય છે. ગામડાના નાના નાના ટમટમીયા જાગી ગયા છે. અંધારાને ઉલેચવાનો નિષ્ફલ પ્રયત્ન કરતા એ લાઈટના ગોળા જાણે આકાશ ધરતી પર આવી ગયું હોય એવો આભાસ ઉભો કરે છે.




**नागनी**

वै.वद ३, गुरुवार, ता. ३.०५.२०१८

આજ તો આનંદનું ઝરણું ઉભરાયું છે. આજનું વિશ્રામ સ્થલ એક નાનકડા વહેણના કિનારે છે. અને તેય મંદિરમાં. સવારથી નિકળ્યા ત્યારથી આજતો ઉતરાણ ચાલું થઈ ગયું હતું. નીચે ઉંડી ખીણમાં એક ગિરિનદી પહાડી છોકરીની જેમ ઉઠળતી કુદતી દોડી જતી હતી. અમે વધુ ને વધુ નીચે

**आओ पधारो अजनबी**
**आगंतुक भागरथी वेली में**
**आपका स्वागत है ।**
**जहाँ मात्र गंगा का अनाहत घोष**
**प्रतिष्ठित है ।**



ઉતરતા જતા હતા. ગઈ કાલે ચઢાવી ચઢાવીને શિખર સુધી લઈ ગયા. આજે પાછા નીચે, આ રીતે જ જો આવવું હતું તો ચઢાવ્યા કેમ ? જો કે આ પ્રશ્ન પૂછવો કોને ? હજુ તો આ રીતે કેટલાય પહાડો ઓળંગવાના છે. ઉપર નીચે, નીચે ઉપર જેવી જીંદગીનું સમય વહેંણ 'કભી ઉપર કભી નીચે; કભી આડા કભી ટેડા, કભી ધૂપ કભી છાંવ, બસ જીંદગી કી રાહ પર ઐસે હી ચલતે રહતે હૈં ઈન્સાન...' આ હિમગિરિની વચ્ચે એ જ તો સ્થિતિ હતી. રસ્તામાં શંકુ આકારના ચીડના ઝાડનો પાર નથી. ઉંચા ઉંચા ૫૦-૬૦ ફૂટ ઉંચા આ વૃક્ષો આ પર્વતમાળાની શોભામાં હજાર ગણો વધારો કરે છે. ઝાડ તો છે પણ પાંદડાના નામે પતલી પતલી લાંબી દાંડીઓ. અને ફળનાં નામે નાના પાઈનેપલ આકારના ફળ, જાણે લાકડાને કોતરીને બનાવેલા હોય તેવા ફળ લાગેલા. વર્ષો પહેલા કેટલીક ઔષધીઓની જાણકારીમાં એક 'નાગજાળ' કરીને ઔષધીનો પરિચય થયેલો. જોકે બે વર્ષ પહેલા જ એ ઔષધી જોવા મળી.

हिमालय के योगी
काले शिखर के नीचे विश्राम



ચારે બાજુ નાગની સેંકડો ફણાનો એક પિંડ. કહેવાય છે કે આમાંથી ૧ ફણ સાથે રાખવાથી સાપ શરીરનો સ્પર્શ ન કરી શકે. એટલે કે નાગજાળની એક ફણ પણ પાસે હોય તો નાગ બાજુમાં ન આવે, એવો એક નાગફણનો પિંડ પ્રાપ્ત થયેલ. એનો પ્રયોગ પણ સફળ થયો હતો.

આજે એવી નાગજાળ અહીં રસ્તાની બંને બાજુ કેટલી બધી પડી હતી. સાથે કલ્પ હતો ૨ જાળ લઈ લીધી. વધારે શું કરવી છે ! જો આ જાળ અહીં છે તો આના વૃક્ષો પણ અહીં જ હશે. કેવા હશે આના વૃક્ષ ? શું સાવ જમીન પર જ ઉગતા હશે કે મોટા ઝાડ પર હશે. બધા કામે લાગ્યા સંશોધનમાં, છેવટે એ વૃક્ષ મળી ગયું. બીજું કોઈ નહીં 'ચીડ' જ હતું. જેનું આખું જંગલ અડાબીડ ભર્યું હતું. તેમાં જ નાગજાળ ફળ રૂપે હતી. પછી તો વૃક્ષ ઉપર જ્યાં જોઈએ ત્યાં આવા ફળો જોવા મળ્યા. આજુ-બાજુ ક્ષેત્રવાસીઓને આ ફળના ઉપયોગ અંગે પુછ્યું પણ એમને વિશેષ

**स्वर्ण सिंहासन पर**
**जो आनंद नहीं आता,**
**उससे कई गुना आनंद**
**यहाँ बैठने से आता है।**



चीड वृक्ष की छाँव में

કાંઈ ખબર ન હતી. અમે અમારા વસતિ સ્થાને પહોંચ્યા. લાભુભાઈ મલકાતા ઉભા જ હતા. એનો અર્થ એ કે બધું બરાબર ગોઠવાઈ ગયું છે. અમે ભરતમંદિર પહોંચ્યા. મંદિરના પૂજારી વિધિપ્રસાદ શર્માએ અમારૂં અભિવાદન કર્યું. નાનકડો હૉલ તૈયાર જ હતો. અમે ત્યાં રહ્યા. હૉલના મુખ્ય દ્વારથી જ નાનકડો ૨૦-૨૫ ફૂટનો પુલ હતો. નીચેથી નમણું નાજુક વાંકડીયું વહેણ વહી જતું હતું. સામે એક ઝરણું લગભગ ૧૦-૧૨ ફૂટ ઉપરથી ધમધમ પડતું હતું. વાતાવરણ આહલાદક હતું. અમે તો



ડેરો જમાવ્યો વહેણની વચ્ચોવચ્ચ એક વિશાળ શિલાપુત્ર ઉપર. ત્યાં જ જાપ કર્યા, ધ્યાન કર્યું. લગભગ ૨ કલાક સુધી. મજા આવી ગઈ. ડુબી જવાયું. આજુ બાજુ ઉંચા ઉંચા ગિરિશિખરો અને વચ્ચે આ નિર્મળ કાંચ જળ. આખોય દિવસ ઝરણાનો ધોધ અને વહેણનો કલકલ નાદ વાતાવરણને સેંકડો મનોરમ સુરાવલીઓથી ભરતું હતું. અને વળી પેલી નાનકડી સોનેરી માછલીઓએ તો તોફાન કરી મુક્યું. હું જે શિલા પર બેઠો હતો ત્યાં ધીરે ધીરે આવે, જાણે કે અમને કોઈ જોતું નથી અને થોડુંક એની સામું જોઉં તો ઝટ ભાગી જાય. બિલકુલ નાનકડા બાળકો જેવી. સ્કુલમાં રહ્યા હોઈએ અને કુતૂહલ વશ બારીમાં ભેગા થયેલ ભૂલકાઓ આપણને ટગર ટગર જોયા કરે અને આપણે તેની સામે જોઈએ તો એકદમ બારીમાંથી અદૃશ્ય જાય એવું જ ચિત્ર આ સ્વર્ણમીન બાલીકાઓએ કરી મુક્યું. હજારો માછલીઓ છે અહીં. અહીંના પૂજારી કોઈને માછલી પકડવા નથી દેતા. સવાર સાંજ કંઈક ને કંઈક ખવડાવે. વળી

**चीड वृक्ष का फल**



आवता जता ग्राम्यजनो पण माछलीओ माटे कंईक नाखता जाय. रामना अनन्य अने अग्रगण्य

આવતા જતા ગ્રામ્યજનો પણ માછલીઓ માટે કંઈક નાખતા જાય. રામના અનન્ય અને અગ્રગણ્ય ભક્તોમાં જેમનું નામ આવે તેમાં એક રાજકુમાર ભરત પણ છે. આ ક્ષેત્રમાં ભરતના મંદિરો ઘણા જોવા મળે. ભારતીય સંસ્કૃતિમાં અતિ ઉત્કૃષ્ટ પ્રભુ ભક્તિમાં નામ તરીકે હનુમાનજી, ભરત, લક્ષ્મણ, મીરા, નરસિંહ મહેતા, સંત જ્ઞાનદેવ જેવા અસંખ્ય નામો છે. જૈન ધર્મમાં પણ અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીજી, ભાવી તીર્થંકર શ્રી શ્રેણિક મહારાજા, સુલસા શ્રાવિકા, રેવતી, મયણા આદિનો

धवलधारा भागरथी गंगा
पहाड़ों के बीच



दुनियामां जोटो जडे तेम नथी. जो के बधा ज भक्तोना मंदिर नथी बनता एमांय हनुमानजीए तो हद करी नाखी. कदाच कोई गाम बाकी नहीं होय. तेम हिंदु संस्कृतिमां भरतनी पण भक्ति कांई जेवी तेवी कही शकाय नहीं. एमनुं मंदिर बीजे क्यांय जोवा मळ्युं नहीं पण अहीं घणा मंदिर छे. एमांनुं एक, अमे उतर्या छीए ते. मंदिरमां मुख्य स्थाने भरत उभा छे. बाजुमां विष्णु, लक्ष्मण आदि. अरे ऋषिकेशमां अमे रामना सौथी नानाभाई शत्रुघ्ननुं मंदिर पण जोयुं. आश्चर्य थयुं पण

चीडवृक्ष
हिमालय पर जिसका
एक छत्री साम्राज्य है ।



भरत मंदिर

મંદિર છે.

આખો દિવસ ખૂબ આનંદમાં ગયો. સાંજે વિહાર આગળ ચાલ્યો, ૬ કિ.મી. ઉપર ચડાણ જ હતું. અમે એક મહાદેવ મંદિરમાં રોકાયા છીએ. આજુ બાજુ ખેતરો છે. ખેતરોની પેલી બાજુ થોડાક છુટ છવાયા ઘરો છે. ચારે બાજુ મોટા શિખરો પર ચીડના ઉંચા ઉંચા વૃક્ષો સુંદર દેખાય છે. રોડથી એક ઉંચી જગ્યા પર એકલું મંદિર છે. રાત્રિ વિશ્રામ અમે અહીં કર્યો. ભરતમંદિરની પાછળ જ રૂદ્રાક્ષનાં બે



भरत मंदिर

વૃક્ષો હતા, પણ હજુ ફળ લાગેલા નહીં. આજુબાજુ કેટલીક હિમાલયની વનસ્પતિઓનો પરિચય ચૌહાણભાઈએ કરાવ્યો, એમાં એક વિંચ્છુઘાસ. આ વનસ્પતિ એક વાર શરીરને અડી જાય તો બરાબર ૨૪ કલાક સુધી એ કામ કરે. આજે સવારે ૯ વાગે ઘાંસના સ્પર્શ કરો તો કાલે સવારે ૯ વાગ્યા સુધી વિચ્છુંના દંશ જેવી વેદના થાય. કલ્પ તો કુદી કુદીને કહે હું આ લઈ લઈશ મારા મિત્રને હેરાન કરીશ. આનંદમંગલવિજયજી કહે કે 'કલ્પ ! સાવધાન બીજાને હેરાન્ કરવા જતા પહેલા તારે જ હેરાન થવું

दुनिया से दूर इस स्थल पर परमात्मा के मिलन का यह अवसर हम चूकना नहीं चाहते...



પડે. આ હાથથી જ લઈશને આ ને ? એવી ભૂલ કરવી નહીં. વળી એક લીંબડા જેવા વૃક્ષને અમે જંગલી લીમડો કહીને ઓળખ્યો. ગમે તેવો 'ઘા' લાગ્યો હોય તેના પાન વાટીને લગાવીએ તરત રૂઝ આવી જાય. ઋષિકેશથી લગભગ ૫૬ કિ.મી. ચાલ્યા છીએ. ઠંડી છે પણ સહન થાય તેવી. સાંજે અમારી પાછળ જ બે યાત્રિક બાવાઓ પણ શિવમંદિરમાં આવ્યા. તેઓ બહાર પતરાના છાપરાની નીચે જ રાતવાસો રહ્યા. એમને સૂચના આપી, અંદર આવવા માટે પણ એ બાબતમાં એમનો અસ્વરસ લાગ્યો.'

ચારધામની ચાલીને યાત્રા કરનારા આવા સન્યાસીઓ માટે ભોજનની વ્યવસ્થા જુદી રીતે કરવામાં આવી છે. એ જાણવા મળ્યું હરિદ્વાર કે ઋષિકેશથી કોઈક એક ચોક્કસ અથવા મઠમાં તેમનું નામ નોંધાવવાનું ત્યાંથી એક નાનકડી પાસબુક મળે તેમાં યાત્રામાં આવતા ગામોમાં સ્થાનિક નિશ્ચિત દુકાનમાંથી ભોજન માટે સીધુ સામાન પ્રાપ્ત કરવા સંબંધી લખાણ હોય. એ પાસમાં સાધુનું નામ, ગામનું નામ, દુકાનનું નામ,

'दरवाजा खोलो पूरा हिमालय हाजिर'
जहाँ हम रुके हुए है,
उस कमरे से बाहरी दृश्य का नजारा ।



અડધો કિલો ઘઉંનો લોટ,અડધો કિલો બટાકા અને ૧૦-૧૦ ગ્રામ હળદર, મરચું, તેલ આદિ મસાલો મળે. એક પાસ આપો તો એક યાત્રિક સંન્યાસીને કાચો માલ પ્રાપ્ત થાય. આ આખું આયોજન કેટલાક હિન્દુ પરિવાર તરફથી ચાલે છે. દુકાનદાર બધા પાસ ભેગા કરીને હરિદ્વારમાં જે તે આશ્રમ અથવા મઠમાં આપે જે બીલ થાય તે લાભાર્થી પરિવાર ચૂકવી દે. આથી એક ફાયદો ખરો કે સંન્યાસીને ભોજનની ચિંતા કરવી ન પડે.

**સૂરજ દાદા !**
**હિમાલયમાં આવીને તો**
**ભલભલા ઠરી જાય...**

આવનારા બંને સંન્યાસી પાસે આવી એક એક બુક હતી. પણ આ રૂટમાં એવી એક પણ દુકાન ન હતી કે જે તેમણે સીધુ સામાન આપે. કારણ કે યમનોત્રી જવા માટે દહેરાદૂન થઈને રસ્તો છે, ત્યાંની આ પાસબુક છે. છતા આ બન્ને સાધુ પૈસા ખરચીને ભોજન કરતા ગમે તેમ ઉત્તરકાશી સુધી પહોંચશે. પછી પાસબુક કામ લાગશે એવું લાગે છે. જો કે જૈન સાધુની આહારની વ્યવસ્થા પ્રભુએ કેટલી સરસ કરી છે. આખી જીંદગી નીકળી જાય પાસબુક રાખ્યા વિના. બધાને દીક્ષાના દિવસે જ પાસ કરી દેવામાં આવે. આખી જીંદગી સુધી ગોચરીની કોઈ ચિંતા નહીં. ૪૨ દોષ રહિત નિર્દોષ આહાર ગ્રહણ કરતા સંયમીઓ આનંદની કેવી અનુભૂતિ કરતા હશે એની કલ્પના પણ સંસારી જીવોને શું આવે ?

જે રીતે ભમરો એક એક ફૂલમાંથી થોડો થોડો રસ ચુસે તેથી ફૂલને પીડા ન થાય અને ભમરાનું પણ પેટ ભરાય, બસ એવી રીતે જૈન સાધુ પણ ઘર ઘરથી થોડી થોડી ગોચરી (ભિક્ષા) લઈને કોઈને દુઃખ પહોંચાવ્યા વિના પોતાની સંયમયાત્રાનું વહન કરતા હોય છે.

આ તો હિમાલય છે. અહીં ગોચરી કોણ વહોરાવે ? જૈન સાધુ આ હિમાલયની ધરતી પર આ રસ્તે પહેલી વાર આવ્યા છે. કોઈ ને કંઈ ખબર જ નથી. જૈન સાધુને પણ પહેલીવાર જોઈ રહ્યા છે. ગઢવાલી પ્રજા ખૂબ સમજદાર - ભાવિક અને અતિથિ સત્કારનું સન્માન કરે છે. પણ કેવી રીતે જૈન સાધુને ભોજન વહોરાવવું (આપવું) જૈન સાધુને ભોજનમાં શું લેવાય શું ન લેવાય એ ખબર નથી. અમે કેટલાક માણસોને જૈન સાધુના આચારનો પરિચય કરાવીએ.

હિમાલયમાં ૩-૪ દિવસ થયા છે. ભોજનમાં તો દુધ-પૌઆ-કેળા જેવી વસ્તુથી જ એકાસણા થાય છે. એકાસણું એટલે ૨૪ કલાકમાં માત્ર એકવાર જમવાનું. તે પણ એક સ્થાને બેઠા બેઠા જ જમવાનું વ્રત હોય. ભોજન કરીને ઉભા થઈ ગયા પછી સૂર્યાસ્ત સુધી પાણી સિવાય કંઈ પણ ખવાય નહીં. બીડી-તમાકુ-ગુટકા જેવા વ્યસનોનો તો જૈન સાધુ જીવનભર ત્યાગ હોય, પણ દુધ-ચાય-ફળ-ફ્રૂટ-જ્યુસ-ફરાળ-સોપારી આદિ વસ્તુઓ પણ ભોજનમાં ન લે. માત્ર ગરમ કરીને ઠંડુ કરેલું પાણી સૂર્યાસ્ત સુધી ચાલે. સૂર્યાસ્ત થયા પછી આખી રાત પાણીનો પણ ત્યાગ હોય. આવી ઘોર સાધના સાથે ખુલ્લા પગે ચાલીને હિમાલયની યાત્રા કરવા જૈન સાધુ આગળ વધે તે આ એકવીશમીં સદીનું સૌથી મોટું આશ્ચર્ય છે. ધન્ય હો જૈન સાધુને, ધન્ય જૈન ધર્મને. વર્તમાન સમયમાં લગભગ ૧૬૦૦૦ સાધુ-સાધ્વીઓ સમગ્ર ભારતવર્ષમાં ખુલ્લા પગે ચાલીને લોક ઉપકાર કરી રહ્યા છે.



**धारकोट**

वै.वद ४, शुक्रवार, ता. ४.०५.२०१८

રૂમમાં બેઠા બેઠા જ શિવાલિક પર્વત શ્રેણી એક સાથે જ દેખાય છે. એક સારા ચિત્રકારે અપાર સૃષ્ટીનું સરસ ચિત્ર બનાવી લટકાવ્યું ન હોય ? તેવો ભાસ થાય. સવારે વિહારમાં હતા ત્યારે ચાલતા ડાબી બાજુ તો પહાડનો ભાગ હતો. અને જમણી બાજુ ઉંડી ખીણ નીચે પહાડી નદીના ધસમસતા

अभिमान का अंश नही,
माया की मलिनता नही,
क्रोध की कालिमा नहीं,
सदा सदा सदाबहार जैन साधु का आनंद
करोड़ो कठिनाईयों में भी बरकरार है।

*- हिमालय में विश्राम चीड़ के वन में*



हिमालय के वन में
सुहानी शाम ।
आचार्यश्री और लाभभाई ।

પાણી ઉપરથી પત્થર પડે નહીં એવું ધ્યાન રાખવું અને બીજી તરફ ઉંડી ખીણમાં ચાલ્યા ન જઈએ તેની સાવધાની રાખવી. એતો સારૂં છે રોડના કિનારે ડિવાઈડર કરેલા છે. વધારે ઉતાવળથી અથવા અસાવધાનીથી ચાલતા ઉંડી ખીણમાં ઉતરી જવાની શક્યતા ઓછી છે. ઝરણા પર બનેલા પુલ નીચેથી ઝરણાનું પાણી વહી જાય છે. પુલ પર બેસીને ખૂબ નીચે પડતા પાણી સુંદર દશ્ય ઉભું કરે છે. સૂરજની ગરમી લાગતી નથી. સૂરજ દાદા શું કરી શકે હિમાલયમાં આવીને. તો સાવ ઠરીને ઠીકરા



જેવા થઈ ગયા છે. ભલેને વૈશાખ માસનો કૃષ્ણ પક્ષ ચાલુ હોય, વાતાવરણ તો ખુશનુમા છે. ચાલતા ચાલતા છેક નીચે ખીણના તળથી ઉંચા પહાડની હારમાળાઓને ઓળંગતી દૃષ્ટી આભે જઈ અટકે છે.

૬ કિ.મી. ઉપર ચઢ્યા ત્યાં ચમ્બા આવ્યું. ગિરિનગર ઘણું મોટું છે. અહીં બજાર છે. આવતા જતા મુસાફરો ચમ્બાની મુલાકાત ખાસ લે છે. હિમાલયની યાદગિરિરૂપ કઈક ખરીદી કરે છે. આસપાસના પર્વત શિખરોમાં સૌથી ઉંચુ શિખર ચંબાનું છે. ગામમાંથી જ બહાર નિકળતા એક રસ્તો



ઉત્તર કાશી થઈ ગંગોત્રી તરફ જાય છે. જમણી બાજુ તરફ રોડ ટીહરી થઈ કેદારનાથ - બદ્રીક્ષેત્ર તરફ આગળ વધે છે. ગામપુરૂં થાય ત્યાં ખૂબ દૂર નીચે ટીહરી બાંધ દેખાય છે. ચમ્બા દાર્જલિંગ, દેવપ્રયાગ, ટિહરી આદિ જવા માટે રસ્તાઓ નીકળે છે. જો કે અમારે તો ગંગોત્રી તરફ આગળ વધવાનું હતું. લગભગ ૮ કિ.મી. આગળ ચાલ્યા. ૬ કિ.મી. નીચે ઉતર્યા અને ૨ કિ.મી. ઉપર ચઢાણ કર્યું. રૂમમાં આજે ઉતર્યા છીએ.

આજનો ઉતારો એવી સરસ જગ્યા પર છે કે દૂર કેટલાય કિ.મી. સુધી ચારે બાજુ પહાડ અને નીચે મેદાનમાં હજારો નાના ખેતરો દેખાય છે. સમુદ્ર સપાટીથી અમે લગભગ ૧૪૦૦ મીટર ઉપર છીએ.

પહાડોની વચ્ચે રોડ ઘણો ફરી ફરીને જાય. એક ડુંગરથી સામેના બીજા ડુંગર પર પહોંચવા માટે રોડ કિનારે કિનારે ચાલતો ૮-૧૦ કિ.મી. ચાલી નાખે... જો કે સામેનો ડુંગર ૧ કિ.મી.થી વધુ દૂર ન હોય. અહીં ચાલતા ચાલતા થાક લાગે નહીં મજા

जिसको जल्दी थी वो चले गये...



આવે. એક તરફ ચીડનાં ઉંચા ઉંચા ઝાડ જાણે દૂર મોરલા કળા કરીને ઉભા હોય તેવા લાગે. આજે કલ્પ બેંગલોર જવા માટે નિકળ્યો તેની સાથે હતી હિમાલયની મીઠી યાદ.

સાંજે ૮ કિ.મી. વિહાર કરી રોડ પરનાં એક બસ સ્ટેન્ડમાં રાત્રિ વિશ્રામ કર્યો. હિમાલયમાં દિવસ કરતા રાત વધુ સુંદર હોય છે. પહાડ પરથી જોતા દૂર દૂર ડુંગર, નાના ગામડા અને છુટા છવાયા નાના મોટા ઘરોની ટમટમતી લાઈટો આકાશને ધરતી પર લઈ આવે છે. આકાશના તારાનો ઢગલો

**घबराओ मत**
**यह तो हिमालय का**
**रास्ता है ।**

*- घनघोर वन में*



**सुंदर गाँव हरे भरे खेत**

થોડી થોડી જગ્યાએ કર્યો હોય તેવું લાગે. જાણે પરીઓના દેશમાં હજારો લાખો તારા વચ્ચે કાળામેશ અનંત આકાશમાં આપણે ઉડતા હોઈએ તેવો આભાસ થાય.

બાળમનની કલ્પનાથી સજાવેલ પરીઓનો દેશ આનાથી વધુ સુંદર તો નહીં જ હોય.

આપણે નાના હતા ત્યારે પરી કથા વાંચતા વાંચતા ક્યારે પરીઓના દેશમાં પહોંચી જવાતું તે





કંઈ ખબર રહેતી નહીં. પણ આજે તો વાસ્તવમાં સાક્ષાત દિવ્યલોકમાં આગમન અમારા માટે જિંદગીની અમુલી ક્ષણો છે. ઉંચા ઉંચા હજાર તાડ જેવડા ઉંચા પર્વતો જાણે આભને ટેકા દઈને ઉભા હોય તેમ લાગે છે. વદ પક્ષનો વાદળછાયો ચંદ્ર મંદ મંદ ચાંદની ઢોળી રહ્યો છે, પણ ક્ષીણ ચાંદનીમાં પર્વત કંદરાઓનો તમસ અંશ માત્ર પણ ક્ષીણ થયું ન હોતું. પ્રગાઢ અંધકારમાં ડુબી જવાનો આનંદ પણ આહ્લાદ્કારી છે.



## કુનેર (પટવારી ચૌકી)

વૈ.વદ ૫, શનિવાર, તા. ૫.૦૫.૨૦૧૮

ગામ તો હજુ ૧ કિ.મી. દૂર છે. તે પહેલા જ એક નાનકડી ટેકરીની ઉંચાઈ પર પટવાર ભવન છે. ઉપર પટવારી રહે અને નીચે અમે. ગામ દૂર છે. નિર્જન વન પ્રદેશમાં કોઈનું આવાગમન નથી. કુદરતી રમકડા જેવા રંગબેરંગી પંખીડા નિશ્ચિંત પણે ધમાચકડી

भोर भई उठ जाग
मुसाफिर...
जो सोवत है,
वो खोवत है...



મચાવી રહ્યા છે. ડુંગરનો ઢોળાવ છેક સામે ભાગીરથીમાં ભળી જાય છે. આજ તો દુધજલ ભાગીરથી દૂરથી જ દેખાઈ, ખરેખર એની ભવ્યતાને ઓવારી જવાય, ધારીને જોઈએ તો જ પાણી દેખાય બાકી તો સફેદ માટીની નદી વહેતી હોય તેવો ભાસ થાય. અહીં જાણવા મળ્યું કે હવે તે રોજ અમારી સાથે ચાલવાની છે. એક રૂપકડી કેડવંકી

थको, तो बैठो
पर
बैठे मत रहो ।



દેવકન્યાની કલ્પના આ નદી માટે નિરર્થક નથી. સાંજે પણ વિહાર થયો. આજે પાલીતાણાથી રાજુ આવી ગયો છે, એ વિહારયાત્રામાં સાથે જ છે. વડોદરાથી સંજય આવી ચુક્યો હતો. આજથી હિમાલય યાત્રામાં બે સદસ્ય નવા આવ્યા જે યાત્રા પૂરી ન થાય, ત્યાં સુધી અમારી સાથે રહેવાના છે. રાજુ તો છેલ્લે ૧૦ વર્ષથી સાથે જ છે. ભલે કેરળ હોય કે તમિલનાડુ, કર્ણાટક હોય કે ડાંગના જંગલ, મહારાષ્ટ્ર હોય કે આંધ્રપ્રદેશ

आनंदमंगल...



દરેક ઠેકાણે સાથે જ વિહારમાં રહ્યો છે. અંગે બળીયો ભારે, કામગરો અને ક્યાંય પણ પાછો ન પડે એવો જાણે અલ્લાઉદ્દીન નો જીન હિમાલયમાં સાથે રહી બધી વ્યવસ્થા સંભાળશે. હમણા સુધી તો લાભભાઈ એકલા સાથે હતા રહેવાની વ્યવસ્થા, ભોજન વ્યવસ્થા આદિ અનેક જવાબદારી એમના એકલા ઉપર હતી. આવા અજાણ્યા પ્રદેશમાં હિંમત રાખીને બધી વ્યવસ્થા કરી લેતા રાજુ અને સંજય આવવાથી જવાબદારીનો બોજ

**घनघोर बरसात अभी चालू होगी...**



चीड़ वृक्षों का अनंत वन

હળવો થયો.

સંજય રમુજી સ્વભાવનો વડોદરાની પાસે સાવલી ગામનો છોકરો છે. અનિલભાઈના સંપર્કથી અહીં વ્યવસ્થા માટે આવ્યો છે. સારો પાકશાસ્ત્રી છે. જરૂર પડયે એની સેવા પણ લેવી પડે. હમણા તો લાગે છે એકલા પૌંવા કે કેળાથી હિમાલયની યાત્રા પૂરી નહીં થઈ



શકે. રોટી તો રોટી હૈ ભૈયા. કોઈ સ્થાને વ્યવસ્થા મળે તો ટક્કર - બક્કર બનાવી લે અને બધાનું કામ થઈ જાય.

હિમાલયી પક્ષીઓ રંગરૂપમાં ખરેખર આકર્ષક હોય છે. એક તો સફેદ ચકલી જેવું પક્ષી એની પાછળ લગભગ ૧૦ ઈંચ લાંબી સફેદ પુંછડી ભારે આકર્ષણ ઉભું કરતી

आगे बढ़े या यहीं रुके ?
इतनी भी क्या जल्दी है...
चले जायेंगे मन करेगा तब...
मन भरेगा तब...
ठीक ही कहा है...
ऐसी घड़ी फिर कब आएगी





હતી. ખુલ્લા આકાશમાં ઉડે ત્યારે જાણે કોઈક નાનકડી પરી ઉડતી હોય તેવું લાગે. ગુજરાતમાં જેને 'દુધરાજ' કહે છે. તે કદાચ એ જ હશે. એવો અંદાજ બાંધ્યો.

વળી એક બીજું ગુજરાતી 'હરીયા'ની સાઈઝનું પક્ષી નીચેથી લાલ અને ઉપર પાંખો કાળી, દીવાળીનાં દિવસે નવા કપડા પહેરીને નાના બાળકો જેવા રૂઆબથી જાણે



લાલ ડ્રેસ ઉપર કાળી કોટી પહેરીને આમ તેમ ઉડાઉડ કરતું હતું. વળી ચકલીથી થોડુંક મોટું પક્ષી નીચેથી કાળુ અને ઉપરથી રાયણ જેવું પીળું પક્ષી શાંતિથી કોઈની રાહ જોઈ રહ્યું હતું. ચીડનાં જંગલમાં આવા કલરફૂલ પંખીડાનો પાર નથી. સાંજે વિહારમાં જુદાજુદા અવાજ કરી ડુંગરની આખી ગાળીને ગજાવતા પક્ષીઓ જોવા મળ્યા. રાત્રિ વિશ્રામ એક ગામમાં કોઈકના ઘરે થયો.

स्वर्णिम शाम



## સ્યાંસુ

વૈ.વદ ૬, રવિવાર, તા. ૬.૦૫.૨૦૧૮

આજે ૧૫ કિ.મી. ચાલ્યા, છતાં નથી ચાલ્યા જેવું જ લાગે છે. કારણ કે થાક જ નથી લાગ્યો. સવારે વિહાર પ્રારંભ કર્યો. ભાગીરથીના કિનારે કિનારે જ ચાલવાનું હતું પણ આ રોડ અને આ શૈલશિખરોએ ભારે કરી. ખબર નહીં આ બન્નેને અંદર અંદર શું

**जहाँ सूरज भी बरफ का गोला हो जाता है।**



पहाड़ीयों में पैदल यात्रा करते जैन साधु

સાંઠગાંઠ હશે. રોડ થોડો આગળ વધે અને શિખર તેને ગંગાથી દૂર છેક ડુંગરની ખીણમાં લઈ જાય. બે ડુંગર આજે તો વધુમાં વધુ ૨ અઢી કિ.મી. એકબીજાથી દૂર હતા. ત્યાં જ અમારું ગંતવ્ય સ્થાન હતું. પણ સામે ડુંગર પર જવા માટે અમારે ૧૫ કિ.મી. ચાલવું પડ્યું. આ બધુ પેલી દ્રોણીના કારણે જ. એ તો સાવ નીચે ખીણમાં ચાલે. ખડ ખડ ખડ ખડ. રોડભાઈ તો કાંઈ ખીણમાંથી ઉપર ચઢી શકે નહીં એટલે છેક નદી નિકળતી હોય તે



ढलानों पर
छोटे-छोटे खेत

નદીના મૂળ સુધી ડુંગરની દિવાલે દિવાલે રોડ જાય તેની સાથે 'હાય હેલો' કરીને પછી જ સામા ડુંગરે ચઢવાનું. ચાલતા ચાલતા વિચાર્યું રોડ તો સામે ડુંગરે દેખાય જ છે. નીચે ખીણમાં ઉતરીને સામે ચઢી જઈએ તો ૧૦-૧૨ કિ.મી. જે ઓછું થાય તે પણ ખીણમાં નજર કરી તો અધધધધ... ખીણ તો ભઈ ! ખૂબ ઉંડી, નીચે જોઈએ તો ટોપી પડી જાય. નીચે ઉતરવાનો રસ્તો જ નહીં. ઓછામાં ઓછી ૬૦૦-૭૦૦ ફૂટ ઉંડી હશે. પછી



मनने समजाव्युं. आवा रस्ते हेरान थवा करता बार महिनाना रस्ते जवुं वधारे सारुं.



મનને સમજાવ્યું. આવા રસ્તે હેરાન થવા કરતા બાર મહિનાના રસ્તે જવું વધારે સારું. છેવટે અમે અમારા આજના અસ્થાયી સ્થાને પહોંચી ગયા.

પણ આ શું ?

બર્ફીસ્તાનની કામણગારી ગૌરી ભાગીરથી અમારી સામે જ મીઠું મીઠું મલકતી



થોડ़ा विश्राम हो जाय...

હતી. ઉજ્જ્વળ દૂધ જેવું પાણી ક્ષીરસાગરને યાદ કરાવી રહ્યું હતું. કિનારે જવા વિચાર્યું અને આ અળખામણો વરસાદ ક્યાંથી ટપકી પડ્યો. અળવીતરા તોફાની બારકસ છોકરાની જેમ થોડો થોડો આવીને બંધ થઈ જાય. બે મિનીટ આવે અને પાછો ધીરે રહીને ખી ખી હસે. આમ ને આમ સાંજ પડી ગઈ. પાંચ વાગ્યા તો'ય વરસાદની મસ્તી ઓછી થઈ નહીં. સાંજે વિહાર કરવો હતો. ભાગીરથી નદી તો.જાણે સવારથી જ બોલાવતી હતી.



चीड़ वृक्षों की
परस्पर कानाफुसी
''अरे ये कौन आया है,
हिमालय में ?''

'આવોને'. પણ આ વિલન વરસાદ જવા દે ત્યારે ને. અરે વરસાદનાં કારણે સાંજનો વિહાર પણ મુલત્વી રાખ્યો. બસ એને ખબર પડી ગઈ 'બાપુ' હવે વિહાર કરવાના નથી. વરસાદ બંધ. વાદળા ચાલ્યા ગયા અને ૧૦ મિનીટમાં તો સોનેરી સુરજ વાદળમાંથી હસતો હસતો બહાર નિકળ્યો. ઘડિયાળમાં સાડા પાંચ થયા હતા. હવે કંઈ વિહાર થાય નહીં. ત્યાં, ભાગરથીનું આમંત્રણ યાદ આવ્યું, અને બધા ગંગાકિનારે દુગ્ધ ધવલ મૃદ્કણોથી




મંડિત શ્વેત ગંગા કાંઠે અમે પહોંચ્યા. અરે ૭૦-૮૦ ફૂટ ભેખડમાં નીચે ઉતર્યા ત્યારે જે ગંગાની સુંદરતા જોઈ મન ભાવવિભોર બની ગયું. બસ ગંગાકાંઠે આસન જમાવી દીધું અમે તો, 'જય આદિનાથ' જાણે આકાશગંગાના લોકમાં વિહરી રહ્યા હોઈએ તેવો ભાસ થયો. લગભગ દોઢેક કલાક દૃશ્યામૃતનું પાન કરતા રહ્યા. આ એ જ ભાગીરથી જેને ભગીરથે મારા આદીશ્વર દાદાના દેશને સુરક્ષિત રાખવા આકાશથી અવતરણ કર્યું હતું.

**ड्राईवर को सावधान करने के लिए ये तरीका भी कोई गलत नहीं।**



ધન્ય સગરપુત્રો, ધન્ય ભગીરથ, ધન્ય તમારી પ્રભુભક્તિને. સાચે જ તમે ખૂબ દીર્ઘદૃષ્ટા પુણ્યશ્લોક પુરુષ હતા. જો આ ગંગા અહીં ન આવી હોત તો આ દુનિયાનો સ્વાર્થી અને લાલચી માણસ પરમાત્માના જિનાલયને રહેવા ન દે. આ એ જ ધવલધારા છે જે શાશ્વતી ગંગા નદીમાંથી છેક અહીં સુધી ભગીરથે લાવેલી. 'ઓ આદીશ્વર દાદા ! પ્રભુ ! જો આ ગંગાની એક લહેરમાં આટલી સુંદરતા છે તો જે શાશ્વતી ગંગા કેટલી સુંદર હશે.' ? પ્રભુ ! આનાથી પણ વધુ ધવલ-નિર્મળ અંતકરણ કરવાનું સામર્થ્ય અમને પ્રાપ્ત થાઓ. એ જ એક ઈચ્છા છે. કહેવાય છે કે ઈચ્છા અમર છે. લોકોક્તિ પણ છે કે 'જેણે દાંત આપ્યા છે તે ચાવણું પણ આપે જ.' તો 'પ્રભુ ! અમને અહીં સુધી આવવાની પ્રેરણા આપે જ કરી, અહીં સુધી હેમખેમ પહોંચાડ્યા. ગંગાની ધવલધારાનો દૃષ્ટીસ્પર્શ આપના દ્વારા જ સુલભ થયો. હવે તો આપ કંઈ દૂર નથી.' 'પ્રભુ ! અષ્ટાપદ સુધી પણ આપ જ અમને પહોંચાડશો. અમને ખબર નથી. ક્યારે ? કેવી રીતે ? પણ એ વાતે

**वन की डगर सरल तो नहीं होती,**
**हृदय में हिंमत और पावों में पंख हो तो,**
**ऐसे विकट, विरान और निर्जन वन में**
**भी मुँह की मुस्कान बरकरार रहती है ।**



પૂરો ભરોસો છે. પ્રભુ ! અષ્ટાપદજી તીર્થે આપના દિવ્યદર્શન જરૂર કરીશું. અમારી આપ બીજી કોઈ ચિંતા કરતા નહીં. બસ આપ તો આંગળી પકડજો, બાકી બધું થઈ પડશે...' આજે ૧૦૦૦ મીટરની ઉંચાઈએ હિમાલયના ગિરિશિખરો પર આપની આંગળી પકડીને જ આવ્યા છીએ, હજુ ૨૫૦૦ મીટર એટલે કે કૂલ ૧૩૦૦૦ ફૂટ ઉપર પહોંચવાનું છે, એ પણ આંગળી પકડીને જ, અરે ૧૩૦૦૦ શું, લાખો કરોડો ફૂટ અમે ચાલી શકીએ, જો આપનો આધાર હોય તો. નહીં તો વસતીની

**भागीरथी गंगा का अलौकिक दृश्य । किनारे की दिवारों में जितना सफेद भाग दिखता है, वहाँ तक पानी होता है गंगा में ।**



બહાર ડગલું મૂકવાની પણ હિમ્મત નથી. પ્રભુ ! અમને ખબર નથી અમારામાં કોઈ પણ ઈચ્છા પ્રગટ કરવી એ પણ તારા હાથમાં છે એણે પૂરી કરવી એ પણ તારા હાથમાં જ છે.

હું તો વાંસની પોલી વાંસળી
તારા હોઠે લાગી અને વાગી...
બાકી પોલી પીપુડીના શું ભાર...

हमारे रास्ते को
ये पत्थर नहीं
रोक पाये ।



આજ તો મન પ્રસન્ન થઈ ગયું. ગંગામૈયાની શીતળ ગોદમાં મહાલવાનું કોને મન ન થાય. કલ્પસૂત્રમાં આ જ ગંગાકિનારા સાથે ત્રિશલામાતાની શૈયાની સરખામણી કરી છે. શૈયા એવી છે કે પગ મૂકો તો પગ અંદર ચાલ્યો જાય. અહીં ગંગા કિનારે મસૃણ મૃદ્પિંડમાં પગ મૂકો તો આખે આખા અંદર ચાલ્યા જાવ. ગંગાનાં બંને કિનારે ચીકણું કળણ છે. હિન્દીમાં દલદલ કહેવાય. થોડા દિવસ પહેલા જ આ કળણમાં એક રીંછ

रास्ता भटक जाने का
एक फायदा,
नये रास्ते से परिचय होता है।
अरे... गलत रास्ते आ गये..
अब कहाँ जाये...



फसायेलुं, છેલ્લે નીકળી શક્યું નહીં. આજે પણ અમારી સામે નદીમાં જતા એના પગલાની છાપ દેખાય છે. એ રીંછ પાછુ ક્યારેય આવી શક્યું નહીં. અમે પણ ગંગા કિનારે આવવા માટે નિકળ્યા હતા. ત્યારે ગામના લોકોએ અમને સાવધાન કર્યા હતા. ભેખડની નીચે ઉતરતા નહીં. દૂરથી જોજો, અમે દૂરથી ગંગાને જોઈ પણ ભેખડની નીચે ઉતરીને. ગંગા... !!! તું ખૂબ સરસ છે. બસ પરમાત્માની ભેટ કરાવી દે એકવાર. ક્યાં

**'चलो चट्टानों पर,**
**पहुंचो हिमालय पर'**
**खुल्ले पाँव... शिलाओं में से**
**चलना... बड़ा कठीन है ।**



છે મારો દાદો ? મારો પ્રભુ ! તું તો રોજ પ્રભુની પ્રદક્ષિણા કરીને જગતને પાવન કરવા નીકળે છે. શું તું 'એ'નું સરનામું ના બતાવે ?

સાંજના સોનેરી પ્રકાશ લઈને સૂરજ અંધકારમાં ઓગળી ગયો. અમે અંધકારલોકમાં સમાઈ ગયા. દૂર ગંગા પાર નાના નાના શૈલશિખરો પર ઘરોમાં વિવિધ આકારને રચતા નાના નાના ટમટમીયા અંધકારને દૂર કરવાનો નિષ્ફળ પ્રયાસ કરી રહ્યા હતા. વાતાવરણમાં

भागीरथी
गंगा का भारी दलदल



ઠંડક છે. આજુબાજુ અંધારાનું બચ્ચું રીંછ ગમે ત્યારે ગમે તેની મુલાકાત લઈ શકે એવી સંભાવના છે. ઝાંપાનો દરવાજો આડો દઈને અમે સંથારામાં ગોઠવાયા પણ પેલી ગંગા... હજુ અહીંથી તેનો કલકલ નાદ સંભળાતો હતો, જાણે કહેતી હતી 'આવોને...'

हिमालय में पूरी रात
ऐसी होती है।



झमाझम बारीस
हिमालय की
वादीओं में...

**ચિન્યાલીસોડ**
વૈ.વદ ૭, સોમવાર, તા. ૭.૦૫.૨૦૧૮

ઓહ... ગંગા !

'તે' સવારના પહોરમાં સુંદરતાનો સાજ સજીને તૈયાર જ હતી. અમારી સાથે ચાલવા માટે 'ચલો ! તમને પ્રભુના ચરણો સુધી પહોંચાડી દઉં.' તેણે મરકતા મુખે કહ્યું. ધવલીમ ઉષઃકાળ આજ





મંદ મંદ પ્રકાશ વેરી રહ્યો હતો. આખું વાતાવરણ શુભ્રધવલીમાથી આપ્લાવિત હતું. નીચે ગંગા ધોળી, આકાશમાં વાદળા ધોળા, વાતાવરણ ધોળું. કદાચ સ્વર્ગલોકને ઝાંખા પાડે તેવી દિવ્યતાના દરબારમાં અમે વિહરી રહ્યા છીએ. રસ્તો સરસ છે. ગંગા કિનારે કિનારે જ રોડ ચાલે છે. બરાબર ૨૦ કિ.મી. ચાલ્યા ગંગા સાથે. જુગજૂની કેટલીએ વાતો થઈ. પણ ભલે સાથે આવી. 'એ' પણ ક્યારેક અમારી ગતિને અવરોધીને બેસી જતી, 'કહેતી' બેસો ને. શું ઉતાવળ છે ? અને અમે બેસી જતા, ઉપર ઉતંગ



શિખરો, નીચે નમણી ગંગા, દૂર દૂર જતી શૃંગલેખા, આભમાં ગડગડાટ કરતા મેઘ, વળી આ'ય ક્યાં ઓછા હતા. સવારે સાત વાગ્યા સુધીમાં તો આખું આકાશ કાળુભમ થઈ ગયું અને ગર્જારવ થવા માંડ્યો. જાણે ગીરનો સાવજ ગર્જ્યો. દશે દિશાએ પડઘા પડ્યા પર્વતના શિખરો પર... અને થયો વરસાદ ચાલું. એ તો ઠીક થયું, એક પતરાના શેડ નીચે અમે ગોઠવાઈ ગયા હતા નહીં તો આજ તો અમને 'નવરાવી નાખત.' 'એલા એ વરસાદ ! તું જ હતો ને ગઈ કાલે અમારો વિહાર રોકવાવાળો.

**हिमालय के हरे भरे**
**जंगल से गुजरते**
**साधु का दर्शन**
**किस्मत के द्वार खोल देता है।**



કાલે તો કંઈ કરી શક્યો નહીં એટલે આજે આવ્યો છે. પરંતુ બચ્ચું ! ધ્યાન રાખજે અમે કંઈ એમ પલળીએ એવા નથી. તારે જેટલા નગારા વગાડવા હોય એટલા વગાડ જેટલા ડુંગરા ધ્રુજાવવા હોય એટલા ધ્રુજાવ પણ તું અમારા આગળ વધતા ડગલાને અટકાવી નહીં શકે. તને ખબર છે અમે કોની આંગળી પકડીને આગળ વધી રહ્યા છીએ ? સાવધાન ! મેઘા ! સાવધાન....'

વરસાદ ચાલુ છે. રોડની એક તરફ પતરાનું છાપરૂં છે. બેઠા બેઠા સૃષ્ટી દર્શન ચાલું છે. આજુ બાજુ ચીડના પાન પડ્યા છે. સુકાએલા પાન, પાન લાગે જ નહીં કોઈ મોટા પાનના રેસા પડ્યા હોય તેવું લાગે એક સુકૂં પાન હાથમાં લીધું આમ તેમ ફેરવ્યું. પાછું મૂકી દીધુ. અમારૂં ધ્યાન વરસાદ

**ओह ! कितना ऊपर आ गये...**



बंध थाय त्यां हतुं. अचानक कोईक दिशाथी सुगंध आववा लागी. कंई समजायुं नहीं कई तरफथी आवे छे सुगंध. बधा अरस परस एक बीजाने पूछवा लाग्या. पण दिशानो अंदाज आवतो न हतो. छेल्ले ध्यानथी सुंघता अमारी आसपासथी ज सुगंध आवती हती एवुं लाग्युं. हजु वधु चोकसाईथी जोयुं तो बधाना हाथमां सुगंध आवती हती. ए सुगंध हती चीडना पाननी जेणे जेणे चीडनुं पान हाथमां लीधुं हतुं. ते बधाना हाथमां सुगंध बेसी गई हती. फरीथी ए प्रयोग कर्यो खरेखर वात साची

**स्वागत...**
**आसमानी फुलों से...**



હતી. ચીડના પાનમાં તેલ હતું એજ આટલું સુગંધ રેલાવતું હતું. એક નવી વાત જાણવા મળી.

અડધા કલાકે મેઘરાજાની સવારી બીજી દિશામાં ચાલી ગઈ. પાછળથી તો નીલમ આકાશ દેખાવા લાગ્યું. સોનાનો સૂરજ ઉગ્યો. સમસ્ત સૃષ્ટી પર સ્વર્ણિમ આભા છવાઈ ગઈ. ઉદગબીંદુઓમાંથી પસાર થતા રવિકિરણો એક સાથે કરોડો મેઘધનુષ રચતા હતા. કદાચ આ જ તો સંકેત હતો અમારી સફળતાનો. દશ્ય દિવ્યલોકમાં અમારા આગમનની રંગોળી રચાઈ ગઈ હતી. અમારો આનંદદાયી



ढलती शाम...

વિહાર આગળ ચાલતો ગયો. ૨૦ કિ.મી. ચાલ્યા કોને ખબર કંઈ થાક નથી લાગ્યો.

આજે અમે એક સ્કુલમાં રોકાયા છીએ. ગામ પૂરૂ થયા પછી આ મોટી સ્કુલના આચાર્યે એક સરસ રૂમ ખોલી આપી છે. બધી જ સગવડતા આપીને સ્કૂલના આચાર્ય ખુશ થયા. અહીં પધારવા માટે અમારો આભાર માન્યો. તેઓ સજ્જન માણસ હતા. કદાચ પહેલી વાર જૈન સાધુની મુલાકાત થઈ છે. ઉત્સુક મને જૈન ધર્મ સંબંધી અને જૈન સાધુ સંબંધી જાણકારી મેળવી. એક કલાક પછી ગયા.



પણ એક પછી એક ટીચર-સર અમારી મુલાકાત લેતા જ રહ્યા. એમને નવા માણસોને મળવાનો ખૂબ આનંદ આવતો હતો. જૈન સાધુના વ્રતની એક એક અજબ-ગજબ વાતો સાંભળીને આશ્ચર્ય પામતા. હજુ વધારે દિવસો રોકાવા માટે અમને વધુ આગ્રહ કર્યો, પણ હજુ તો હિમાલયની યાત્રાની શરૂવાત છે. રોકાઈએ તો યાત્રા પૂરી કેમ થાય ? પાછા આવવાની વિનંતી કરી સૌ છુટા પડ્યા.

**बिच्छुघास**
**बस एक बार छु लो,**
**२४ घंटे चिल्लाते रहो।**



## દેવીધાર : રતન પેલેસ હૉટલ

વૈ.વદ ૮, મંગળવાર, તા. ૮.૦૫.૨૦૧૮

પહેલા યાદ નહીં આવેલી કેટલીક વસ્તુઓ આજે પુષ્કરભાઈ સોલંકી દિલ્હીથી લાવ્યા હતા. હિમાલય યાત્રાનો અમારો પહેલો અનુભવ હતો. આજે ૫-૭ દિવસ થયા છે. હિમાલયનો અનુભવ ધીરે-ધીરે અમારી અંદર ઉતરવા લાગ્યો છે. અમે ધીરે-ધીરે હિમાલયમય બનતા જઈએ છીએ. છતા

कल शाम... बर्फ की गोलेबाजी में...
भालुओं की राजधानी में...
यदि हिमालय का वन भूतों की नगरी
का आभास करा रहा था।
और आज...
सुंदरता की नीली चादर ओढ़े बैठा है।



गंगाघाट पर...

કેટલિક અનિવાર્ય આવશ્યકતાઓ જરૂર પડે જ. પુષ્કરભાઈ સોલંકી મૂલ નિવાસી જાલોર (રાજ.)ના મુ. સ્વર્ણકલશ વિ.ની દીક્ષામાં પ્રથમ મુલાકાત થઈ હતી અને એમણે જ હરિદ્વાર અને હિમાલય પધારવાની વિનંતી કરી હતી. બધી જ વ્યવસ્થા સંભાળવાની જવાબદારી લીધી હતી. બસ આજે અમે હિમાલયમાં જ બેઠા છીએ સાથે છે પુષ્કરભાઈ ૫-૭ દિવસની યાત્રાની શાતા પૂછવા માટે આવ્યા



યહાઁ સે સીધા નીચે ઉતર જાયે ક્યા ? શોર્ટકટ હૈ...

છે. એમની સાથે તેમના મિત્ર પપ્પુભાઈ પણ આવ્યા. હિમાલયના પ્રવાસથી તેમનું શરીર અસ્વસ્થ બન્યું તેઓ વચ્ચે સિયાંસુ રોકાઈ ગયા છે. હિમાલયની હવા દરેકને અનુકૂળ આવે કે ન આવે.

આજે રાત્રિવિશ્રામ અહીં જ થયો, સવારે ઘણું ચલાઈ ગયું હતું. સવારે સૌ વિહાર માટે તૈયાર થયા ત્યાં તો મેઘરાજાની મહેર ચાલુ થઈ. ગઈકાલનો બાકી રહેલો વરસાદ આજે અમારી પરીક્ષા લેવા



આવ્યો હતો. બરાબર ૯ વાગ્યા સુધી એકધારો વરસાદ પડતો રહ્યો. જોકે અમે તો સ્કુલની રૂમમાં સુરક્ષિત હતા.

વરસાદ બંધ થયો, અમે ચાલ્યા, આકાશમાંથી હજુ વાદળો ખસ્યા ન હતા. આજે ૧૫-૧૭ કિ.મી. વિહાર કરવાનો વિચાર કરીને જ નિકળ્યા હતા. ઠંડક છે. વાતાવરણ સારું છે. ગરમી બિલકુલ

**हिमालय की पैदल यात्रा**
**यानि**
**कदम-कदम पर अमृत का आचमन**
**आज... कहाँ जाना है ?**
**कहाँ रुकना है ?**
**सिर्फ उपरवाला जानता है ।**



નથી. ચાલ્યા... ઉપરવાળાનું રીમઝીમ ચાલું હતું. લગભગ ૧૦૦ મીટર ચાલ્યા ત્યાં બાબાજીની ગુફા આવી ગઈ. અમે તેમાં જઈ બેઠા. અડધો કલાકે વરસાદ બંધ થયો. ખબર નથી હજી આગળ કેટલું ચાલવાનું છે. છતાં ચાલ્યા ડુંડા ૩-૪ કિ.મી. બાકી હશે. લાભભાઈને એમ જ કહેલું ડુંડા સુધી કોઈ સારું સ્થાન હોય તો ત્યાં જ આજનું રોકાણ કરશો. હજુ તો અડધો કિ.મી. ચાલ્યા ત્યાં અમારું સ્થાન આવી ગયું. અમને શું ખબર અહીં નજીક જ ઉતરવાનું હશે ? ઘડિયાળમાં ૧૨ વાગુ વાગુ થઈ રહ્યા છે. એકાસણું કરીને વળી સાંજે પાંચ વાગે નિકળ્યા. લાભભાઈને કહ્યું ૫ કિ.મી. ચાલવાનું છે વધારે નહીં. વચ્ચે ડુંડા ગામ પાર કરીને આગળ એક 'મહર્ષિઆશ્રમ'નું મોટું બોર્ડ આવ્યું. આશ્રમ પણ ઘણો મોટો હતો. મેઘરાજા

**सचराचरसृष्टी का आह्वान...**
**नहीं सुना कभी ?**
**जो पिंड में है, वही ब्रह्मांड में है।**
**जो ब्रह्मांड में है, वही पिंड में है।**



વરસવાની તૈયારીને છેલ્લો ટચઅપ આપી રહ્યા છે. છેવટે આશ્રમની એક પતરાની ઓરડીમાં જ વિશ્રામ થયો.

આજ તો અમારુ રાત્રિ નિવાસ સ્થાન ઘણું વિચિત્ર છે. પતરાના છાપરાવાળી બે રૂમ છે. એક રૂમમાં તો ખેતીના ઓજારો પડ્યા છે. બગીચાના સાધનો પડ્યા છે. ઉંદરડા દોડા દોડી કરી રહ્યા છે. કેટલીક જુટની બોરીમાં કંઈક ભર્યું છે. અનાજ જેવું જ કંઈક લાગે છે. ઉંદરોએ ઘણી ઉજાણી કરી છે. નીચે ધુળ-ઢેફા અને ઉંદરની લીંડીઓનો પાર નથી. કરોડીયાના જાળાનું એક છત્રી સામ્રાજ્ય છે. અમે એ રૂમમાં તો રહી શકીએ તેમ નથી તો બીજી રૂમ ખોલી તેમાં સામાન તો ન હતો પણ છેલ્લા ૬-૧૨ મહિનાથી આ રૂમ ખોલી નથી

**घनघोर हिमालयी जंगल में**
**छोटे बालक जैसी किलकिलाहट**
**करता यह झरना...**
**जिंदगी की थकान दूर करने में समर्थ है...**



એવી પાકી ખાતરી રૂમમાં રહેલા ધૂળ અને ઢેફાથી ખબર પડી. એક તુટેલો વૃદ્ધ પલંગ એના ભૂતકાળ ને વાગોળતો, હાંફતો હતો. તેના ઉપર કોઈ બેસે તો બેસનારને જમીનદોસ્ત કરવા સમર્થ હતો. જો કે કોઈએ હિમ્મત કરી નહીં. આમ પણ વૃદ્ધો સાથે બાકરી બાંધવી નહીં. જીવનના અનુભવથી ગમે તેવા પહેલવાનને વૃદ્ધો પરાસ્ત કરવા સમર્થ હોય છે. વૃદ્ધોથી તો જીવનનો અનુભવ શીખીને આપણે જ્ઞાનવૃદ્ધ બનવું જોઈએ. વૃદ્ધ પલંગને ૩ ચાર જણા ભેગા થઈ બહાર વરંડામાં પધરાવ્યો. પલંગની

**ओह,**
**रास्ता !**
**तुम किधर हो...**
***- संजु, मार्ग की खोज में...***



नहर पानी को
मंझिल तक पहुंचाती है,
आज, हमें भी...

પટ્ટીઓ પલંગને છોડી જવા માટે ક્યારની ઉતાવળ કરતી હતી. પલંગભાઈ બહાર પહોંચ્યા ત્યાં તો ૫-૬ પટ્ટીના ટુકડાએ પલંગનો ત્યાગ કર્યો. પલંગના એક પાયા એ પોતાનો ટેકો પાછો ખેંચી લીધો તો એક તરફની ઈસ ગઠબંધન તોડવાના મુડમાં હતી.

રૂમમાંથી જુના નિવાસીઓને બહાર કાઢ્યા. પણ મચ્છરોએ અમારી સામે ધરણા નાંખ્યા. અમે



કંઈ કરી શક્યા નહીં. સમાધાન કર્યા પછી પણ એમણે કાયદાનો ભંગ કર્યો. આખી રાત અમને સારા સારા ચટકાભર્યા. વળી ભીંતની કિનારીમાંથી કઈક નવી જાતની ઝીણી ઝીણી જીવાતનું સરઘસ તો અમારાથી દૂર રહીને જ આગળ વધતું હતું, એ સારૂં થયું. રૂમની વચ્ચોવચ્ચ ખુલ્લો જીવતો વાયર લટકતો હતો. અંધારામાં ધ્યાન ન રહે તો નુકશાન થવાની સંભાવના. એક તરફ અજબગજબની વાસ

ओ वृक्षराज ! क्या आपने मेरे प्रभु को
देखा है ।
वो यहीं से अष्टापदजी पर पधारे थे ।
बोलो ना मेरे मित्र ! मेरे प्रभु कैसे थे...
मेरे सखा ! सुनो मेरे प्रभु की मंजुल
पदचाप आज भी ध्वनित है ।



આવતી હતી. વરસાદનું પાણી પતરામાંથી રૂમમાં પડ્યું હશે. કંઈક સડી ગયું છે. રૂમનાં ખૂણામાં એની જ વાસ હશે. જે હોય છે તે થાકેલા છીએ ક્યારે નિદ્રાદેવીએ સ્વીકારી લીધા ખબર પડી નહીં. રાતના ઘણો વરસાદ થયો એવું લાગ્યું.

જંગલ એટલે શું ? એનો આજે અનુભવ સરસ થયો. જેને વાસ્તવિક અર્થમાં જંગલ જોવા હોય

खुल्ले पाँव
और
ये तीखे पत्थर
धन्य.. धन्य.. जैन साधु !



જંગલનો અનુભવ કરવો હોય. તેઓએ હિમાલય આવવું જ રહ્યું. આજે તો હિમાચ્છાદિત શિખરો સૂર્યકિરણોનાં સ્પર્શથી જાજ્વલ્યમાન થઈ ઉઠ્યા છે. જોયા જ કરીએ, જોયા જ કરીએ એવી અનેરી સુંદરતા નર્યા આનંદની રસલહાણી કરી રહી છે. ઘણીવાર સુધી અમે તો એકીટશે જોઈ રહ્યા. હિમનિધીનાં એક ખંડને

આજે તો વરસાદે જ વધુ થકવી નાખ્યા છે. રાત્રિ વિશ્રામ શાતાપૂર્ણ થયો.

हिमालय के रास्तों की एक आदत है ।
पथिक से भी अधिक उतावल
इन रास्तों को है ।
बहुत जल्दी नीचे उतार देते है । कैसे ?
ये मत पूछो...
ओ कलशजी ! थोड़ा धीरे-धीरे चलो
नहीं तो, बहुत जल्दी नीचे आ जाओगे ।



एक भले बाबा,
जिन्होंने
छोटे रास्ते का
मार्गदर्शन किया था ।

**પર્વતના શિખર પર ઝુંપડીમાં**

વૈ.વદ ૯, બુધવાર, તા. ૯.૦૫.૨૦૧૮

ખબર નહીં આજનો દિવસ કેવો ઉગ્યો છે. સવારે રાબેતા મુજબ વિહાર પ્રારંભ થયો. લગભગ ૨ કિ.મી. ચાલ્યા, ત્યાં એક ગામ આવ્યું. ડુંડા, ગામ મોટું છે. ત્યાં રસ્તામાં રોડ પર એક બોર્ડ આવ્યું. ‘યમનોત્રી ૩૦ કિ.મી. પેદલ માર્ગ.’ મનમાં થયું માત્ર ૩૦ કિ.મી. યમનોત્રી છે ચાલો યમનોત્રી



જઈને જ આવીએ. વળી પાછું થયું. 'ના ના જવા દો ને, શું કામ છે ? શું હશે ત્યાં ? એક નદી નીકળે છે અને કોઈક દેવીનું મંદિર હશે.' વળી પાછું મનમાં થયું 'અષ્ટાપદ તીર્થની સ્પર્શના કરવાની છે. ખબર નહીં ઋષભદેવ પ્રભુ જ્યારે અષ્ટાપદગિરિ પધાર્યા હશે, ત્યારે અહીં કઈ એ પુણ્ય ધરતી હશે. જ્યાં પ્રભુ બિરાજ્યા હશે, ચરણકમળ સ્થાપ્યા હશે. લાખો કરોડો મહામુનિઓ મહાન આત્માઓ આ ધરતી પર આવીને કેવી આત્મકલ્યાણી સાધના કરી હશે. પરમાત્મા ઋષભપ્રભુ પછી અસંખ્ય વર્ષોના વ્હાણા વાઈ ગયા. આ ધરતીએ કેટલાય જીવોને સિદ્ધિ પ્રાપ્ત કરાવી હશે. પરમાત્મા ઋષભદેવ હતા ત્યારે સમસ્ત આર્યાવર્તમાં સૌથી સુંદર અષ્ટાપદ પર્વત હશે. એટલે જ આ અવસર્પિણીકાળના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવે અહીં નિર્વાણ પ્રાપ્ત કરવાનું નિર્ધાર્યું હશે. કંઈક તો એવી વિશેષતા છે આ નગાધિરાજમાં જે બીજામાં નથી. જુઓને આજે પણ આ જ પર્વતાધિરાજની કંદરાઓમાં કેટકેટલા યોગીઓ

**तथास्तु !**
**बालक ! तेरा कल्याण हो...**



સાધના કરી રહ્યા છે. સમસ્ત વિશ્વના વ્યવહારોથી અલિપ્ત થઈને કેટકેટલી વિવિધ સાધના-ઉપાસનામાં લાગેલા છે. કેટલાક સ્વઉપકાર માટે કેટલાક પરોપકાર માટે. આવા ભયંકર જંગલમાં... પહાડોમાં... વનોમાં... ઉંડી ખીણોમાં... તો ક્યાંક પર્વતની હિમાચ્છાદિત ટોચ પર. કદાચ એક પણ ખુણો ખાલી નહીં હોય. કોઈ દશ્યરૂપે કોઈ અદશ્યરૂપે સાધનામાં મગ્ન છે. એથી ગિરિસ્પર્શના જેટલી થાય એટલી વધુ સારી.'

છેવટે નક્કી કરી જ લીધું. કાચા રસ્તે પહાડ ઉપર જંગલમાંથી ચાલીને માત્ર ૩૦ કિ.મી. માં જો યમનોત્રી જવાતું હોય તો જવું જ છે. થોડુંક આગળ ચાલ્યા ત્યાંથી જ કાચો રસ્તો જતો હતો. તેની સામે જ એક શંકરનું મંદિર હતું. મંદિરના બાબાને અમારો વિચાર જણાવ્યો. અને કહ્યું 'અમારી સાથે કોઈ ભોમીયાને મોકલો, અમે યમનોત્રી જવા માંગીએ છીએ.' બાબાએ પણ સારો આવકાર આપ્યો. એક માણસને અમારી સાથે નિયુક્ત કર્યો. શિવમંદિરથી અમે દસ વાગે

**अरे... आज सवेरे ही किसी ने कहा था, 'ओ बाबाजी ! उस जंगल से मत जाओ... बहुत सारे भालू है, रास्ते में ही बैठे रहते हैं, तेंदुए का कोई भरोसा नहीं, कभी भी आ सकता है... ।' नजरों से देखा तब पता चला, बात तो सही है । ऐसे भयंकर वन में भालू-तेंदुए के सिवाय यहाँ आने की हिम्मत किसकी है ?**



નિકળ્યા. પહાડ ચઢીને સામા શિખરે પહોંચવાનું છે તેની પાછળ એટલું જ ઉતરવાનું છે. પછી આવશે યમનોત્રી. અમે ૪ સાધુ સાથે રાજુ, લાભભાઈ, સંજય અને એક ભોમીયો કુલ આઠ જણ કાચા રસ્તે ચઢાણ ચાલુ કર્યું. શરૂઆતમાં તો કાચો પથરીલો રોડ હતો. મેં તો પગમાં ગાભા બાંધી દીધા હતા તેથી પત્થરોની અસર ઓછી થતી હતી. બાકી સાથે ચાલનારા સાધુઓની પગની સ્થિતિ સારી ન હતી. એ તો ધન્ય છે સહનશીલ મુનિઓ હસતા મુખે પ્રતિકૂળતાને વધાવી લેવા હંમેશા તૈયાર છે. બધાની સંમતિથી જ આજની યાત્રાનું આયોજન થયું હતું. લગભગ ૮ કિ.મી. ગાડા રસ્તો, કાચો પહાડી મારગ નાના નાના છુટા છવાયા પહાડીઘરો વચ્ચેથી પસાર થતો હતો. તે પર અમે આગળ વધ્યા. વચ્ચે વચ્ચે નાની શોર્ટકટ કેડી આવી જતી તો એનો લાભ લેવાનું ચૂકતા નહીં. ૮ કિ.મી. ચાલ્યા પછી અમારો ભોમીયો માનેન્દ્રસિંહે કહ્યું હવે આગળ કોઈ ઘર નથી ગામ નથી. બસ અડાબિડ જંગલ છે. હવે જંગલી

**ओ लाभभाई ! इस तरह बैठने से काम नहीं चलेगा ।**
**रास्ता न मिले तो हम चले वहीं से रास्ता हो जाएगा ।**



જાનવરોનો પ્રદેશ ચાલુ થાય છે. દિવસ છે ચિંતા જેવું નથી, છતા બધા સાથે રહેજો.

અમે પૂછ્યું કયા કયા જાનવરો છે. તેને કહ્યું ભાલુ, તેંદુઆ, જંગલી બકરા, સૂઅર, હિરણ બહોત જ્યાદા હે. આ વાત સાંભળીને મન ખૂબ ખૂશ થયું ચાલો જંગલમાં કોઈક તો જંગલી જાનવરને નજીકથી જોઈશું. મજા આવશે. રસ્તામાં ચાલતા ચાલતા નવી નવી જાતના વૃક્ષો જોવા મળ્યા. એ સારું હતું કે કેટલાકની ઓળખ ભોમિયાને હતી. જેમ કે જંગલી બુંદી, બાવાના દંડ બને તે ટીમરુ,

सुगंध बिखेरता
हिमालयी पुष्प
हाँ... छुना मना है,
सुंघना भी मना है।



देवदार का कच्चा फल

અખરોડ, તમાલપત્ર, રસ્તામાં તેના વન ઉપવન આવે. એની પાસેથી જ રસ્તો પસાર થતો હતો. અખરોટનું ઝાડ પહેલીવાર જોયું. અખરોટને કાચા ક્યારેય જોયા ન હતા. આજે તો જ્યાં જુઓ ત્યાં અખરોટના જ ઝાડ જોવા મળે છે. લાભભાઈએ તો કાચે કાચું અખરોટ ખાઈ લીધું. કાચી કેરી જેવો સ્વાદ હતો, એવું તેમણે કહ્યું.

લગભગ ૬ કિ.મી. જેટલું એમને એમ ચઢતા ગયા. કાચો રસ્તો હતો. ક્યાંક વળી નાની કેડી



મળી જતી, અહીં કેટલિક કેડીઓ પથ્થરથી બાંધેલી હોય છે. તેને અહીંના લોકો 'છફૂટી' કહે, પહોળાઈ ૬ ફૂટની હોય તેથી કહેતા હશે. એક ગામથી બીજા ગામ જવા માટે અથવા મુખ્યમાર્ગથી નાના નાના માર્ગે જુદા જુદા ઠેકાણે જવા માટે અથવા નદીમાં ઉતરવા ચઢવા માટે આવી 'છફૂટી' બનાવેલી હોય છે. કેટલીક સિમેન્ટની પણ બનાવેલી હોય. જે રીતે સમેતશિખર ગિરિરાજ ચઢવા માટે છેક ઉપર સુધી સિમેંટની પટ્ટી બનાવેલી છે તેવી જ અહીં પણ છફૂટી સીધી ઉપર ચઢે. તે ઉપર ચાલનારાએ પણ સીધુ ઉપર ચઢવાનું. થોડુંક ચાલો ત્યાં હાંફી જવાય. અમે પણ થાકતા-પાકતા-હાંફતા આગળ વધતા હતા. આટલી ઉંચાઈ પર પણ લોકો રહેતા હતા. છેલ્લે ૮ કિ.મી. ચાલ્યા ત્યાં પહાડની વચ્ચોવચ્ચ 'સીંગાટે' કરીને એક ગામ આવ્યું. બસ આ છેલ્લું ગામ હતું હવે આગળ વધ્યા પછી બીહડ જંગલ છે. માનેન્દ્રસિંહ તરફથી અમને સાવધાન કરી દેવામાં આવ્યા. ''આટલે સુધી તો રસ્તો હજુ સારો હતો. હવે તો અડાબીડ

**ए राजु ! सुन !!!**
**कुछ तो है...**
**देख, आवाज आ रही है,**
**कहीं भालू तो...**



મેરે ભગવાન મહાવીર ऐसे ही...
राक्षसी जंगलों में रहकर अपनी साधना किया करते थे। हम भी तो उन्हीं के पदचिह्नों पर चलनेवाले साधु है। फोटो देखकर जंगल की भयंकरता का थोड़ा अंदाज लगाओ।

જંગલ આવશે. આ તૂટેલી ફૂટેલી ‘છફૂટી’ આપણને ઉપર લઈ જશે. હજુ ૮ કિ.મી. ઉપર ચઢશું ત્યારે આ પહાડ ઉપર પહોંચીશું. અને જેટલું ચઢ્યા એટલું જ પાછું ઉતરવાનું છે. લગભગ દોઢ કલાક આપણને ચઢતા લાગશે.'' વાતાવરણ સાફ હતું. ઘડિયાળમાં ૧૨.૩૦ થઈ ચુક્યા હતા. રાજુ, લાભભાઈ, સંજય, માનેન્દ્ર બધાની પાસે સામાનના મોટા થેલા હતા. સામાનમાં તો શું હોય, ઢાબળા, ચાદર, હાથપગનાં મોજા, ૨ છત્રી અને બધાને ૨ દિવસ ચાલે એટલું ‘મમ મમ’ કારણ કે જંગલમાં



કંઈ મળવાનું હતું નહીં. વળી હમણા તો વાતાવરણ સારું છે પણ ક્યારે મિજાજ બદલે તે કંઈ કહેવાય નહીં. રાજુ પાસે વજનદાર થેલો હતો. તે હોય જ ને, પોતે ભારી માણસ અને એનો થેલોય ભારી. સૌથી પાછળ એની સવારી ચાલી આવતી હતી. એક સ્થાને અમે વિશ્રામ કરવા અખરોટના છાંયે બેઠા. રાજુએ સમયસરની રજૂઆત કરી ''સાહેબ! 'ઉટા માડુ' એટલે કન્નડ ભાષામાં 'ભોજન કરવું' એવો અર્થ થાય. 'માડી'ને જ હવે આગળ વધીએ થોડીવારમાં ્એક વાગી જશે.'' બધાએ એ બાબતમાં



संमति आपी. साची वात छे. गोचरी वापरीने आगळ वधशुं. थोडा आगळ वध्या त्यां एक भेंसोनी गमाण जेवुं छापरुं हतुं. अने आजु बाजु भयंकर जंगलनी चाडी खाता केटलाक घनघोर वृक्षो हता. बस ए ज अमारुं विश्राम स्थान बन्युं.

**शाम ढलने से पहले**
**देवदार की टहनी पर**
**बैठा सूर्य**

दूर नीचे अमे मूकी आव्या एटला रस्ता गाम अने झाडवाओ देखाता हता. वरघोडानी भीडमां फसायेला माणस माथुं उंचुं करीने जुए तेम पहाडोनी भीडमां फसाएला गिरिशिखरो क्षितिज



પર ઊંચું માથું કરીને જાણે અમને જોઈ રહ્યા હતા.

સર્વ સમ્મતિથી એવું નક્કી કરેલું, આહાર ગ્રહણ કરી, થોડો વિશ્રામ કરી અહીં થી ૩ વાગે નિકળીશું. દોઢ કલાકના કદાચ ૨ કલાક થાય તોય પાંચ વાગ્યા સુધી પહોંચી જવાશે. અને એ પછી ૨ અઢી કિ.મી. નીચે ઉતરવાનું જ છે. નંદગામ જઈને રાત્રિ વિશ્રામ કરીશું.

બધાએ ભોજનને ન્યાય આપ્યો. વધારે ભોજન તો હતું જ નહીં. વધારે જમીએ તો ચલાય નહીં. અહીં હજુ તો ૮ કિ.મી. ચઢવાનું હતું. આવા સમયે પેટ ભરવા માટે શ્રેષ્ઠ આહાર સીંગ, ચણા, ગોળ છે. શક્તિ જળવાઈ રહે અને ભારે ન પડે. કામ થઈ ગયું. સીંગ-ચણામાં વાર કેટલી લાગે. ૨ વાગ્યા સુધીમાં તો બધા તૈયાર થઈ ગયા આગળ વધવા માટે. હવે એક કલાક અહીં બેસીને કરવું શું. ચાલો ધીરે-ધીરે ચઢીએ, જેટલું ચઢાય તેટલું નફામાં જ છે. બધું તૈયાર જ હતું અમારી ટુકડી આગળ વધી. સૌથી આગળ માનેન્દ્રસિંહ તે પછી મુ. રત્નયશ મ.એ પછી

**कई सदियाँ बीत चुकी...**
**इस रास्ते पर कोई पथिक आने को।**
**ऐसे डरावने जंगल में एक-एक पल हमारी**
**हिम्मत की इम्तिहान लेती है।**
**पेड़ भी कितना पुराना है,**
**तने पर काई जम गई है।**



અમે બધા, છેલ્લે લાભભાઈ અને રાજુ... હજુ તો ૧૫-૨૦ મિનીટ ચઢ્યા ત્યાં ખબર પડી ગઈ. ડુંગરા ચઢવા કેટલા દોહિલા છે. પહાડ ચઢવાની વાતો વાંચવી-સાંભળવી બહુ ગમે પણ જ્યારે ચઢવા લાગીએ ત્યારે એક પગ ઉત્તરમાં જાય તો બીજો પગ દક્ષિણમાં દોડે. છફૂટી હતી પણ તેમાં એકે ફૂટનું ઠેકાણું નહીં. પત્થરો પર જાળવીને પગ મૂકતા મૂકતા આગળ વધવાનું. બાજુમાંથી ઝરણું સરકી આવે તો પથ્થર નીચેથી જતું રહે. પથ્થર ઉપરથી ચાલતું હોય તો તે પથ્થર કુદી જવો પડે. એમાં વળી ચીડનાં પાંદડાનો પાર નહીં. પગ મૂકીએ તો લપસી જવાય. ભૂલે ચુકે તેના ઉપર પગ મૂકાય જ નહીં. માટીમાં પગ મૂકો તો લીલોતરી, એ પણ વિકલ્પ અમારા માટે બંધ. બસ પત્થરો કુદી કુદીને જ આગળ વધવાનું. ૫૦ મીટર જેટલું ચાલીએ શ્વાસ ભરાઈ જાય. આજુ બાજુ ઉંચા ઉંચા ડબલ તાડ જેવા મોટા ઝાડવા, રાક્ષસી વેલા, જાણે અમે મોગલીની જંગલબુકમાં આવી ગયા હોઈએ તેવું લાગે છે. દૂર દૂર સુધી

**सचमुच,**
**पाँव थक गये हैं,**
**और कितना चलना है ।**
**इस जंगल का कोई अंत ही नहीं,**
**सुबह से चल रहे हैं ।**



કોઈ માણસ જોવા ન મળે. બાજુમાં કંઈક સુકા પાંદડાનો અવાજ થાય તો ઘોડાનાં કાનની જેમ અમારા કાન ઉંચા થઈ જાય. શું હશે ? કયું જાનવર હશે ? પણ ક્યારેક જંગલી કુકડા હોય કે વાંદરા હોય. વાંદરા એટલે વાંદરા તેઓને ક્યાંય જપ વળે નહીં. જ્યાં જાય ત્યાં ઉછળકુદ તો સાથે જ લઈ જાય. ધીંગામસ્તીનો પાર નહીં. અચાનક અમને જોઈને એમની મસ્તીમાં વિઘ્ન પડે. અમને જોઈને દાંતીયું કરે. જાણે અમે એમના ખેલમાં વિક્ષેપ કર્યો. અમે વિશ્રામ લેવા થોડી વાર એમણે જોતા જોતા ઉભા

अरे देखो... उन वृक्षों को,
झुरमुट के नीचे से आगे जा सकते है।
मार्ग वहाँ होगा...
हम रास्ता भुल गये थे इस जंगल में।
रास्ता पूछें तो किसको ?



રહીએ તો આખી ટીમ દૂર જતી રહે, જાણે કહેતા હોય કે 'જાવ અમે બીજે ક્યાંક જઈને રમીશું' તેઓને જતા જોઈને અમે પણ આગળ વધવા લાગ્યા.

અમે ઘણા ઉપર આવી ગયા હતા. ઘડીયાળમાં ૪ વાગ્યા એટલે કે અમે ૨ કલાક ચાલ્યા. દૂર ક્ષિતિજ પર હિમશિખરો અમારુ અભિવાદન કરતા હતા. હજારો લાખો કરોડો મણ બરફ ખડકાયેલો પડ્યો હતો. એમાય સૂરજના કિરણો બરફમાં આર-પાર થઈને અનેરી શોભા વધારી રહ્યા હતા. આવી ઉત્કૃષ્ટ જીવંત કુદરતનાં શણગારને જોવાની હિંમત કોઈની થતી ન હતી. અંગે અંગ થાકી ગયું હતું, હવે તો ૧૦ મીટર ચાલીએ તોય પગ ઉપડતા જ ન હતા. શ્વાસ ભરાઈ જતો હતો. ગળું સુકાતું જતું હતું. બર્ફીલી તીક્ષ્ણ ઠંડી હવા સતત વહેતી હતી. અહીં વિચિત્ર વાત એ છે કે જેમ જેમ બરફની હવામાં ઉપર જઈએ તેમ તેમ ગળું સુકાતું જાય. ગમે તેટલું પાણી પીએ તોય ૨ મિનીટમાં તો ગળામાં શોષ

**अखरोड़ के पेड़ पर**
**कच्चे अखरोड़**



પડે. પેટમાં તો જગ્યા નહીં અને ગળું સુકાય. શું કરવું ? પેલા માનેન્દ્રને પૂછ્યું 'અરે ભાઈ ! હજુ કેટલું ચાલવાનું છે. તેને કહ્યું અભી આધા ઘંટા ચલના હૈ, ઉપર પહોંચ જાયેંગે.' ભલા માણસ ! તેં દોઢ કલાક કહ્યું હતું, અમે ૨ કલાક ચાલી ગયા છીએ અને હજુ અડધો કલાક કહે છે. તેણે કહ્યું 'પરંતુ આપ તો ધીરે ધીરે ચલતે હૈ ઐસે ચલેંગે તો એક ઘંટા ભી લગ શકતા હૈ !' માર્યા ઠાર આ 'ભૂતનો ભાઈ' હજુ તો એક કલાક ચાલવાનું કહે છે. ચાલવું જ પડશે, નહીં ચાલે અહીં બેસી રહેવાથી. પણ આ પગ તો જાણે ૫૦-૫૦ કિલોના થઈ ગયા હોય તેટલા ભારી લાગતા હતા. તોય ઢસડાતા પગે અમે આગળ વધતા રહ્યા છકૂટી ઉપર ૫૦ ફૂટ મોટા લાકડાના ઠુંઠા પડ્યા છે. કેટલાય ઉંચા ઝાડ તૂટીને આડા પડ્યા છે. અહીં અવરજવર કરતા કેટલાક લોકોએ આવા ઠુંઠા વચ્ચેથી કાપીને રસ્તો કર્યો છે. ભારી પવનમાં જુના ઝાડ પડી જાય. એમાંથીએ અમે તો ચાલ્યા. ખરેખર પરિક્ષાની ઘડીઓ હતી. હિમ્મત

**अखरोड़ के जंगल में**
**तनिक विश्राम**



હારી જઈએ તો ચાલે તેમ હતું જ નહીં. એમાં વળી શિખર પાછળથી જ મેઘરાજાનો ગર્જારવ ચાલું થયો. વીજળીઓ ચમકવા લાગી. 'ભગવાન! આ શું? અડધો કલાક પહેલા તો બધુ સમુસુતરું હતું અને અચાનક આ પધરામણી કેમ ? માનેન્દ્ર ભવિષ્ય ભાખ્યું.' 'સબ જલદી ચલો અભી બરફ કી બારીશ હોગી. ઉપર જલદી પહોંચ જાયે તો અચ્છા. યહાં સબ ઠંડી મેં ઠંડે હો જાયેંગે.' અમારા મુખમાંથી શબ્દો સરી પડ્યા હવે ? એ બોલતા તો બોલી ગયો·પણ અમે કંઈ જલદી ચાલી શકીએ





તેમ હતા જ નહીં. પણ એની સામે આવા ભયંકર વનમાં બરફના વરસાદની વચ્ચે અમારા કેવા હાલ થશે એની કલ્પના કરતા જ આખા શરીરે એક લખલખું આવી ગયું. આદીશ્વર દાદા ખરી પરીક્ષા કરી રહ્યા હતા. અષ્ટાપદ તીર્થ પર જવું કંઈ જેવા તેવાનું કામ નથી. અષ્ટાપદજી તો હજુ ઘણું દૂર છે એ પહેલાનાં શિખર પર ચઢવું પણ કેટલું ભારી ભરખમ અને ભયંકર છે. અમારી હાલતની કલ્પના કોઈ કરી જુઓ.



સવારથી અમે અવિરત પહાડ ચડ ચડ કરીએ છીએ, પગ પાકીને થાંભલા જેવા થઈ ગયા છે.

હૈયામાં શ્વાસ સમાતો નથી.

ગળું સુકાઈને લાકડા જેવું થઈ ગયું છે.

શીંગ ચણા તો ક્યારનાય હજમ થઈ ગયા છે.

હજુ આગળ કેટલું ચઢવાનું છે ખબર નથી. રસ્તા પર એકલા પથરા અને લાકડાના ઠુંઠા પડેલા છે.

ચીડ અને બીજા જંગલી સુકા પાંદડાના થર જામેલા છે.

ઉપર ગડડાંગ ગડડાંગ વરસાદ ગાજી રહ્યો છે.

આભ હમણા ફાટે કે હમણા ફાટે કઈ કહેવાય નહીં.

વિજળીના ચમકાર વધુ તેજ થવા લાગ્યા.

**हिमालयी जड़ीबुटीयों का भंडार**
**अलौकिक क्षेत्र में**
**जहाँ मनुष्यों की पदचाप**
**असंभव है ।**



ટાઢો હીમ પવન જોરથી વાતો ઉંચા ઉંચા વૃક્ષોને ડોલાવતો દોડ્યો જતો હતો. એક તરફ જંગલી જાનવરોની વચ્ચે અમે હતા. ગમે ત્યારે ગમે તે બાજુથી કોઈ પણ રીંછ કે દીપડો આવી શકે. કોઈની કંઈ ગેરંટી નહીં. અમે બધા એક સાથે ચાલી શકીએ તેમ હતા જ નહીં. કોઈ આગળ ચાલે કોઈ પાછળ ચાલે. વળી આ છકૂટી અમને એક સાથે ચાલવા દે તેવી ક્યાં હતી ?

બસ ભગવાન ભરોસે એકેક ડગલું આગળ વધતા હતા. ખરેખર ચોવિહાર છઠ્ઠ કરીને શત્રુંજય

**बड़े अजीब है ये फूल**
**एक-एक फूल के पीछे**
**एक-एक**
**पूंछ है इनके ।**



ગિરિરાજની ચોથી પાંચમી કે છઠ્ઠી જાત્રામાં ઘેટીપાગથી ઉપર ચઢતા હોઈએ એવું લાગે. પાણી વિના ગળું સુકાતું હોય અને છેક સાંજે છઠ્ઠી યાત્રામાં ઉપર ચઢતા હોઈએ. એથીએ વધુ વિષમતા તો અહીં હતી. થોડા ચાલીએ, થોડા બેસીએ, થોડા ઉભા રહીએ. શ્વાસ થોડો હેઠો બેસે ત્યાં બે ડગલાં આગળ વધીએ. ઉપર નજર કરી તો શિખર તો હવે ઘણું ઊંચુ ન હતું. પણ એ છેતરામણી સવારથી ચઢવા લાગ્યા ત્યારથી અમે જોઈ રહ્યા હતા. ઉપરનું શિખર લાગે હવે થોડું જ ઉપર છે. એના ઉપર અમે પહોંચીએ ત્યાં એની પાછળ જ નવું શિખર જન્મ લે. એ ચઢીએ ત્યાં ત્રીજું આ રીતે કેટલું ચઢી ગયા.

ઝીણો ઝીણો વરસાદ ચાલું થઈ ગયો છે. ક્યાંય ઉભા રહી શકાય તેવું છાપરું નથી કે ઝાડ નથી. ચીડના ઝાડનું ગજું નહીં વરસાદનું પાણી રોકવાનું. તોય એક ઘટાદાર વૃક્ષની નીચે અમે ઉભા રહ્યા પણ પેલો માનેન્દ્ર... એ કહેતો હતો 'ખડે મત રહો જલદી ચલો. બારીસ બઢ જાય

दोपहर के २.३० बजे है,
बिहड़ जंगल है, पाँव थके हैं,
अब तक कुछ खाया पीया नहीं,
पर्वत के उपर ऐसे जंगल से ही आगे बढ़ना है।
फिर भी, सदाबहार मुस्कुराहट...
अहो आश्चर्यम्।



ઉસસે પહલે હમ ઉપર પહોંચ જાયે. ઉપર ઝોંપડી જૈસા કુછ હોગા તો વહાં ઠહરેંગે !' એની વાત સાચી હતી હજુ તો થોડોક જ છંટકાવ ચાલુ થયો હતો, આટલામાં અમે ઉભા રહી જશું તો આગળ વધી નહીં જ શકીએ. અને આ વાતાવરણ આખી રાત બરફ વરસાવે તેવું નિશ્ચિત લાગતું હતું. અમે ચાલ્યા. ચાલે શું ? માટી અને પથ્થર વરસાદથી ભીના થવા લાગ્યા. સુકા પાન ઉપર તો પગ મૂકાય જ નહીં. પગ મૂક્યો તો લપસ્યા જ સમજો, ન ઉતાવળ થાય ન ઢીલ કરાય. ચાલ્યા ત્યાં મુ. સુવર્ણકળશ મ.નો

सुंदरता की सीमा नहीं,
एक अलौकिक औषधि...

પગ લપસ્યો, પડ્યા નીચે. પગમાં લાગ્યું. કમરમાં થોડું લાગ્યું. મૂઢ માર લાગ્યો. જેમ તેમ કરીને ઉભા થયા ત્યાં ઝીણી ઝીણી બરફની કરચો પડવા લાગી. હવે શું થશે. જલદી પગ ઉપાડો ક્યાંક પહોંચી જઈએ. પણ 'પહોંચિએ તો પહોંચિએ ક્યાં ?' ઘડીયાળમાં પાંચ સવા પાંચ થયા હશે. ત્યાં તો ઝીણો ઝીણો બરફ પડવા લાગ્યો. હવે તો આજુ બાજુ ક્યાંય જોયા વિના, અમે તો જેટલી હિમ્મત હતી એટલી ભેગી કરીને ઉપરની તરફ ચઢવાનું ચાલુ કર્યું. પણ હજુ તો ૨૦૦ ફૂટ ચાલ્યા ત્યાં જ માનેન્દ્રએ વિજય નાદ કર્યો. 'હમ ઉપર આ ગયે હૈ. સામને કુટિયા હૈ ચલો જલદી વહાં તક પહુંચના હૈ.'

હાસ ! પહોંચી ગયા. હવે તો પગમાં પાંખો આવી અમે સાવ શિખર ઉપર પહોંચી ગયા હતા. ૫૦ ફૂટ દૂર એકલી અટુલી કોઈક બાવાની મઢુલી હતી. બીજા બે ચાર ખંડેરોના લાકડા આમ તેમ વિખરાયેલા પડ્યા હતા. હમણાં એ બધુ જોવાની કોઈને ફુરસદ નથી, આ બરફની વચ્ચે લોહી જામી



ठंडी और बरसात दोनों से बचना है ।
रास्ता कोई भी हो अपना सामान
तो उठाकर ही चलना है हिमालय में ।
राजू और लाभभाई ।



જાય એ પહેલા ગમે તેમ પેલી ઝુંપડીમાં ભરાઈ જવું એ જ બચવાનો ઉપાય છે. ભાગો ઝટ...

અંતે અમે બધા, એ કુટીમાં આવી ગયા. કુટીમાં કોઈ ન હતું. કુટી સાવ નાની ન હતી. અમારા ૧૦ જણ માટે પર્યાપ્ત હતી. નીચા દરવાજા સામે જ હનુમાનજીની મોટી મૂર્તિ, એની આગળ ધુણી, એક બાજુ સુકા લાકડાની ભારી, એક તરફ વાસણ, ભોજનની સામગ્રી અને ૨૫-૩૦ ધાબળા. એક ટીપુ પણ અંદર ન આવે એવી અંદરથી પ્લાસ્ટીકની પેકીંગ. જાણે સાક્ષાત્ પ્રભુની ગોદમાં. ઉપર

हिमालय का आनंद
बने बनाये
रास्तों पर चलने से
नहीं आता ।



જંગલી લાકડાની છત હતી. હિમની હવાથી ઠુંઠવાએલા અમે બધા ઠંડીથી થરથર ધ્રુજતા હતા. પ્લાસ્ટિક ઉપર બરફના કરા પડવાનો અનરાધાર અવાજ બહારની સ્થિતિને સ્પષ્ટ કરતો હતો. પહેલા વટાણા જેવડા અને પછી સોપારી જેવડા મોટા બરફના ટુકડા વરસવા ચાલુ થઈ ગયા હતા. અમે સુરક્ષિત હતા. આવી તકલીફમાં પણ બધાનાં મુખ પર ખુશી હતી. જેટલા ધાબળા સાથે લાવેલા તે તો અમે બધા ઓઢીને બેસી ગયા અને કુટીના ધાબળાનો ઉપયોગ સાથે આવેલા ચારેય માણસોએ કર્યો.

**सावधान !**
**मैं उनसे ही अच्छा व्यवहार करती हूँ,**
**जो मुझसे दूर रहता है ।**
**हिमालय की औषधि**



હવે વાત રહી પાણીની, લાભભાઈએ આ ધુણીમાં જ નાની તપેલી જેટલું પાણી ગરમ કર્યું. સતત ૩ કલાક સુધી બરફ વરસતો રહ્યો. ૩ શું ૧૩ કલાક વરસે તો ય અમને હવે કંઈ તકલીફ ન હતી. અમે સુરક્ષિત હતા. રાત્રિ વિશ્રામ અહીં જ કરવાનું નક્કી થયું. ક્યાં જઈએ ? બહાર તો આખી સૃષ્ટિ બરફની સફેદ ચાદરથી ઢંકાઈ ગઈ છે. જ્યાં સુધી બધો બરફ પીગળી ન જાય ત્યાં સુધી બહાર પગ મૂકાય નહીં. બધા ઘણા થાક્યા હતા. અમે પણ પડિલહેણ, પ્રતિક્રમણ આવશ્યક ક્રિયા કરી વિશ્રામ કર્યો. રાત્રે કેવી મીઠી ઉંઘ આવી હશે ? કલ્પના કરી શકાય. પણ એ કલ્પના ઠગારી નીવડશે, એક તરફ આખું શરીર દુઃખે, બીજી તરફ આખી રાત ઝુંપડીની ચારે બાજુ કોઈ ને કોઈ જંગલી જાનવર આંટો મારી જતું. કદાચ જંગલી સુવ્વર હોય કે રીંછ, દિપડો હોય પણ આખી રાત ઝુંપડીની બહાર કોઈ ફર ફર કરતું હતું એ વાત પાકી છે. ઝુંપડીનો દરવાજો એક જાડા પ્લાસ્ટિકથી બાંધેલો

**गांजा**
**पूरा हिमालय भरा है**
**पौधों से...**



હતો, વળી બે ચાર લાકડા આડા દઈ દીધા. હનુમાનજીનો દીવો તો હતો જ. તેલ હતું. આખી રાત દીવો પ્રકાશ્યો. કાળીરાતના મોટા જાનવર તો અંદર ન આવે પણ નાના નાના સાપ વીંછી કે કાનખજુરા જેવા ખાસ પધારે. એ ક્યાં આવે છે એ જોવા માટે થોડુંક અજવાળું આવશ્યક હતું. એ માટે હનુમાનજીના દીવાએ પ્રકાશ પાથર્યો.

બહાર ઘણી ઠંડી હતી, અંદર તો ગરમાશ હતી કેટલાકે તો સારી ઉંઘ કરી કેટલાક પડખા ફેરવતા રહ્યા. કેટલાક આખા દિવસના પ્રસંગોને વિચારતા અર્ધનિદ્રાવસ્થામાં રહ્યા. કેટલાક ભૂખના દુઃખથી સુતા ન સુતા. સાંજે કોઈ કાંઈ જમ્યું ન હતું. જો કે એવું ભોજન કંઈ હતું જ ક્યાં ?

ઝુપડીમાં લોટ, મસાલો, દાળ, તેલ, વાસણ બધુ જ તૈયાર હતું પણ બનાવવાની કડાકુટ કરવામાં કોણ પડે. જોકે અમારે ચારે સાધુને તો એક વાર જ આહાર ગ્રહણ કરવાનો હતો. તો સાંજે ભોજનનો

**कुदरत का करिश्मा**
**वृक्ष के तने पर घांस उगी है।**



તો પ્રશ્ન ન હતો.

હા... આવા જંગલમાં કોણે કુટી બનાવી? આ બધી વ્યવસ્થા કોણે શા માટે કરી ? આ ઝુંપડીને કોણ સાંચવે છે ? એ સંબંધી આ શબ્દો મૌન છે. જેણે પણ આ બધુ કર્યું હોય તેને લાખ લાખ ધન્યવાદ. આજનો દિવસ યાદ રહેશે.

उल्लू राजा !
कैसे हो... ?



હિમાલયી કાચા રસ્તે ચાલવું એટલે પૂરેપૂરું જોખમ. ગમે ત્યારે ગમે તે થઈ શકે. તૈયારી રાખવી. વચ્ચે એક બાવા મળેલા તેમણે એક વાત કરેલી. 'હિમાલય મેં આના હૈ તો જાન મુટ્ઠી મેં રખની પડતી હૈ' તે વખતે તો કંઈ એવું લાગ્યું નહીં, પણ આજે સમ્યગ્જ્ઞાન પ્રગટ થઈ ગયું. પેલા બાબાની સાચી વાત હતી.

રોડે રોડ ૫૦ કિ.મી. ચાલવું સારું. ઝડપી ચલાય, ગમે ત્યારે વરસાદ પડે તો તરત જ ઉભા રહેવા માટે કોઈ ને કોઈ સ્થાન મળી જાય. અહીં એક વાર કપડા ભીના થયા પછી કેટલાય દિવસ સુધી સુકાય નહીં. હવામાં હવા રૂપે બરફીલું પાણી જ ઉડ્યા કરે છે. કપડા સુકાવવા માટે મૂકો તો ભીના થઈ જાય. એવા ઠંડા કપડા પહેરો તો શરદી તાવ કંઈક તો થાય. અતિશીતમાં અમે તો સુદર્શન ઘનવટીનો ઉપયોગ રાખ્યો છે. ઓછામાં ઓછી

**लगता है बरसाती जंगल में**
**आ गये हैं।**
**जंगली जानवरों का डेरा है,**
**कभी भी कुछ भी हो सकता है।**



૨ ગોળી તો રોજ લઈ લેવી. ઠંડકની અસર ઓછી થાય. પગના દુઃખાવામાં ફરક પડે.

સૌ સાજા સારા બીજા દિવસે મોડા ઉઠ્યા. જોઈએ તેવો થાક ઉતર્યો ન હતો. ઘડીયાળમાં ૬ વાગવામાં ૫-૬ મિનીટ બાકી હતી. ઝુંપડીનો દરવાજો ખોલ્યો. આખું અઝંવાળિયું આકાશ ઝુંપડીમાં પ્રવેશી ગયું. વાતાવરણ સાવ સાફ હતું. દૂર ટેકરીઓ પર સૂરજનો સોનલવરણો કુણો તડકો સૃષ્ટિને સોને મઢતો હતો. ઠંડી ઓછી હતી. અમે વિહાર કર્યો. હવે ઉતરવાનું જ હતું. બરાબર ૧૨ કિ.મી. ચાલ્યા પછી નંદગામ આવ્યુ. પથ્થર ઉપર પગ મૂકીને જ ઉતરવાનું હોવાથી ઉતરતા પગ પછડાય, ઢીંચણ અને સાથળની વચ્ચે નસો જામી જાય. અમે ૧૦ વાગે તો યમનોત્રી રોડ પર આવી ગયા હતા.

**देखो तो सही,**

**इन हिमालयी वृक्षों को भी फैशन का चटका लगा है।**

**ये भी फटे-कटे कपड़े पहनने लगे हैं।**

***- एक अजब गजब वृक्ष***



આવીને જોયું તો યમનોત્રી ૪૫ કિ.મી. બાકી. ખરેખર અમારી સાથે અન્યાય થયો, ગઈ કાલે બોર્ડ પર લખ્યું હતું '૩૦ કિ.મી. યમનોત્રી પૈદલમાર્ગ' એટલે જ તો અમે આ રસ્તે આવ્યા હતા. ૧૮+૧૮=૩૬ કિ.મી. તો અમે કાચા રસ્તે ચાલ્યા અને હજુ ૪૫ કિ.મી. બાકી. શું સમજવું, હવે આવી જ ગયા છીએ તો યમનોત્રી જઈને જ આવીએ. એક જ દિવસમાં અમારા ૮-૧૦ દિવસ વધી ગયા. ગઈ કાલે અમે ઉત્તરકાશી પહોંચી જાત, હવે ૧૦ દિવસ પછી પહોંચીશું. એક ખોટા બોર્ડે કેટલા

**हम**
**चंद्रलोक पर जाने हेतु**
**तैयार नहीं हुए,**
**-५° डिग्री तापमान है।**



ચલાવ્યા. જો કે એ બહાને યમનોત્રીની મુલાકાત થઈ ગઈ એ લાભ તો હતો જ. નહીં તો આખી હિમાલયની યાત્રામાં યમનોત્રી રહી જાત.

જે થયું તે સારા માટે, એક નવતર અનુભવ કરવાનો બાકી હશે તે થઈ ગયો.

મનમાં ઘણું હતું કે હિમાલયના શોર્ટકટ રસ્તાથી જલ્દી જલ્દી પહોંચી જઈશું પણ આજે અમારી પાસે ક્યારેય ન ભૂલાય તેવું અનુભવજ્ઞાન છે કે હિમાલયમાં કાચા રસ્તે જવું નહીં.

यह है वह झोपड़ी जिसने बर्फिल तांडव में हमें सहारा दिया था। रातभर इस झोपड़ी के आस-पास भालू-सुवर-चिते घूमते रहे। देखो झोपड़ी में दरवाजा भी नहीं है। प्लास्टिक ढक कर रखा था। प्रवेश द्वार पर रात का तापमान था -७°




### ગંગણાણી

વૈ.વદ ૧૦, ગુરૂવાર, તા. ૧૦.૦૫.૨૦૧૮

ઉંચા પર્વતથી મંગલ ઉતરાણ લગભગ ૧૦ વાગે થયું. અમે યમનોત્રી રોડ પર આવી ગયા છીએ. હજુ યમનોત્રી ૪૦ કિ.મી. આગળ છે. અમારી ધારણાથી કંઈક જુદુ

देखो, हम
यमुनोत्री रेंज में
प्रवेश करने जा रहे हैं।
थोड़ा विश्राम हो जाये,
फिर चलते हैं।



एक गुफा

જ થયું. શરીર તો થાકી ગયું હતું. મન પણ થાકી ગયું હતું. આજે અહીં જ ક્યાંક આસપાસ રોકાઈ જવાનું વિચાર્યું. અને થયું પણ એમ જ, એક કિ.મી. આગળ ચાલ્યા ત્યાં એક નાનકડા ઝરણાના કિનારે બંધ હોટલના બહાર પતરાના સેડ નીચે સારું સ્થાન મળી ગયું. હોટલનો માલિક બાજુમાં જ રહેતો હતો. અનુમતિ લઈને સાંજ સુધી રહ્યા.



હિમાલયના ચાર ધામની સ્પર્શનાની યોજનામાં અમારી પાસે દિવસો ખૂબ થોડા હતા. એટલે જ તો યમનોત્રી જવાનું માંડીવાળેલું, પણ આ હિમાલયનો શું વિચાર હશે. અમે પાછા આવી જ ગયા યમનોત્રીના રસ્તે. હવે જો વિલંબ કરીએ તો આગળના ત્રણ ધામમાંથી એક સ્થાને જઈ શકાશે નહીં એ નિશ્ચિત છે. જોકે આ બધું અમારા હાથમાં ક્યાં હતું. એક એક દિવસની યોજના

यमुना पुल पर...



અહીં હિમાલય જ બનાવે. યાત્રિકોને આગળ વધવા દેવા કે નહીં એનો નિર્ણય પણ હિમાલય લે. યાત્રિક મનમાની કરવા જાય તો ક્યાંક બરફનો વરસાદ થાય અથવા ભૂસ્ખલન થાય. યાત્રિકે હાર માનવી જ પડે. અમે પણ અમારી યાત્રા હિમાલયના નિર્દેશ મુજબ આગળ વધારી રહ્યા છીએ.

**सोचा था आगे रास्ता होगा,**
**चलते गये चलते गये रास्ता खत्म...**
**तब ???**
**नीचे तक नजर ही न पहुंचे,**
**उतनी बड़ी खाई ।**
**यह तो हिमालय है भाई...**



હવે વિચાર્યું ૪૦ કિ.મી. યમનોત્રી છે, તો ૨ દિવસમાં પહોંચવું જ. વળી ત્યાં જઈને ૬ કિ.મી. ઉપર પહાડ ચઢવાનો છે તે તો બોનસમાં એનું ત્યા જઈને વિચારીશું.

અમે જ્યાં આજે રહ્યા છીએ, ત્યાં પાછળ જ યમુનાના શ્યામસલિલ વહ્યે જાય છે. સૂર્યપુત્રી અને યમરાજાની બહેન કાલિન્દી યમુના પોતાના યમ અને શનિ બંને ભાઈઓ જેવી જ કાળી છે.

**पर्वत पुत्री यमुना का निर्मल श्यामसलिल**



ગંગા જેવું આકર્ષણ નથી. પણ, યમુનાનું આકર્ષણ જુદી જાતનું છે. જમનાના શ્યામલનીર ધરતી ઉપર અષાઢી મેઘની આભાને ધારણ કરતા હતા. આંખને ગમે... મનમાં રમે એવા હતા. સાધક જીવને અનંતસમાધિમાં લઈ જવા માટે યમુના કાંઠો વધુ ઉચિત છે. અહીં યાત્રિકોની અવર જવર ખૂબ ઓછી છે.

निर्जन पथरीले रास्ते से
चलती एक बस
कहीं अटक गये तो
कोई पानी पिलानेवाला नहीं ।



**जहाँ नदीयों में बादल बहते हैं...**

ત્રીજા ધોરણમાં ભણતો ત્યારે 'ગુજરાતી'માં પાઠ આવતો 'કદંબ', એમાં એક વાત આવેલી કૃષ્ણને કદંબવૃક્ષ ખૂબ વહાલું હતું અને બીજી આ કાલિંદી. એટલે જ કહેવાય છે કે 'કાનો રમે કાલીન્દીના કાંઠડે'. યમુનાનો પ્રાચીન ઈતિહાસ અતિ સમૃદ્ધ છે. ભલે શ્રી કૃષ્ણનું બચપણ હોય કે કાલિયાનાગનો વાસ હોય. કોસંબી નગરીની કોઈ પણ વાતમાં આ કાળુડી કાલીન્દીની વાત તો હોય જ. ખરેખર મને યમુના બહુ ગમે. વર્ષો પૂર્વે સૌ





પહેલા કાલપી (ઉ.પ્ર.)માં 'આ'ને જોઈ હતી. એ પછી કોસંબીમાં અને પછી ઈલાહબાદમાં ગંગાને મળતી હતી ત્યારે. એ પછી હમણા હમણા જ ૧૫ દિવસ પહેલા દિલ્હીથી નિકળ્યા ત્યારે.

યમુના ભલે કાળી છે પણ સુંદર છે. એણે જોઈને જ જુગજુના ઈતિહાસના



સંભારણા થઈ આવે. અહીંથી યમુનાનું ઉદ્ગમસ્થાન માત્ર ૪૦-૫૦ કિ.મી. દૂર છે તો પણ જલસમૃદ્ધિ સારી છે. દૂર સુધી જલઘોષ સંભળાય છે. સાંજે પણ અમારે જમનાના કિનારે કિનારે જ ચાલવાનું હતું. જેમ જેમ ઉપર ચઢતા જતા હતા, તેમ તેમ યમુના ઉંડી જતી હતી. ગિરિકંદરાઓમાં યમુનાનો ઘોષ બમણા પ્રઘોષ સાથે ગુંજાયમાન થતો હતો.

**घने जंगल के बीच**
**हिमालय और हिमनदी**
**यमुना का एक मनलुभावन दृश्य..**



વાતાવરણ આનંદદાયી હતું. ચાલવામાં ગરમીનો ત્રાસ ન હતો, પણ પગ ભારે થઈ ગયા હતા તેથી માંડ માંડ ચલાતું હતું. એક તો નાનો રોડ અને ઉપર સતત ચઢાણ, વળી પગ ભારે, છતાં હિમ્મત બમણી હતી. એમાય સતત સામે દેખાતા બરફના પહાડોનું આકર્ષણ જાણે અમારામાં શક્તિનો સંચાર કરી રહ્યું હતું. ચીડના ઝાડ ઓછા થતા જતા

**जहाँ का हर एक लम्हा लुभावना है।**



હતા. હવે ચીડના જ માસીયાઈ ભાઈ દેવદાર વૃક્ષ આવવા લાગ્યા અને સાથે સાથે અસલ ગુલાબના ગોટા જેવા ફૂલના મોટા મોટા ઝાડ જોવા મળ્યા. એ ફૂલની સુગંધ ગુલાબજેવી, રંગ, રૂપ, આકાર બધુ ગુલાબ ગુલાબ અરે એનો સ્વાદ પણ ગુલાબજળ જેવો. પણ એક જ ફરક ગુલાબ નાના નાના છોડવા ઉપર ઉગે અને આ મોટા ઝાડ પર. અહીં આ ફૂલ

पहाड़ी गाँव काली कालिन्दी
तार पर लटकता पुल
रजतरश्मि पत्थर पुंज
हरियाले खेत आनंद से
भर देने में पर्याप्त है।



'બુરાંશ' તરીકે ઓળખાય છે. આ ફૂલનો રસ કાઢી અહીંની લોકો શરબત બનાવી વેંચે. રસ્તામાં ઘણા સ્ટૉલ લાગેલા જોવા મળ્યા આજે તો.

આજનો રાત્રિ વિશ્રામ ખારાદીગામમાં એક બ્રાહ્મણના ઘરમાં થયો હતો. યમુના પાછળ જ ઘુઘવતી હતી, આજે માત્ર ૬ કિ.મી. ચાલીને આવ્યા છીએ.

**नवांगतुक महानुभावों का तहत दिल से स्वागत हिमालय द्वारा हिमशिखरों का विहंगम दृश्य...**



હિમાલયમાં આવ્યા પછી એવું લાગે અહીં હમ્મેશા માટે રહી જઈએ. જ્યાં જુઓ ત્યાં સુંદર સૌંદર્યનો શણગાર પાથરેલી પારાવાર સૃષ્ટીનું સામ્રાજ્ય છે. હિમાલય દિવસે જેટલો આહ્લાદક લાગે છે. તેથી વધુ સુંદર રાત્રે લાગે છે. આમ પણ ખાસ કહેવાય કે તીર્થ સ્થાનોમાં રાત્રે સુવું નહીં. તેમાંય હિમાલયમાં તો ખાસ એ વાતની સાવધાની

हिम निधि !
हम आ रहे है...



सूर्यास्त की वेला में
हिमालय

રાખવી. હિમાલયમાં રાત્રે સુવું નહીં કારણ કે હિમાલયની અગોચર દુનિયા રાતના જાગૃત થાય છે. એ દિવ્ય સૃષ્ટીને માણવાનો અપૂર્વ અવસર ખોવો જોઈએ નહીં. માનવ સંચાર સમાપ્ત થઈ જાય, પછી દિવ્ય ચેતનાઓ જાગૃત થઈ અપૂર્વ દશ્યો ખડા કરે છે. અમે તો ચાલીને હિમાલયની યાત્રા કરી રહ્યા છે. આવા અજબ ગજબના દશ્યો ઘણી વાર જોવા મળ્યા.



## ઓચરી

### વૈ.વદ ૧૧, શુક્રવાર, તા. ૧૧.૦૫.૨૦૧૮

આજે તો વિહારમાં ભારે મજા પડી, ૧૬ કિ.મી. ઉપર ચઢવાનું હતું. ચઢ્યા પછી રોડનાં વણાંકો આવે તો ભલે આવે. રોડ જેટલા વધું વણાંક લે તેટલા શોર્ટકટ વધુ મળે. પહાડ પર રોડ અજગર આકારે આગળ વધે. અડધો એક કિ.મી. રોડ ફરીને આવે ત્યાં તો અમે ટુંકી કેડીથી ઉપરના

**सुमसाम हिमालय में हम हैं अकेले...**



हिमालय की एक चोटी पर
आनंद मंगलजी...
देखो... दूर दिख रही गंगा कितनी
छोटी दिखती है और वह पहाड़ी गाँव... ?
जैन साधु की साधना की उंचाईओ
के सामने हिमालय भी छोटा है।

રોડે પહોંચી જઈએ, મજા આવે.

ગઈ કાલે વરસાદ પડ્યો ન હતો. આજે તો એક પણ વાદળાનું નામ નિશાન ન હતું એટલે સૂરજનારાયણને મજા આવી ગઈ. ઘણા દિવસની ગરમી ધરતી ઉપર ઉતારતા હતા. સવારે ૯ વાગ્યા સુધીમાં તો તડકો તમ તમ થવા લાગ્યો. અમે તો સાંભળ્યું હતું હિમાલયમાં ઠરીને ઠીકરૂ થઈ જવાય એટલી ઠંડી હશે પણ અહીં તો પાપડ શેકાય તેવી ગરમી છે. ઝાડનાં છાયામાં બેસતા બેસતા આગળ



વધ્યા, ચઢાણ આકરૂ હતું. યમુના સાથે હતી પણ ઘણી ઉંડી જતી રહી હતી.

અમે બેઠા હતા ત્યાં રસ્તામાં જ એક ગ્રામીણ બકરા ચરાવનારનો ભેટો થઈ ગયો. ૨-૪ વનસ્પતિઓની જાણકારી લીધી. ખાસ કરીને વિચ્છુઘાસનું શાક બનાવવાની ટેકનીક તેણે બતાવી. વિચ્છુઘાસનાં કાંટાવાળા પાન લઈને પાણીમાં ત્રણ વાર ધોઈ નાખવા પછી તેને લસોટીને લોટમાં મેથીની ભાજી જેમ શાક બને. કેવું ગજબ કહેવાય ? આ ઘાંસને ભૂલથી અડી જઈએ તો ૨૪ કલાક

**ओ स्वर्णकलशजी !**
**आपके अंतर की**
**उंचाईयों के आगे**
**हिमालय भी छोटा हो गया ।**



સુધી ચામડી ચચર્યા કરે અને અહિંના લોકો તેનું શાક બનાવી આરામથી ઓહીયા કરી જાય.

વળી એક ઝીણા ઝીણા લાલ, પીળા, કેશરી ફૂલવાળું ઘાસ જેવી જ કંઈક વનસ્પતિ હતી. અહીં તેના ફૂલોની ખટ્ટી મીઠી ચટની બનાવવાનો રીવાજ છે. ગાય, ભેંસને ખાવા માટે જંગલી ઝાડનો ઉપયોગ થાય છે. અહીં દુધાળ પશુઓ માટે ઘાંસ ઉગતું જ નથી, ગમે તે ખવડાવીને કામ ચાલે છે. ગાયો તો સાવ નાની નાની હોય. ભેંસ તો ઠીક ઠીક હોય. પણ બકરા... ? બકરાની તો શું વાત કરાવી, તે તો લાંબા લાંબા લીસા વાળવાળા હોય અને મોટા મોટા શીંગડા. બકરાની જુદી જ જાત હતી. એ તો કંઈ ને કંઈ ચર્યા કરે, એમને બધુ ચાલે.

૧૬ કિ.મી. ચાલવામાં વચ્ચે ૮-૧૦ ઠેકાણે પાણીના મોટા મોટા વહેણ આવીને યમુનામાં મળી ગયા. એક વહેણ તો સીધું બરફના પહાડ ઉપરથી જ આવતું હતું. અમે બાજુમાં ઉભા રહ્યા તો ઠંડીથી ઠરી ગયા, દાંત તો શું ખખડે. આખું હાડ ખખડવા માંડ્યું. જલ્દી ત્યાંથી આગળ વધી તડકામાં ઉભા રહ્યા ત્યાં માંડ થોડી ગરમી આવી. હવા આટલી

**देखो, यह पेड़ कितना उँचा है।**
**साधु महाराज को**
**देखकर अंदाज लगा लो।**



ઠંડી છે તો પાણી કેટલું ઠંડુ હશે. ખૂબ અજબ ગજબની સૃષ્ટિ છે ખરેખર.

ઘડીયાળમાં કાંટો ૧૦ પર પહોંચ્યો હતો, હજુ સુધી ક્યાં રોકાવાનું છે કંઈ ખબર નથી. ગવેષણા ચાલુ છે. ગામ છે પણ અડધો કિ.મી. ડુંગરથી નીચે ઉતરવું પડે તેમ છે. રોડ ઉપર જ કંઈક સ્થાન હોય તો નીચે ઉપર ઉતર ચઢ કરવી નહીં. સ્થાનની ગવેષણા થાય ત્યાં સુધી અમે બસ સ્ટેશનમાં બેસીને જ પ્રભુદર્શન આદિ આવશ્યક ક્રિયાઓ આટોપી લીધી. ત્યાં જ એક કિ.મી. દૂર એક

इतना नीला आकाश
धरती पर कहीं
देखने नहीं मिलता...
कालिन्द ग्लेशियस्



સારું સ્થાન મળી ગયું. અમે ત્યાં પહોંચ્યા એક ઘર હતું. ઘર તો શું કહેવું એક કાચું છાપરું અથવા ઢાળીયું કહો તો ચાલે. એક જુના જમાનાના ભાભા બેઠેલા ૨ વર્ષની એક નાની ઢીંગલી પાસે હતી. કદાચ પોતરી હોય કે દોયત્રી. તો અમે પહોંચ્યા તેમના ઘરે. તેમણે હાથ જોડીને અભિવાદન કર્યું. હિમાલયી ડોસાને અમારી વાત કરી. કહ્યું કે અમે ગુજરાતથી આવ્યા છીએ. અમે જૈન સાધુ છીએ. આજે સાંજ સુધી અમારે અહીં વિશ્રામ કરવો છે. શું અમે અહીં રહી શકીએ. પેલા હિમાલયના



સગાભાઈ જેવા પેલા વૃદ્ધે કહ્યું. બાબાજી ! આપ ગુજરાત સે યહાં તક પૈદલ ચલકર આયે હો ? અમે કહ્યું હા ભાઈ ! ચાલીને આવ્યા છીએ. આખા હિમાલયમાં પગે ચાલીને જ સ્પર્શના કરવાના છીએ. આજે તમારે ત્યાં અતિથિ છીએ. પેલાભાઈએ કહ્યું બાબાજી ! આપ ભોજન મેં ક્યા લેંગે. અમે કહ્યું જો હમે ચલેગા વૈસા લેંગે, નહીં તો હમારે સાથ આદમી હૈ વો કર લેગા સબ. વૃદ્ધઉવાચ - આપ ઈતની દૂર સે આયે હો તો ચાય તો પીઓ. બિસ્કીટ ખાઓ, નાસ્તા કરો. આપકી સારી વ્યવસ્થા હો જાયેગી. અમે કહ્યું અમે આ બધુ ન લઈએ. અમે તો એકવાર દાલ-રોટી લઈશું બસ. પેલો વૃદ્ધ આશ્ચર્યમિશ્રિત અહોભાવથી અમને જોતો રહી ગયો. બાજુનાં એક નાના રસ્તાથી અમને ઢાળીયાની નીચે લઈ ગયા તો ત્યાં એક ત્રણ રૂમનું ઘર હતું. બહાર વરડો પણ મોટો. અમે તો વરડામાં જ જમાવ્યું. ભાભા પણ ભાવિક હતા. ''આ તમારું જ છે જે જોઈએ તે વાપરો તમારા જેવા સાધુ સંતો અમારી ઝુંપડીમાં ક્યાંથી ?'' અમે ત્યાં રોકાયા. આખાય પરિસરમાં એક નજર દોડાવી. અમે ઓશરીમાં

**हमें कहाँ पता था कि**
**शोर्टकट इतना भारी पड़ेगा ।**



બેઠાછીએ. થોડી દૂર લાકડાનું રાંધણીયું બનાવેલું છે. એક બાજુ કપડા ધોવાનો આરો છે. ચારે બાજુ ગુલાબનાં છોડવા છે. અહિં એક સાથે ૧૦-૧૫ ગુલાબના ગોટાનું ગુલ્મ લાગે. ગુલાબ મોટા અને લાલ ચટક થાય. અહિંના પીપુડા જેવા જંગલી આછા ગુલાબી રંગના ફૂલોએ પણ ગુલાબની સાથે જ રહેવાનું પસંદ કર્યું હતું. દૂરથી જુઓ તો જાણે રાજા રાણી લાગે. ભરાવદાર ગુલાબનો રાજા જેવો રુઆબ અને પેલા નાના પોયણાની નમણી કાયારાણી. ખરેખર એક જમાનાનો રાજ પરિવાર હશે. એવું લાગે એમ બેઠા ત્યાંથી ૧૫ ફૂટ આગળ તો ઉંડી ખીણમાં જમનાજી વહી રહ્યા હતાં ૩૦૦-૪૦૦ ફૂટ નીચે. નજર નાખી, નજર પહોંચે નહીં ત્યાં સુધી પાણી વહેતું હતું. બાકી ચારે તરફ ઉંચા ઉંચા અડીખમ શિખરો. ૭-૮ કિ.મી. સુધી તો અમારી નજર પહોંચતી હતી. બહાર તડકો અને અંદર શીળો મંદ મંદ પવન વાતો હતો. શમશીતોષ્ણ વાતાવરણ ખૂબ ગમ્યું. આરાધના સારી થઈ. સાંજે અમે વિહાર કર્યો ત્યાં સુધીમાં ઘરના ૩-૪ સદસ્ય આવી ગયા હતા.

हिम शिखर के नीचे



સાંજે ૪.૦૦ વાગે વિહાર પ્રારંભ કર્યો. અમારી આનંદ યાત્રા આગળ વધી, ચાલવામાં કોઈ ઉતાવળ નથી. મંથર ગતિ એ આગળ વધવાનું છે. કલાકના ૩ કિ.મી. ચાલશું તો પણ આરામથી પહોંચી જવાશે. સૂર્યાસ્ત તો ૭.૦૦ વાગે થશે. અમે ચાલ્યા, ૩ કિ.મી. ચાલ્યા ત્યાં સ્યાનાચટ્ટી આવ્યું. ત્યાંથી કાચી કેડીમાં ચઢી ગયા, સીધુ ૨ કિ.મી. ઓછું થઈ ગયું. પણ બાજુમાં રહેલા બિચ્છુઘાસને હાથ ઘસાઈ ગયો. ખતમ વાત... બળતરા ચાલું થઈ ગઈ. ઘણા દિવસથી જેની વાત

**आज का विश्राम स्थान**
**हाँ... यह हमारा भारत हैं,**
**यह हमारा हिमालय हैं,**
**यह हमारा स्वर्गलोक हैं...**



हिमालय की वादीयों में देवी मंदिर

ચાલતી હતી તેનો પ્રત્યક્ષ પ્રભાવ સાક્ષાત્ અનુભવાતો હતો. બીજું શું થઈ શકે સહન કરવું જ રહ્યું. ઉપયોગ રાખ્યો હોત તો ન થાત. ૩-૪ કલાક તો સરખી વેદના રહી પછી ધીરે-ધીરે ઓછી થતી ગઈ. આજનું રાત્રિવિશ્રામસ્થલ રાનાચટ્ટી સ્કુલમાં હતું. આ રસ્તે કદાચ પહેલી વાર કોઈ જૈન સાધુ આવ્યા હશે. આજુ બાજુ રહેતા સ્કુલના ૪-૫ ટીચર આવી ગયા. અમારી પૂછપરછ કરી. અમારે તો એટલું જ જોઈતું હતું. લગભગ પોણો કલાક જૈન સાધુ અને જૈન ધર્મ સંબંધી જાણકારી આપી. એ




लोकी अचंबामां पडी जाय ते सहज छे.

લોકો અચંબામાં પડી જાય તે સહજ છે. પહેલા તો અમને સ્કુલની બહાર વરંડામાં રહેવાની અનુમતિ પણ માંડ માંડ આપી. પછી તો રૂમ આપી અને છેલ્લે તો ઓફીસરૂમ ખોલી આપવા માટે પણ કહ્યું. પણ અમારે એની જરૂર ન હતી. રાત્રે ઠંડી ખૂબ હોય તેથી રૂમ આવશ્યક હતી. હાં... યમુના પાછળ જ હતી કલકલ નાદમાં ક્યાં ખોવાઈ ગયા એ ખબર ન પડી. છેક સવારે ૪ વાગે ભળભાંકળું થયું ત્યારે ખબર પડી. અહીં વહેલી સવારે ૪ વાગ્યામાં થોડું થોડું અજવાળું થવાનું ચાલુ થઈ જાય.

**चलो, आ गये स्यानाचट्टी
अभी तो और आगे चलना है,
रानाचट्टी से ७ कि.मी. दूर है,
कोई शोर्टकट मिल जाये।**




લગભગ પોણા છ એ સૂર્યોદય થશે. કેટલાક પક્ષીઓ વિવિધ સુરતાલમાં મધુર ગીતો છેડી દે.

જ્યારથી હિમાલયની ગિરિમાળામાં પ્રવેશ કર્યો છે. ત્યારથી ઉંઘ અને આહાર ખૂબ ઓછા થઈ ગયા છે. કદાચ અહિંના વાતાવરણનો પ્રભાવ હોય. ૪-૫ કલાકની નિદ્રા તો ભયો ભયો. પ્રયત્ન કરવા છતાં પણ એથી વધુ ઉંઘ આવતી નથી. અને આહારમાં પણ ઘણો કાપ મુકાઈ ગયો છે. પાણી સાવ હળવું છે. વાપરીએ એટલે તરત પચી જાય.

**एक पहाड़ी गाँव
नाम है
रानाचट्टी**



## યમનોત્રી

### વૈ.વદ ૧૨, શનિવાર, તા. ૧૨.૦૫.૨૦૧૮

આજે તો ૧૦-૧૨ કિ.મી. ચાલવાનો વિચાર હતો. વિચાર્યું હતું જાનકીચટ્ટી જઈને ક્યાંક રોકાઈ જઈશું પછી સાંજે ૬ કિ.મી. પહાડ ઉપર યમુનોત્રી પહોંચી જઈશું. પણ ધાર્યું થયું નહીં. જાનકીચટ્ટી પહોંચ્યા ૮ વાગે. હનુમાન આશ્રમમાં રહેવાની વ્યવસ્થા થઈ ગઈ. આશ્રમના બાપુ ભલા

**चलेंगे तो थकेंगे,**
**थकेंगे तो बैठेंगे,**
**बैठेंगे तो पहुँचेंगे...**



હતા. ઉંમર તો ૭૦ ઉપરની હશે, પણ અમારા માટે રહેવાની બધી જ વ્યવસ્થા કરી આપી અને અન્નક્ષેત્રમાં આહારમાટે પણ આમંત્રણ આવી ગયું. ધર્મશાળા તો ખૂબ મોટી છે. આવ્યા - ગયા કોઈ સાધુ સંત માટે જ આટલી મોટી વ્યવસ્થા રાખી છે. અન્નક્ષેત્ર ચાલુ છે. કોઈ ચાર્જ લેવામાં આવતો નથી. અમે પહોંચ્યા પરમાત્માની દર્શનવિધિ આટોપી ત્યાં બાવાજી સૂચન આપી ગયા, ''તુમ લોગો કો ધુમ્રપાન કરના હો તો બહાર જાકે કરના અંદર મત કરના.'' અમે કહ્યું અમે ધુમ્રપાન કરતા નથી.

आगे ही आगे
बढ़ाये जा कदम...



અમારે કોઈ બીડી, સિગારેટ, તમાકુ, ગુટખા કે ગાંજાનું વ્યસન નથી. અમે તો ચા પણ નથી પીતા. બાવાજી ખુશ ખુશ થયા કહે કે 'બહુત અચ્છા મેં ભી ચાય નહીં પીતા' ખુશી સે રહો, કોઈ સેવા હો તો કહેના !' અમે હકારમાં માથું હલાવ્યું.

દર્શનવિધિ કરીને બધા બેઠા હતા. ઠંડી ખૂબ હતી, શીતાગારમાં અંધારું પણ હતું. વિચાર્યું હમણા જ યમનોત્રી પહોંચી જઈએ હજુ તો પોણા ૯ થયા છે. ૬ કિ.મી. ચઢવાનું છે દોઢ ૨

- ५° डीग्री तापमान में
खुल्ले पांव चलते
जैन साधु को वंदना...



કલાકમાં તો ઉપર. રહેવાની જગ્યા મળી તો રાત રોકાશું નહીં તો પાછા નીચે. ગાય તો બાંધેલી જ છે.

'ગાય બાંધવી' એટલે 'રહેઠાણ નક્કી કરવું' અમારો કોડવર્ડ છે. બધા તૈયાર થઈ નિકળી પડ્યા. પાત્રા ઉપધિ લેવાના હતા બીજું તો આગળ જોઈ લઈશું. તો ચાલ્યા યમનોત્રી તરફ.

જાનકી ચટ્ટી છેલ્લું ગામ છે. અહીં સુધી રોડ છે. ગાડીમાં આવનારા યાત્રીને અહીં સુધી આવે પછી ઉપર ફરજીયાત ચાલીને જ જવું પડે. જોકે અહીં ખચ્ચર, કંડી, ડંડીની વ્યવસ્થા રાખેલી છે. જે પગે ચાલી ન શકે તે આનો ઉપયોગ કરી શકે. કેટલાક માણસો ખચ્ચર ઉપર આગળ વધે. ખચ્ચર ઉપરથી પાછા નીચે સુધીના ફિક્સ ભાવ ૧૩૨૦ રૂપીયા. કંડી એટલે બાસ્કેટ, વાંસની પટ્ટીમાંથી બનાવેલી મોટી બાસ્કેટમાં બેસાડી એક મજૂર

**गुफानुमा इस मार्ग से**
**पहुँचा जाता है,**
**हिमालय के शिखर पर...**

*- यमुनोत्री प्रवेश द्वार*



લઈ જાય. જેવું વજન તેવા ભાવ, ૮૦૦ થી ૨૦૦૦-૨૨૦૦ સુધી આવે. અને ડંડી એટલે ડોલી, ૪ માણસ ઉપાડીને લઈ જાય. ૪૦૦૦-૫૦૦૦ રૂ. ભાવ છે. જેને જે અનુકૂળતા હોય તેમાં આગળ વધે. અમારે તો પરમાત્માની કૃપા સાથે છે. એ જ ડંડીને એ જ કંડી. ધીરે - ધીરે ઉપર ચઢતા ગયા. થાકનો પાર નહીં. ડુંગરા ખુંદ્યા હતા તેનો થાક તો હજુ ઉતાર્યો ન હતો તેમાં આ કઠણ ચઢાણ ચઢવાનું આવ્યું.



યમનોત્રી પરિસરમાં અમે લગભગ ૧૨ વાગે પહોંચ્યા ત્યાં યમુના વિહાર ધર્મશાળામાં એક ઓરડી અમને આપવામાં આવી. આખી ધર્મશાળા જૂની લાકડાની હતી. ઉપર પતરા હતા. સામે યમુનાજીનું મંદિર હતું. ભીડ ઘણી હતી. અમે ગયા નહીં, સાંજે જઈશું. બધા ચાલ્યા જાય પછી મંદિરની મુલાકત લેવાનું વિચાર્યું. હમણા તો થાક ઉતારવાની તજવીજમાં લાગ્યા. યમુનોત્રીના મુખ્ય મંદિરમાં શ્રી કૃષ્ણ, ગંગા, યમુનાની પાષાણ પ્રતિમા એક નાની યમુનાની ધાતુ પ્રતિમા છે. વિધિની

**कालिंद पर्वत की चोटी**
**आज तो दिख गई**
**अहा... हा.. हा..**
**क्या शुकून है ?**



यमुनोत्री

यह है बंडी (बास्केट)
जिसमें बैठकर
यात्रा होती है।
छोटेलाल ! कैसे हो... ?

વિચિત્રતાં કંઈ ઓછી નથી આવા ઠંડાગાર બરફની અંદર પણ ગરમ પાણીનું એક ઝરણું વહ્યું આવતું હતું. એ ઝરણું થોડું આગળ વધીને જમુનામાં મળી જતું હતું. આ ઝરણાની એક ધારા ગરમપાણીના કુંડમાં જતી રહેતી. ગરમ ઝરણામાં ધુમાડા કાઢતું ગરમ પાણી ખૂબ નીકળે છે. લોકો ચમત્કાર માને છે. પણ પત્થરમાં જ ગંધક જેવી ધાતુ હોય તેનાથી ઘસાઈને આવતું પાણી ગરમ થઈ જાય. એક નાનકડા કુંડમાં ગરમ પાણી ઠલવાતું હતું. ખદખદતું પાણી ખૂબ ગરમ હતું. લોકો એમાં ચોખાની



પોટલી નાખીને ચોખા સીજવતા હતા. પાંચ મિનીટમાં તો ચોખા ભાત થઈ જાય. આ જ યમુનોત્રીનો પ્રસાદ. સાંજ સુધી યાત્રિકોની ભીડ લાગેલી રહી. સાંજે અમે ઉપરવાસ તરફ થોડા આગળ નીકળ્યા, સાવ નિર્જન એક સ્થાને આસન જમાવ્યું. આજુ બાજુની ચર અચર સૃષ્ટી કંઈક વિચિત્ર લાગી. કાલિન્દ પર્વત શિખરની નીચે યમનોત્રી મંદિર છે. શિખર ઉપર જામેલા બરફ જેમ જેમ પીગળે તેમ તેમ પાણીનો પ્રવાહ મોટો થઈ તળેટી તરફ ધોધમાર આગળ વધે. અમે અહીં એવી જગ્યાએ બેઠા છીએ જ્યાં બરફમાંથી હમણા જ પીગળેલું પાણી થોડી ક્ષણોમાં અમારી બાજુમાંથી જતું રહે. એ પણ અતિશીઘ્ર ગતિથી કદાચ જો કોઈ તેમાં ૩ સેકંડ જેટલા પણ ઉભા રહે તો શરીરનું લોહી જામી જાય. એક તરફ ભીષણ ઠંડી, શિખર ઉપર બરફ અને એ જ બરફનું નીચે આવતું ધસમસતું પાણી જો પ્રવાહમાં તણાઈ ગયો તો છેક હરિદ્વાર ભેગા થાય. ખૂબ જ સાચવીને બાજુની શિલા ઉપર અમે ગોઠવાઈ ગયા. હું,

यमुनोत्री धाम



यमुनोत्री धाम
यमुनाजी मंदिर
घंट बजाते लाभभाई

આનંદમંગલ વિ., રત્નયશ વિ., સ્વર્ણકલશ વિ. સૌએ મનપસંદ કાળમીંઢ શિલા શોધિને આસન જમાવ્યું. લાભભાઈ - રાજુ સંજય આમ તેમ ફરવા લાગ્યા. અમારી નજર આખાય યમુનોત્રી ક્ષેત્રનું નિરીક્ષણ કરી રહી હતી. રહી રહીને હૃદયમાં કંઈક ભેદી ડરની લહેરખી આવતી. ઘણું વિચાર્યું, આમ કેમ થાય છે ? પણ થોડી વાર બેઠા પછી સમજ આવવા લાગી કે આ ધરતીનો પ્રભાવ છે. ચારે તરફ કૃષ્ણવર્ણનું સામ્રાજ્ય ઘેરૂં થતું થાય છે. જો કે સૂર્યાસ્તને તો હજુ ઘણીવાર છે. લગભગ દોઢ કલાક



બાકી છે પણ આખું ય યમુનોત્રી ક્ષેત્ર કોઈક વિચિત્ર કાલિમાથી આચ્છાદિત છે. કાળમીંઢ પત્થરો કાળા. કાલિક પર્વત કાળો. અરે વૃક્ષો ઉપર પણ કૃષ્ણરાજીનું સામ્રાજ્ય છવાએલું હતું. વાતાવરણ પણ કાળી કાળી આભાથી ભરેલું. તેમાંય કાલિન્દી યમુનાનું પાણી કાળુ. નદીની કાંકરી વાળી રેતી કાળી. પત્થર કાળા. શ્યામવર્ણનું સામ્રાજ્ય અવિરત અમારા મનને કંઈક અગમ્ય ભય તરફ લઈ જતું હોય તેવું લાગ્યું. અરે આંખ મીંચીને ધ્યાન કરવાનો પ્રારંભ કર્યો તો કેમે કરીને મનની સ્થિરતા થાય નહીં.

जमीन से निकलता गरम पानी
गरम पानी के कुंड में कपड़े में
बांधकर चावल पकाये जा रहे हैं।
ठहरो... २ मिनट में चावल तैयार।
बर्फिले पहाड़ों पर गरम पानी का झरना ?
गजब है कुदरत।



મનમાં ઘેરા ભયના ભણકારા વાગે. પણ આવું અમને કેમ થાય છે ? સાચે જ અમે વધુ બેસી શક્યા નહીં. છેવટે ૧૦-૧૨ મિનીટમાં અમારે ઉભું થવું જ પડ્યું. છતાં અમે લગભગ અડધો કલાક કાલંદીનું નિરીક્ષણ કર્યું. કંઈક અગમ્ય આભાસ થઈ રહ્યો હતો. હજુ તો અમે ત્યાંથી આગળ વધવાનો વિચાર કરી રહ્યા હતા. ત્યાં તો કાલિંદ પર્વત પાછળથી કાળુડિભાંગ વાદળું ગર્જના કરતું ચઢી આવ્યું. અમે વિચારીએ ત્યાં તો આખા વાતાવરણની કાલિમામાં હજાર ગણો વધારો થઈ ગયો. વાતાવરણ સ્તબ્ધ થઈ ગયું. જાણે હમણા જ પ્રલયકાળની મેઘવર્ષા પડશે. હવે અહીં વધારે ઉભું રહેવાય નહીં. આગળ વધવાનું તો વિચારવાનું શક્ય જ નથી. અમારા ડગલા પાછા અમારા મુકામ તરફ વળ્યા. વાતાવરણ હજું વધારે ઘેરૂં બનતું જતું હતું. કદાચ અમે અમારી ધર્મશાળાએ નહીં પહોંચી શકીએ. પગ વધારે ઝડપી ઉપાડ્યા પણ હજુ તો અમારે યમુના પાર કરવાની હતી. વળી એ ઉપર લાકડાની છુટા પાટીયાનો પુલ

**यमुनोत्री**

**न सोचा हुआ सब कुछ होता है,**
**हिमालय में...**
**यह भी कहाँ सोचा था कि**
**ऐसा चलना होगा हिमालय में ।**

*- यमुना का एक तेजस्वी रुप, उस पर छोटा पुल*



બનાવેલો ખૂબ સંભાળીને ચાલવું પડે. 'ઓઘનિર્યુક્તિ' નામના આગમ સૂત્રમાં પુલના વિવિધ પ્રકારો પ્રતિપાદન કર્યા છે. તેમાં એક પ્રકાર છે. 'સપ્રત્યપાય ચલ અનેકાંગીક સંક્રમ' આ પુલ પણ એવો જ હતો. 'સપ્રત્યપાય' એટલે ક્યારે પડી જવાય તે કંઈ કહેવાય નહીં. 'ચલ' એટલે અસ્થિર હતો. 'અનેકાંગિક' એટલે જુદા જુદા ઘણા લાકડાની પાટીયાથી બનેલો પૂલ. એવા પૂલ ઉપર અમે પહોંચ્યા. ખૂબ સંભાળીને આગળ વધવાનું હતું. નીચે તો જમનાનો ઘસમસતો કાળો પ્રવાહ ચાલ્યો જાય. જાણે ભયાનક ભૂતાવળ ભાગતી હોય એવો પ્રવાહ અમે પાર કર્યો. હવે તો પગ વધુ ઝડપે ઉપડવા લાગ્યા. પણ હજુ યમુના નદી ઉપરનો એક લોખંડનો પુલ પાર કરવાનો હતો. જો કે તે તો મજબુત હતો. પૂલ પાર કરીએ ન કરીએ ત્યાં તો ઉપરથી બરફનાં ટુકડા પડવા ચાલુ થયા. એ તો સારૂં થયું દોડીને અમે અમારી ધર્મશાળામાં પ્રવેશી ગયા. પૂલને અડીને જ તો ધર્મશાળા હતી. જેવા ધર્મશાળામાં પહોંચ્યા ત્યાં

*यमुनोत्री*

**कालिंदपर्वत से निकलती**
**कालिंदी यमुना की आद्यधारा**

*- यमुनोत्री क्षेत्र*



તો 'મેઘ તાંડવ' ચાલુ થઈ ગયું. બરફના અસંખ્ય ટુકડા અત્ર તત્ર સર્વત્ર વરસવા લાગ્યા. ચારે બાજુ બરફનું એક છત્રી સામ્રાજ્ય છવાઈ ગયું. સતત ૨ અઢી કલાક બરફ પડ્યો. અમે તો સાવ સુરક્ષિત હતા. પાણીનું ટીપુંય અમને લાગે તેમ ન હતું. બીજા યાત્રિકોને ખૂબ ત્રાસ થયો. કારણ કે બધા જ યાત્રિકોએ ફરજીયાત નીચે ઉતરી જવું જ પડે. હજુ ૬ કિ.મી. ઉતરવાનું એમને બાકી હશે. અને આ બરફનો વરસાદ. કેટલાક લપસી પડે, કેટલાક ઠરી જાય, કેટલાકનો પગ જ ન ઉપડે. છતાં ગમે તેમ કરી નીચે પહોંચવાની મહેનત કરે. તેઓના પ્રોગ્રામ પ્રમાણે સાંજે જ બસમાં બેસી જવાનું હોય. રાત્રિ વિશ્રામ ઉત્તરકાશી થાય, ૨-૪ જણ ન ઉતરે તો આખી બસ રોકવી પડે.

રાત્રે તો સાવ એકાંત હતું. અમે એકલા અને થોડાક આર્મીમેન આમ તેમ આંટા મારતા હતા. ઠંડી વધી ગઈ હતી. ચારે બાજુ વાતાવરણ બરફમગ્ન હતું. રોડ ઉપર - ઘરની છત ઉપર - ધર્મશાળા - પતરા ઉપર - મંદિર ઉપર - વૃક્ષો

**कालिंद पहाड़ के नीचे**
**कालिंदी के उद्‌गम स्थान पर**
**काले-काले शिलाखंड पर**
**काल विजयी प्रभु का ध्यान...**

ઉપર ૬ ઈંચ જેટલા બરફના પડ લાગી ગયા હતા. જેમ જેમ રાત જતી હતી તેમ તેમ વાતાવરણ અતિશીત બનતું જતું હતું. બધા દરવાજા બંધ કરીને ઠંડીથી બચવાના પ્રયત્નમાં લાગેલા છે. કાળરાત્રી સરકવા લાગી અમે પણ નિદ્રાદેવીની ગોદમાં સરકી ગયા.

સવારે અમારી રૂમનો દરવાજો ખૂલ્યો તો જાણે ચાંદી જેવું ચળકતા અજવાળાનો ધોધ અમારી રૂમમાં આવી ગયો. સૂરજ ઉગી ગયો હતો, પણ એતો શિખરની પાછળ હતો. યમુનોત્રી જ્યાંથી નીકળે છે તે કાલિંક પર્વતના શિખર ઉપર સવારે બરફ હતો. સાંજે બધો પીગળી ગયો. પીળુ ઘાસ દેખાવા લાગ્યું. રાત્રે વરસાદના કારણે પાછો બરફ જામી ગયો હતો. એ સિવાયના કોઈ શિખર પર બરફ દેખાતો નથી એ વાતનું સુખ છે ક્યાંય પાણી કે બરફની વિરાધના થઈ નથી.

અહીં યમનોત્રીમાં નાનું બજાર છે. પૂજાપાની સામગ્રી વહેંચાય અને મીઠાઈ ફરસાણની દુકાનો ગુજરાતીઓનું મન મોહી લે. યમુનોત્રી, ગંગોત્રી આદિ યાત્રા કરવામાં ૬૦ ટકા ગુજરાતીઓ આવે. ખરેખર ગુજરાતી એટલે ગુજરાતી. ગમે ત્યાં પહોંચી જાય, અને તીર્થોમાં તો સૌથી પહેલા હાજરી હોય. આ તો યમુનોત્રી છે પણ કન્યાકુમારી કે રામેશ્વરમ્ જેવા દૂરના ક્ષેત્રો હોય તો પણ ગુજરાતીઓ મળી જાય. ભારતનું કોઈ તીર્થ ગુજરાતીઓ વગર એક દિવસ પણ ખાલી નહીં હોય.

આવા ભયંકર હળાહળ કળજુગમાં પણ ભારતમાં ધર્મશ્રદ્ધા કેટલી મજબૂત છે, એનો સાક્ષાત્કાર અહીં થાય. ભૌતિકવાદ જેટલો વધે તેટલો વધવા દો પણ લોહીમાં જે શ્રદ્ધાભક્તિ છે તે કંઈ ઓછી થાય નહીં. રોજની કેટલીય બસો યાત્રિકોની ઠલવાય છે. નાની નાની કાર જીપ આદિનો પાર નથી.

બીજા દિવસે અમે નીકળ્યા, રસ્તો સાવ ખાલી હતો. કોઈ યાત્રિક ન હતું. બધા નાસ્તો પાણી કરીને ઉપર ચઢવાનું ચાલુ કરે. ૯.૦૦ વાગી જાય, ત્યાં સુધી તો અમે નીચે પહોંચી જઈશું. જે વિચાર્યું હતું તેમ જ થયું. ૯.૩૦ વાગ્યા સુધી તો અમે નીચે ઉતરી ગયા. જાનકીચટ્ટીમાં હવે રોકાવાનું કંઈ પ્રયોજન ન હતું. વળી ૫૦ કિ.મી. સુધી ઢોળાવવાળો જ રોડ હતો. આજે જેટલું ચલાય એટલું ચાલી જ લેવું છે. સવારે ૨૬ કિ.મી. ચાલીને પેલા વૃદ્ધના ઘરમાં આખો દિવસ વિશ્રામ કરી સાંજે ૫ કિ.મી. ચાલી પાલગાડ આવ્યા ત્યાંથી વળી બીજા દિવસે ૨૫ કિ.મી. ચાલીને છટાંગા પહોંચ્યા. અહીં છત પર અખરોટના ઝાડ નીચે એક લાકડાના પાટિયાનું છાપરૂં બનાવેલું છે. ત્યાં દિવસે વિશ્રામ કરી પાછા સાંજે ૭ કિ.મી. એક નાનકડા ગામમાં આવ્યા. ઉતરાણ પુરૂં થયું. હવે ચઢાણ ચાલું થઈ ગયું છે.

આવ્યા ત્યારે કાચા રસ્તાથી આવ્યા હતા, પણ વિરાધનાના કારણે હવે ૪૦ કિ.મી. ફરીને રોડે રોડે જવાનું વિચાર્યું છે. ૧૮ કિ.મી. ઉપર ઘાટ ચઢવાના છે. રોડ ખૂબ ફરીને જાય છે. ભલે જાય પણ અમે તો રોડે રોડે જઈશું. વિરાધના નથી કરવી.

યમનોત્રીથી ૪ દિવસમાં તો અમે ઉત્તરકાશી પહોંચી ગયા ૧૦૮ કિ.મી. ચાલ્યા.













